वर्ष : 2 ✦ अंक : 2
માર્ચ-એપ્રિલ, 2012
સળંગ અંક : 8

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

If I have to suggest only one reform in education system, I would like to suggest that examination system should be reformed.

**- Radhakrishnan Commission, 1948-1949**

*

વિદ્યાની પરીક્ષા જેણે પ્રથમ શોધી તેણે વિદ્યાનું નિકંદન કાઢ્યું છે. પરીક્ષા આવી એટલે વિદ્યા પાછળ ગઈ, પરીક્ષા આગળ થઈ, વિદ્યા એ સંસાર ઉપર કાબૂ મેળવવા માટે હતી, પરીક્ષા આવી એટલે સંસારે વિદ્યા ઉપર કાબૂ મેળવ્યો. પરીક્ષા પેઠી એની સાથે વિદ્યામાં સંસાર પેઠો, એટલે કે સંસારનાં મૂલ્યો વિદ્યામાં પ્રવેશ્યાં.... પરીક્ષાપદ્ધતિને પરિણામે ભણાવનાર અને ભણનારનો સંપર્ક શિથિલ થઈ ગયો છે. ...વિદ્યાની સાધના એ પરીક્ષાની સાધના બની ગઈ છે. પરીક્ષામાં ફળ મળી જાય તો પરીક્ષાની બીજી સવારે એ વિદ્યાનો છાંટો પણ મગજમાં રહ્યો ન હોય તો વાંધો નહિ. એ ફળ (અને નહિ કે વિદ્યા) પ્રાપ્ત કરવામાં બધો પુરુષાર્થ, છેલ્લા દિવસોમાં – બલકે રાતોમાં – એની સાધના ચાલે.

**– ઉમાશંકર જોશી, 1950**

*

In the present system, when the future of the students is totally decided by one external examination at the end of the year, students pay minimum attention to the teachers, do little independent study throughout most of the academic year and has cram for the final examination. The crippling effect of external examination on the quality of work in higher education is so great that examination reforms has become crucial to all progress and has to go hand in hand with improvements in teaching.

**- Dr. Kothari Commission, 1964-66**





મહામહિમ રાજ્યપાલશ્રી ડૉ. શ્રીમતી કમલા બેનીવાલના વરદહસ્તે ઍવોર્ડ સ્વીકારતાં
શ્રીમતી આર. જી. કન્યા વિદ્યાલય, ગાંધીનગરનાં સ્કાઉટ કેપ્ટન શ્રીમતી મંજુલાબહેન ચૌધરી




ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના ઉપક્રમે આયોજિત શુભેચ્છા સમારોહનું
દીપપ્રાક્ટ્ય કરતા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ,
મંડળના ઉપપ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ અને પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી આર. સી. રાવલ

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

कर भला होगा भला

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૨, અંક : ૨, માર્ચ-એપ્રિલ, ૨૦૧૨; સળંગ અંક : ૮

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | સંપાદકીય : પરીક્ષા પદ્ધતિ | ૧ |
| ૨. | પરીક્ષા | ૫ |
| ૩. | શિક્ષણ વિમર્શ | ૧૦ |
| ૪. | ગાંધીવિચારની પ્રસ્તુતતા | ૧૩ |
| ૫. | અમે મનુષ્ય છીએ | ૧૭ |
| ૬. | જૈને હૈયે – હોઠે વિદ્યાની જ વસંત... | ૧૯ |
| ૭. | આલોક | ૨૧ |
| ૮. | જ્ઞાનયુગ, ઉચ્ચશિક્ષણ...ગ્રંથપાલની ભૂમિકા | ૨૫ |
| ૯. | A Patient's Faith in Doctor | ૩૩ |
| ૧૦. | કડી વિશ્વવિદ્યાલય પ્રકાશન પ્રવૃત્તિ | ૩૪ |
| ૧૧. | ગ્રંથસૌરભ<br>– ઈન્ટરવ્યૂ ટેક્નિક્સ<br>– પત્રકારત્વના પ્રવાહો | ૩૫ |
| ૧૨. | સંસ્થા-વૃત્ત<br>– યુનિવર્સિટી/કૉલેજ વિભાગ<br>– શાળા વિભાગ | ૪૦ |


**પત્રવ્યવહારનું સરનામું**

**મણિભાઈ પ્રજાપતિ**

ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
કડી સર્વ વિશ્વવિદ્યાલય,
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. : ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### પરીક્ષાપદ્ધતિ

માર્ચ માસ એટલે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં વાર્ષિક પરીક્ષાઓ શરૂ કરવાની મોસમના પ્રારંભનો માસ. જોકે હવે સેમેસ્ટર પદ્ધતિનો અમલ શરૂ થયો હોવાથી વર્ષમાં બે વખત પરીક્ષાઓ લેવાની થાય છે, તેની સાથે સાથે આંતરિક પરીક્ષાઓ પણ ખરી ! આમ એક યા બીજા સ્વરૂપે પરીક્ષાપ્રક્રિયા સતત ચાલુ રહેતી હોય છે, પરિણામ સ્વરૂપે અધ્યાપનકાર્ય ઠીક ઠીક ખોરવાતું જોવા મળે છે. આપણી શિક્ષણ–પ્રણાલી પરીક્ષાકેન્દ્રી હોવાથી અધ્યયન–અધ્યાપનની તુલનાએ પરીક્ષા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. વિદ્યાર્થી સ્નાતક કે અનુસ્નાતક કે અન્ય કોઈ કોર્સના અભ્યાસ દરમિયાન ખરા અર્થમાં કેટલો જ્ઞાનસમૃદ્ધ થયો, વિષયને કેટલો પચાવી શક્યો કે તેની મૌલિક વિચારશક્તિ કેટલી ખીલી ઊઠી છે તે જોવાના સ્થાને તે કેટલા વધુ માર્ક્સ સાથે ઉત્તીર્ણ થયો છે તેના આધારે સમાજ તેને સન્માનિત કરતો જોવા મળે છે. આ મનોદશાથી વિદ્યાર્થીઓ – સમાજ / વાલીઓ – શિક્ષકો આદિ સૌ ગ્રસિત છે.

આપણી આ પરંપરાગત પરીક્ષાપ્રણાલી શું વિદ્યાર્થીનું ખરેખર મૂલ્યાંકન કરવા કારગત નીવડે તેટલી સક્ષમ છે ખરી ? પરીક્ષાતંત્રની પારદર્શિતા – અણિશુદ્ધ પ્રામાણિકતાપૂર્ણ સંચાલન અને પરીક્ષાપદ્ધતિ સામે સમાજમાં ચોમેરથી અનેકવિધ પ્રશ્નોની ઝડી વરસાવવામાં આવી રહી છે. પરીક્ષાપદ્ધતિ સુધારણા સંદર્ભે છેક ૧૯૦૨માં નિમાયેલ, 'Indian University Education Commission' દ્વારા ઊહાપોહ શરૂ કરવામાં આવ્યો હતો, જે એક યા બીજા સ્વરૂપે આજે પણ ચાલુ છે. ૧૯૦૨ના, કમિશને નોંધ્યું હતું કે : 'The greatest suffers is that teaching is subordinate to examinations'. ૧૯૪૯માં ડૉ. રાધાકૃષ્ણને પણ કહ્યું હતું કે મારે શિક્ષણપદ્ધતિમાં કોઈ એક સુધારો સૂચવવાનો હોય તો સૌપ્રથમ હું પરીક્ષાપદ્ધતિમાં સુધારણા કરવાનું સૂચન કરું. ડૉ. કોઠારી કમિશને પણ આ જ મતલબનો સૂર વ્યક્ત કર્યો હતો. 'Plan of Action of National Policy on Education (1991)'માં પણ શિક્ષણમાં ગુણાત્મક સુધારા લાવવા માટે પરીક્ષાને કામમાં લેવા સૂચવ્યું છે.

પ્રવર્તમાન પરંપરાગત પરીક્ષાપદ્ધતિ સામે સમાજના વિવિધ વર્ગોમાંથી નીચે મુજબની ફરિયાદો સાંભળવા મળે છે.

- ગોખણવૃત્તિને પોષે છે.
- વિદ્યાર્થીએ અભ્યાસકાળ દરમિયાન મેળવેલ વિષયનું તલસ્પર્શી જ્ઞાન વગેરે બાબતોને આવરી લેતા સર્વાંગી મૂલ્યાંકનનો અભાવ.
- પરીક્ષાલક્ષી અધ્યાપનના કારણે ગુરુ–શિષ્યના આદર્શ સંબંધોના સ્થાને ગ્રાહક અને વ્યાપારી જેવી પરિસ્થિતિનું થતું જતું નિર્માણ.
- નિયત અભ્યાસક્રમનો કેટલોક ભાગ વિકલ્પ તરીકે અભ્યાસક્ષેત્રની બહાર ગણીને તેનું અધ્યયન ન કરવાના વલણને ઉત્તેજન આપવું.
- પ્રાશ્નિકો અને પરીક્ષકોમાં મૂલ્યનિષ્ઠ Accountabilityનો અભાવ
- બીબાંઢાળ પ્રશ્નો પૂછવા
- એક જ વ્યક્તિ દ્વારા પ્રતિદિન કેટલાક કિસ્સામાં ૧૦૦ કે તેથી વધુ ઉત્તરવહીઓ તપાસવી
- માર્ક્સ આપવામાં અમર્યાદ ઉદારતા (કેટલાક અભ્યાસક્રમોમાં / માર્ક્સ આપવાની શરૂઆત જ પ્રથમ વર્ગથી કરવામાં આવતી હોવાથી આ પરિણામો કેટલે અટકતાં હશે તેની કલ્પના જ કરવી રહી !)
- પ્રાયોગિક અને મૌખિક પરીક્ષાઓમાં છૂટા હાથે માર્ક્સ
- અંશતઃ આંતરિક મૂલ્યાંકન પ્રથાનો અમલ ખરો, પરંતુ તટસ્થતાપૂર્ણ મૂલ્યાંકનનો અભાવ અને માર્ક્સ આપવામાં અનુચિત ઉદાર વલણ.
- કોઈ વિષયમાં ગણતરીના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવતા હોય છે ત્યાં માર્ક્સની લ્હાણી.
- અધ્યાપકો દ્વારા પરીક્ષા–ખંડોમાં નિરીક્ષક તરીકેની કામગીરી સંભાળવા માટે ઉદાસીન વલણ.
- પરીક્ષા ખંડોમાં ચોરીઓનું વ્યાપક પ્રમાણ. કેટલાક માટે આ હેતુસર આંખ આડા કાન તેમજ ખાસ બેઠક વ્યવસ્થા કરવાની મનોવૃત્તિ.
- પરીક્ષણ કાર્યમાં થતી ગેરરીતિઓ અટકાવવા માટે કેન્દ્રિય પરીક્ષણ પ્રથા આવકાર્ય પરંતુ આવાં કેન્દ્રોમાં જ ગેરરીતિઓ આચરવામાં આવે છે, અને સહેતુ પસંદગીની વ્યક્તિઓ / કૉલેજોને કેન્દ્રિય પરીક્ષણ કેન્દ્રો ફાળવવામાં આવે છે.
- ગેરરીતિઓના આચરણ દ્વારા ઇચ્છિત માર્ક્સ અને સુવર્ણચંદ્રક મેળવાય છે. આવા કથિત સિદ્ધિધારકો યુક્તિ–પ્રયક્તિઓથી યુનિ-વર્સિટીના પરીક્ષાતંત્ર કે યુનિવર્સિટીના

ભાગ્યવિધાતાઓ બની બેસતા હોય છે, જેના પરિણામે પરીક્ષાની વિશ્વસનીયતા નિ:સંદિગ્ધ-પણે જોખમાય છે.

- સ્પેશિયલ સ્કોર્ડો દ્વારા પરીક્ષાખંડોમાં ક્વચિત્ માનસિક સંત્રાસ અને ભયનું વાતાવરણ પેદા કરવું.
- પરીક્ષા વ્યવસ્થાતંત્રની ચોકસાઈના અભાવે વિદ્યાર્થીઓને સમયસર રિસિપ્ટ ન મળવી, બેઠક વ્યવસ્થાના પ્રશ્નો ઊભા થવા, પેપરો ફૂટી જવાની ઘટના.
- પરિણામો જાહેર કરવામાં અસહ્ય વિલંબ. ક્વચિત્ પાછળના સત્રની પરિક્ષાનું પરિણામ જાહેર થયુ ન હોય અને ચાલુ સત્રની પરિક્ષા આડે ગણતરીના દિવસો જ બાકી રહ્યાં હોય તેવી સ્થિતિ.
- યુનિવર્સિટી દ્વારા પ્રિન્ટ કરવામાં આવતાં માર્કશીટ અને પ્રમાણપત્રમાં કેટલાક કિસ્સાઓમાં યુનિવર્સિટી પક્ષે ગંભીર ભૂલો હોવા છતાં તે સુધરાવવા માટે વિદ્યાર્થીઓને વેઠવી પડતી સંઘર્ષયાત્રા.
- પર્યાપ્ત કર્મચારીઓના અભાવે પરીક્ષા વ્યવસ્થાતંત્રમાં ઊભી થતી શિથિલતાના પરિણામે ગેરરીતિઓનો પ્રાદુર્ભાવ.
- ગેરરીતિઓના કેસોમાં સજા માટે વહાલા–દવલાની નીતિ.

આ પ્રકારની ફરિયાદોની એક લાંબી યાદી તૈયાર થઈ શકે. પરંતુ જ્યાં સુધી નીતિ નિર્ધારકો, વાલીઓ, વિદ્યાર્થીઓ અને પ્રબુદ્ધ વર્ગમાં Accountability – ઉત્તરદાયિત્વ વહન કરવાની ભાવના પેદા નહીં થાય ત્યાં સુધી કડક નિયમો પણ કારગત નીવડી શકશે નહીં. આ સંબંધી ચોક્કસ નિયમો અને તેનો અમલ જરૂરી ખરો. પરંતુ આ નિયમોના પાલનની પ્રેરણાનો ઉદ્ગમ સ્રોત છે મૂલ્યનિષ્ઠ શિક્ષણપ્રથા, જ્યાં સુધી આપણી કેળવણીમાં જ ખામી હશે ત્યાં સુધી અપેક્ષિત પરિણામ હાંસલ કરવું દોહ્યલું છે. પ્રવર્તમાનકાલિન શિક્ષણ - વર્ગખંડ શિક્ષણની દુર્દશાના ચિત્ર માટે આ અંકમાં સમાવિષ્ટ ડૉ. દાઉદભાઈ ઘાંચીનો લેખ જુઓ (પૃ. ૨૯).

શિક્ષણ સુધારણા ઉપરાંત આ સંબંધી કેટલાંક પ્રાવધાનો જરૂરી બની રહે છે, જેમકે :

- પ્રત્યેક પેપરદીઠ પ્રશ્નબેંક તૈયાર કરાવીને કમ્પ્યૂટર આધારિત પેપર સેટિંગની પ્રથા અમલમાં મૂકવાથી પેપર ફૂટી જવાના પ્રશ્નો હલ થશે. તેમજ જ્યાં શક્ય હોય ત્યાં ICT નો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવાનું રાખવું.
- અધ્યાપકોને વેકેશન દરમિયાન પણ પરીક્ષા સંબંધી સઘળી કાર્યવાહી જેમકે પરીક્ષાખંડમાં નિરીક્ષણ, ઉત્તરવહીઓનું મૂલ્યાંકન વગેરે ફરજના ભાગ તરીકે સોંપવી અને તેમણે તે સ્વીકારવી.
- પરીક્ષકોને પ્રતિદિન નિયત કરેલ સંખ્યામાં જ ઉત્તરવહીઓ તપાસવા સોંપવી અને સોંપેલ ઉત્તરવહીઓ નિયત સમયમર્યાદામાં તપાસાય તે જોવું અર્થાત્ લઘુત્તમ સમયમાં મહત્તમ ઉત્તરવહીઓ તપાસવાના કર્મકાંડ ઉપર નિયંત્રણ મૂકવું.
- સેન્ટ્રલ એસેસમેન્ટનું વ્યવસ્થાતંત્ર સંભાળવાની જવાબદારી પ્રામાણિક વ્યક્તિ / વ્યક્તિઓને સોંપવી અને યોગ્ય નિયંત્રણ ગોઠવવું.
- ડમીનંબર પ્રથાનું રહસ્ય અકબંધ જળવાઈ રહે તેવો પ્રબંધ કરવો
- વર્ષ દરમિયાનની વિદ્યાર્થીની સઘળી પ્રવૃત્તિઓને ધ્યાને લઈ ખરા અર્થમાં કસોટીપૂર્ણ આંતરિક મૂલ્યાંકન તટસ્થતાપૂર્ણ થાય તેવું સુદૃઢ માળખું તૈયાર કરવું અને તેનું સાંગોપાંગ નિર્વહણ થાય તેમ કરવું. ઉદા.

તરીકે ઇંગ્લેડમાં કેટલાક અભ્યાસક્રમોમાં અનુસ્નાતક કક્ષાએ વાર્ષિક પરીક્ષા લેવામાં આવતી નથી, પરંતુ વર્ષભેર સતત ચાલતી એસાઈન્મેન્ટ, લઘુશોધ નિબંધ વગેરે પ્રવૃત્તિઓને આધારે વિદ્યાર્થીઓનું સતત મૂલ્યાંકન થતું રહે છે. મૂલ્યાંકનના આધારે વિદ્યાર્થીઓને વર્ષાન્તે ગ્રેડ એનાયત કરવામાં આવે છે, જેમાં કોઈ ઊહાપોહ સાંભળવા મળ્યો નથી.

- પરીક્ષાલક્ષી અધ્યયન–અધ્યાપનના સ્થાને વિદ્યાર્થી ખરા અર્થમાં જ્ઞાનવાન અને સામર્થ્યવાન બને તે માટે શિક્ષણપ્રથામાં અને મૂલ્યાંકનપ્રથા (પરીક્ષાપદ્ધતિમાં) પરિવર્તન લાવવું.
- સ્નાતક અને અનુસ્નાતક ડિગ્રી સ્તરે પ્રત્યેક પેપર ખરા વ્યવહારમાં બે પરીક્ષકો તપાસે અને બંનેના મૂલ્યાંકનના આધારે સરેરાશ માર્ક્સ આપવાની પ્રથા અમલમાં મૂકવી.
- પરીક્ષાઓમાં ગેરરીતિઓ આચરનારાઓ પ્રતિ કઠોર પગલાં લેવાં.
- સ્નાતક અને અનુસ્નાતક પરીક્ષાઓમાં કોઈ વિદ્યાર્થી પ્રાપ્ત પરિણામથી અસંતુષ્ટ હોય અને કોઈ એક કે એકથી વધુ વિષય /વિષયો (પેપર કે પેપરોમાં) પુનઃ પરીક્ષા આપી પોતાનું પરિણામ સુધારવા ઇચ્છતો હોય તો તેને તેમ કરવાની અનુમતિ પ્રદાન કરવી. ઉદા. તરીકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં આ પ્રકારની જોગવાઈ છે.

આ સંદર્ભે પ્રવર્તમાન પરીક્ષાપદ્ધતિની મર્યાદાઓને દો–ટૂક શબ્દોમાં રેખાંકિત કરીને તેના વિકલ્પે સતત આંતરિક મૂલ્યાંકન પ્રથા અપનાવવાની હિમાયત કરતા કોચીન યુનિવર્સિટી ઑફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના પૂર્વ કુલપતિ પ્રો. કે. ગોપાલનના શબ્દો દૃષ્ટવ્ય બની રહે છે :

"The present system of examination has been the major contributing factor to the inordinate strain, slackness, corruption and inefficiency everywhere in our higher education system. It encourages selective study and rote learning, and discourages innovative teaching and serious and sustained study. It is replete with serious deficiencies and has erdoded the credibility and validty of the degress awarded. This should be dismantled and replaced with a system of continous and comprehensive internal assessment which will eliminate examination fear, evaluate student's proficiency, encourage regular study habits, facilitate continuous feedback on performance and help to improve it, ensure teachers' accountability and help the teachers in self-assessment. The teacher who teaches a course has to have the responsibility for assessing and grading a student. There should not be any secrecy about any part of the assessment. If continuous internal assessment is introduced in all institutions, there will be a thorough decentralization in the examination system which will pave the way for real competition where the best alone will stand the test and serve... We have no choice except to introduce this system in the entire sector of higher education."

– મણિભાઈ પ્રજાપતિ

# પરીક્ષા

**ઉમાશંકર જોશી**

વિદ્યાની પરીક્ષા જેણે પ્રથમ શોધી તેણે વિદ્યાનું નિકંદન કાઢ્યું છે. પરીક્ષા આવી એટલે વિદ્યા પાછળ ગઈ, પરીક્ષા આગળ થઈ. વિદ્યા એ સંસાર ઉપર કાબૂ મેળવવા માટે હતી, પરીક્ષા આવી એટલે સંસારે વિદ્યા ઉપર કાબૂ મેળવ્યો. પરીક્ષા પેઠી એની સાથે વિદ્યામાં સંસાર પેઠો, એટલે કે સંસારનાં મૂલ્યો વિદ્યામાં પ્રવેશ્યાં.

હું સ્પર્ધાત્મક પરીક્ષાપદ્ધતિની વાત કરું છું. બાકી પરીક્ષા તો રહેવાની જ. મર્દોની પરીક્ષા ક્ષણે ક્ષણે થતી હોય છે. દોર ઉપર, રસ્તે ચાલતો હોય એવી આસાનીભરી છટાથી, ચાલનાર નટની ડગલે ડગલે પરીક્ષા હોય છે, એમ સંસારના ક્ષુરધારાપંથ ઉપર ચાલનારની પરીક્ષા તો શ્વાસે શ્વાસે ચાલતી હોય.

પણ વિદ્યાપ્રાપ્તિમાં પરીક્ષાનો જે ઠઠારો ઊભો કર્યો છે તે શા માટે ? વિદ્યાર્થી અમુક વિદ્યા મેળવવા આવ્યો છે એ વિદ્યા હસ્તગત કરી છે કે કેમ તે જાણવું અલબત્ત જરૂરી છે. વિદ્યા મેળવનારે વિદ્યાનો દુનિયામાં ક્યાંક વિનિયોગ તો કરવાનો રહેશે જ, એ વખતે અમુક વિદ્યાનો પોતે સ્નાતક છે એવું કહે તો એટલી એને સરળતા રહે. દુનિયાને પણ નિરાંત રહે કે અમુક વિદ્યામાં આ સ્નાતક છે એટલે ઓછામાં ઓછું આટલું તો જાણતો હશે. પણ વિદ્યાર્થીને સ્નાતક થયો જાહેર કરવા માટે એને પરીક્ષાના યંત્રમાં ઘાલીને પીલવાની જરૂર ખરી ? ભણાવનારે જો એને ધ્યાનપૂર્વક ભણાવ્યો હોય તો વખત પાક્યે એ પોતે જ એને 'જા, ભાઈ, તું સ્નાતક છે !' એવા આશીર્વાદ સાથે સંસારમાં ન મોકલે ? પણ એ તો ક્યારે બને કે જ્યારે ભણાવનાર ભણનાર સાથે એટલા ઘનિષ્ઠ સંપર્કમાં આવ્યો હોય અને સમાજમાં એ ભણાવનારની એટલી શાખ હોય કે એના પ્રમાણપત્રનું વજન પડે.

પરીક્ષાપદ્ધતિને પરિણામે ભણાવનાર અને ભણનારનો સંપર્ક શિથિલ થઈ ગયો છે. શિક્ષણ એટલે ખરું જોતાં ગુરુ અને શિષ્યોનો જીવંત સંપર્ક. જે ગુરુમાં ચૈતન્યની જ્વાળા છે તે શિષ્યમાં પણ એવી ચૈતન્યની જ્વાળા જગાવે એમાં શિક્ષણની ચરિતાર્થતા છે. પરીક્ષા શિક્ષણના આ લક્ષને મોળું પાડે છે, ધૂળમાં મેળવે છે એમ કહીએ તોપણ ભાગ્યે જ અત્યુક્તિ કહેવાય. શિષ્યને થાય કે પરીક્ષામાં આપણે યેનકેન પ્રકારેણ નામ કાઢીશું – કાંઈ નહિ તો ઉત્તીર્ણ તો થઈશું જ, તો પછી ગુરુના ચૈતન્યનો પડઘો પાડવાની અભીપ્સા સેવવાની એને ઝાઝી જરૂર ન જ જણાય.

વિદ્યાર્થી વિદ્યાનો અર્થી મટીને ધીમે ધીમે પછી પરીક્ષાર્થી થઈ જાય તો એમાં આશ્ચર્ય પણ શું ? ગુરુ પણ એને વિદ્યાર્થી કરતાં પરીક્ષાર્થી તરીકે જ જોવા ટેવાઈ જાય એટલે એને વિદ્યા આપવાને બદલે પરીક્ષા માટે તૈયાર કરવા જ પ્રેરાય. આજે કેટલા બધા શિક્ષકો-અધ્યાપકો પરીક્ષા માટે શિષ્યોને તૈયાર કરવા પૂરતું જ પોતાનું કર્તવ્ય માને છે ! વર્ગમાં 'નોટ્સ' (નોંધો) ઉતરાવવાની પદ્ધતિનો પ્રચાર જોવાથી એનો ખ્યાલ આવશે. ઘણા વિષયો તો સમય સાથે ખાસ વિકાસ પામતા પણ હોતા નથી. દા.ત., ગણિત, સંસ્કૃત, તત્ત્વજ્ઞાન એની નોંધો વરસોવરસ એ જ રૂપે ઉતરાવવામાં અધ્યાપનની ઇતિશ્રી માની લેવામાં આવે છે. એક વિદ્યાર્થી વર્ગમાં નોંધ લેતો ન હતો. અધ્યાપકોને પરીક્ષા

વખતે પોતાના જ ઉતરાવેલા શબ્દો પાછા વાંચવા મળે એ બહુ ગમે છે. (એમાં શો આનંદ હશે એ માનસવૈજ્ઞાનિકોએ તપાસવા જેવું છે.) અધ્યાપકને થયું કે બિચારાને પરીક્ષા વખતે સોસવું પડશે. સહાનુભૂતિના સ્વરે એમણે પૂછ્યું, 'તમે કેમ નોંધ લેતા નથી ?' જવાબ મળ્યો : 'મારા પિતાજીએ લીધેલી નોંધો ઘેર પડી છે. એ આપના જ વિદ્યાર્થી હતા.'

વિદ્યાની સાધના એ પરીક્ષાની સાધના બની ગઈ છે. પરીક્ષામાં ફળ મળી જાય તો પરીક્ષાની બીજી સવારે એ વિદ્યાનો છાંટો પણ મગજમાં રહ્યો ન હોય તો વાંધો નહિ. એ ફળ (અને નહિ કે વિદ્યા) પ્રાપ્ત કરવામાં બધો પુરુષાર્થ. છેલ્લા દિવસોમાં – બલકે રાતોમાં – એની સાધના ચાલે. એક કૉલેજના છાત્રાલયના વિદ્યાર્થીઓ રસ્તા સામેની હોટેલમાં રાતે સ્ફૂર્તિ રહે એ માટે ચા પીવા જતા, ત્યારે હોટલવાળો એમને સામેથી પૂછતો : 'સાહેબ, એક વાગ્યાની ચા જોઈએ કે બે વાગ્યાની ?'

પરીક્ષામાં આવડતનો આંક કાઢવાની પદ્ધતિએ પણ આડો આંક વાળ્યો છે. ઉત્તરપત્રો તપાસવામાં પરીક્ષકની એ વખતની વૃત્તિ સારો એવો ભાગ ભજવે છે. ગૃહિણી સાથે જરીક ચડભડ થઈ હોય અથવા જેની બહુ રાહ જોવાતી હોય તે પ્રેયસીનો પત્ર આવ્યો ન હોય ને તમારું ઉત્તરપત્ર તપાસવાનો વારો આવ્યો તો.... તો શું ? ખુદા બચાવે તમને ! પ્રામાણિક અને કર્તવ્યનિષ્ઠ પરીક્ષકો માટે પણ પ્રયોગપૂર્વકના સંશોધન પછી એ અંગેના એક પુસ્તકમાં નોંધવામાં આવ્યું છે કે એના એ પરીક્ષકને થોડા દિવસ પછી ખબર ન પડે એ રીતે એ જ ઉત્તરપત્ર આપવામાં આવે તો તેની આંકણી એની એ રહેતી નથી. પહેલાંના કરતાં ઓછાવત્તા – અને ઘણી વાર ખાસ્સો દેખાઈ આવે એવો ફરક દર્શાવતા – ગુણ એ આપે છે. અને તેમ છતાં કેટલાક ચીવટવાળા પરીક્ષકો $\frac{૧}{૨}$ ગુણ શી રીતે આપતા હશે એ આશ્ચર્ય તો છે. $\frac{૨}{૩}$, $\frac{૪}{૫}$, $\frac{૩}{૮}$ એમ અપૂર્ણાંકથી ઝીણો વિવેક કરતા એક શિક્ષકની તો અહીં વાત જ ઉખેળતો નથી. એવા કોઈ શિક્ષક હશે કે કેમ એવો પ્રશ્ન તમારા મનમાં ઊઠે છે, ખરું ? જવા દો એ શિક્ષકને. મૅટ્રિક (કે એસ.એસ.સી.)ની પરીક્ષામાં કૃપયા (ગ્રેસથી) મળેલા ગુણ ઉમેરાયા પછી વિદ્યાર્થી $\frac{૧}{૭}$, $\frac{૨}{૯}$, $\frac{૩}{૫}$ જેટલા ગુણથી નાપાસ થાય એવા દાખલા દર વરસે મોટી સંખ્યામાં બને છે એ જ જુઓને ! વિદ્યાર્થીની આવડતનો આંક કાઢવા માટે જે પદ્ધતિ, જે માપ આપણે ગ્રહણ કરીએ છીએ તેના બેહૂદાપણાનો આથી બીજા શો પુરાવો જોઈએ ?

આવી આંકણી ઉપર પરીક્ષાનો આધાર, પરીક્ષા ઉપર જીવનનો આધાર (વિદ્યા તો રહી દૂર, સુદૂર) એટલે આ આંકણીને પોતાના લાભમાં ફેરવવાના પ્રયત્નો થાય એ પણ સ્વાભાવિક પરિણામ ગણાય. આપણા દેશમાં કાળાબજારની જે લીલા ચાલી છે તેમાં સૌથી જુગુપ્સાકારક કોઈ હોય તો તે કોઈ કોઈ યુનિવર્સિટીમાં એના કુલનાયકોનાં સગાંઓને ગુણ વધારી આપવામાં આવ્યાના કિસ્સા પ્રગટ થયા છે એ છે. વિદ્યાર્થી પરીક્ષાર્થી હોય છે અને પરીક્ષાર્થી લાભાર્થી હોય છે. લાભ ઉપર ડોળો હોઈ પરીક્ષાર્થી આંકણી પોતાને અનુકૂળ કરાવવા માટે પૈસા અને શીલ વેડફી દેતાં ખમચાય નહિ એટલે સુધી વિદ્યાપ્રવૃત્તિનો અંજામ આવ્યો છે. પરીક્ષકપદ એ કમાણીનું સાધન થયું છે અને એના ટુકડા પર યુનિવર્સિટીના રાજકારણની ખટપટો નિર્ભર હોય છે. આથી ગુણ આપવામાં પરીક્ષક ઉપર બીજી વસ્તુઓ પણ અસર કરી રહે છે. લેખનકળામાં અમને એક-બે મિત્રોને નવ ગુણ મળે ત્યારે બીજાઓને એમ થાય કે અમે ખાટી ગયા. પણ પછી બીજા એક સહાધ્યાયીને ૯ $\frac{૩}{૪}$ ગુણ મળતાં અમારી આંખો ઊંચી ચઢી જતી; અદેખાઈથી અમે

આરોપ મૂકતા કે ૧૦ની સમીપમાં પહોંચવામાં સહાધ્યાયીનાં આંગળાંની સારા અક્ષરો લખવાની શક્તિ ઉપરાંત ગુરુજીનાં કોટખમીસ સીવવાની શક્તિનો પણ ફાળો નજેવો ન હતો ! સહાધ્યાયીને પણ ખૂંચતા, ૯ $\frac{૩}{૪}$ મળે તો એને જરી ટાઢક રહેતી. પણ ગુરુજી પાસે સિલાઈ પેટે ખરચી નાખવા માટે એ અતિમોંઘો $\frac{૩}{૪}$ ગુણ હતો ને ઉદારભાવે એ શા માટે ન વાપરે ?

વિદ્યા મેળવવા નીકળેલો જીવ વિદ્યાર્થી ખસતો ખસતો આમ બીજે જ પાટે ચઢી જાય છે અને એની ઉપર જુદા જ સંસ્કાર ગુજરે છે. એનો રસ આખો બદલાઈ જાય છે, વૃત્તિ વિકૃત થઈ જાય છે. પરીક્ષક જે ક્રૂર આનંદ લેતા હોય છે તેનો તો મને કાંઈક પરિચય હતો. એક મૌખિક પરીક્ષામાં પરીક્ષક પર્યાય (અધર વર્ડ્ઝ) પૂછી રહ્યા હતા. છેવટે શોધી શોધીને એમણે તદ્દન સરળ શબ્દો પૂછવા માંડ્યા : To-day (આજ)તો કે This day (આ દિવસ); To-morrow (આવતી કાલ) તો કે The next day (પછીનો દિવસ) વગેરે. પણ પરીક્ષાર્થી તરીકે પણ એવા ક્રૂર આનંદની ઘુર્રીનો અનુભવ મને થયો છે. એમ.એ.ની છેલ્લી પરીક્ષાનું છેલ્લું પ્રશ્નપત્ર હતું. મુંબઈ વિદ્યાપીઠના પદવીદાન સમારંભગૃહની દરિયા તરફની બારી પાસે બેઠક મળી હતી. સમુદ્રની શીતળ તાજગીભરી લહરી પ્રેરણાની જેમ વહી રહી હતી. જીવને થયું, હવે આ જિંદગીમાં બીજું ઉત્તરપત્ર લખવાનું નથી; આ આખરી છે. મોંઘો મનખાદેહ મળ્યો ને એમાં પરીક્ષાદેવીનાં ચરણ સેવવામાં, હિંદીની સરેરાશ ઉંમર ગણાય છે એ વટાવીને આગળ વધી ગયા તે છતાં હજી સુધી પાછી પાની કરી નથી. તો આજ તો થવા દો ! शब्देषु का दरिद्रता ? મરણિયા જોદ્ધાની પેઠે ઊંધું ઘાલીને ખાસ્સાં બેતાળીશ-તેંતાળીશ પાનાં ચીતરી નાખ્યાં. !

પરીક્ષામાં મારે સોસવું પડ્યું છે માટે અત્યારે પરીક્ષા વિષે લખવા બેઠો છું એવું નથી. પરીક્ષા જે આપી શકે તે તો મળ્યું છે, પણ પરીક્ષાએ જે ઝૂંટવી લીધું છે એની આગળ એણે જે આપ્યું છે તે કોઈ વિસાતમાં નથી. પરીક્ષા ગુણ (અને એ ગુણમાં જે બીજું અપાવવાનો ગુણ છે તે) આપે, પણ માપવા તો નીકળ્યા હતા વિદ્યા. એ કામ તો પરીક્ષાઓ પછી પણ ઊભું જ રહ્યું. પરીક્ષાઓ બધી આપી રહ્યા પછી જાણે એકડે એકથી વિદ્યાનું શરૂ કરવું રહ્યું છે. હવે નાનાં નાનાં છોકરાં પરીક્ષા આપવા જાય છે ને આપીને મુક્ત બને છે ત્યારે હું તો નિઃશ્વાસથી માત્ર બબડ્યા કરતો હોઉં છું : મારી પરીક્ષા ક્યારે આવશે ને ક્યારે હું છૂટીશ ? મારું પેપર (પ્રશ્નપત્ર) નીકળ્યું હશે ખરું ?

પરીક્ષામાં નહીં પણ પરીક્ષાથી મારે જરૂર સોસવું પડ્યું છે. પરીક્ષાના કેવા ભોગ બનવું પડ્યું છે એનો ખ્યાલ તો, રહી રહીને વરસો ગુજર્યા પછી પણ, પરીક્ષાનાં જે બિહામણાં, પરીક્ષાને સ્થળે પહોંચતાં વિલંબ થવાનાં, પ્રશ્નપત્રોના ઉત્તરો લખતી વખતે મૂઠી જકડાઈ જવાનાં, સુંદર શરૂઆત કરી હોય ત્યાં પાંચ મિનિટ બાકી રહ્યાનો ઘંટ પડવાનાં સ્વપ્નાં ક્યારેક ક્યારેક આવ્યાં કરે છે, એ ઉપરથી આવે છે. એક બે જૈફ વિદ્વાનોને પૂછી જોતાં એમણે પણ એવા અનુભવની વાત કરી. એક મોટા નગરની રોટરી ક્લબમાં સભ્યોને આ અંગેનો અનુભવ જણાવવા વિનંતી કરતાં ઠીક સંખ્યામાં હાથ ઊંચા થયેલા જોવા મળ્યા.

પરીક્ષાને લીધે મનને જે વિકૃતિ વેઠવી પડે છે તે જેને બૌદ્ધિક વિષયો કહે છે તે અંગે વિશેષ કરીને તો હોય છે. કળાકારીગરી-કસબહુન્નર આદિમાં જ્યાં વિદ્યા હસ્તગત કરવાની હોય છે – ત્યાં તો હાથનું કામ બરોબર ચાલે છે કે નહિ એ જોવાથી તરત રોજેરોજ

પરીક્ષા થતી હોય છે. શેતરંજી વણતાં શીખવાની હોય તો એ વણી લાવે એટલે પરીક્ષા થઈ ગઈ. પણ બૌદ્ધિક ગણાતા વિષયોમાં વિદ્યા 'હસ્તગત' નહિ, પણ મનોગત બલકે કંઠગત કરવાની હોય છે અને શિષ્યને એ વિદ્યા ઉપર કેટલો કાબૂ આવ્યો એ માપવા માટે અને તે કાર્ય વ્યક્તિશઃ નહિ પણ સમૂહમાં પતાવવા માટે પરીક્ષાની વિકૃત પદ્ધતિ ઉત્પન્ન થઈ અને વિકસી છે. પરીક્ષાની વિકૃતિએ વિદ્યાને માત્ર કંઠગત કે મનોગત કરવામાં રહેલી મર્યાદા પ્રત્યે પણ આપણી આંખ ખોલવી જોઈએ, અર્થાત્ પ્રત્યેક વિદ્યા હસ્તગત કરવાની પરિપાટી વિકસાવવાની પ્રત્યે જાગરૂક કરવા જોઈએ. વિજ્ઞાન અને વૈદકના વિદ્યાર્થીઓએ પ્રયોગશાળામાં વિદ્યા હસ્ત-ગત કરવાની રહે છે. તેઓની પરીક્ષા પણ સતત ચાલ્યાં કરતી હોય છે એમ કહી શકાય. પણ જેને વિનયન (આટ્‌ર્સ) કહે છે તેના વિદ્યાર્થીઓને છેલ્લા પરીક્ષાના દિવસોમાં થોડુંક કંઠગત કરીને વેઠ ઉતારવા ઉપરાંત ભાગ્યે જ વધુ કરવાનું રહે છે. ખાસ મહેનત કરે તો આ જ આટ્‌ર્સનો વિદ્યાર્થી બી.એ.માં નાપાસ થઈ શકે એવી સ્થિતિ છે એમ કહી શકાય. તેમાં પણ સ્નાતકના પહેલા વરસના – જુનિયરના વિદ્યાર્થી જેવું કોઈ આઝાદ પ્રાણી જગતમાં હશે કે કેમ એ જોવાનું છે. એક કાવ્યાસ્વાદ-સંમેલનમાં 'પાણી ન હલે પેટનાં'ની પાદપૂર્તિમાં એક જુનિયરના વિદ્યાર્થીએ (હાલ તો તેઓ વિદ્વાન અધ્યાપક છે) લાક્ષણિક વર્ણન કર્યું હતું તેમ :

**કપરાં હોયે પેપરો, કઠણ પરીક્ષક હોય,**
**પણ જુનિયરને તોયે, પાણી ન હલે પેટનાં.**

જુનિયરની પરીક્ષામાં નિષ્ફળ જવાય તો વાંધો નહિ – એ પરિસ્થિતિ તો પરીક્ષાની આખી પદ્ધતિ ઉપર કળશરૂપ છે. ભણવાનું સ્થાન પરીક્ષાએ લીધું, અને પછી એ પણ ખસી ગઈ !

વિદ્યા હસ્ત-ગત કરવાની હોય તો તો રોજેરોજ પરીક્ષા થતી આવે અને શિષ્ય કાચો માલૂમ પડે તો કાં તો તેને ટપારવામાં આવે, કાં તો બીજા કોઈ વધુ સારા કામે લાગી જવા માટે છૂટો કરવામાં આવે; પણ આજે અભ્યાસ પાછળ ચાર વરસ ગુમાવ્યા પછી શિષ્યને જે કહેવામાં આવે છે કે તું નાપાસ છે તેમાં ખરેખર નાપાસ કોણ થયું ગણાય, શિષ્ય કે પરીક્ષક ? આજે જો કોઈની પણ પરીક્ષા લેવા જેવી હોય તો તે પરીક્ષકોની – એટલે કે ભણાવનારાઓની લેવા જેવી છે. ચાર વરસ રહીને એ બોલે છે કે આ છોકરો ઉત્તીર્ણ થવા લાયક નથી ત્યારે એટલાં વરસ એ કરતા હતા શું ? શરૂઆતમાં જ એમણે એને વાલી પાસે 'દીકરાનાં લક્ષણ ભણવાનાં નથી' કરીને પાછો મોકલ્યો હોત તો ?

પરીક્ષામાં સ્પર્ધાનું જે તત્ત્વ છે તેણે વિદ્યાને માઈલો દૂર હડસેલી દીધી છે, – એમ હોત તો વાંધો નહિ, વિદ્યાને અવિદ્યા કરી મૂકી છે. પહેલા વર્ગમાં આવનારને પણ તેમાં પોતે કયા નંબરે છે એ અંગે સભાન કરવામાં આવે છે. પહેલા વર્ગનું ભેજું પણ શું એટલું ઊતરતા પ્રકારનું હોઈ શકે કે એને ઉપરથી આવા સંતોષની પણ જરૂર રહે ? સ્પર્ધા વિદ્યા માટે વિષ લેખાવી જોઈએ. સ્પર્ધાનો પડઘો પ્રતિસ્પર્ધામાં પડે છે. કુમારપરીક્ષાને અંતે અર્જુનની તમે પીઠ થાબડો એટલે જગતના કોઈ અજાણ ખૂણેથી પણ શસ્ત્રાસ્ત્રથી સજ્જ, કવચકુંડળથી શોભતો, દીપ્તિમંત કુમાર કર્ણ એની સામે આવીને પડકાર કરવાનો જ; ઠોઠ ઠરેલા દુર્યોધન આદિ એની મિત્રતા માટે મરી પડવાના અને વિદ્યાનાં સમિધમાંથી પ્રચંડ પ્રતિસ્પર્ધાનો ભડકો ભભૂકી ઊઠવાનો જ.

ગુરુશિષ્ય વચ્ચે જીવંત સંપર્ક સધાય એવી નવીન પરિપાટીઓ વિકસતાં આજની પરીક્ષા દૂર થવાની એ નિઃશંક છે. ભાવિ માનવોને એ ભારે

કૌતુકનો વિષય હશે કે આપણે કેવું મનની શક્તિઓને ટૂંપવાનું ઓજાર ઉપજાવ્યું હતું. હિંદના વડાપ્રધાને હમણાં કબૂલ કરેલું કે હિંદી શાસનસેવા માટેના પરીક્ષાર્થીઓ – જેમાંથી કેટલાક તો અધ્યાપકો હતા અને યુનિવર્સિટીઓમાં પહેલો વર્ગ પામ્યા હતા તેમનામાંથી કેટલાકે અહલ્યાબાઈ, નરસિંહ મહેતા, કબીર, ફિરોઝશાહ મહેતા આદિનાં નામ સાંભળેલાં ન હતાં ! એ જાતના એકરારોને અજાયબઘરમાં ભાવિ સાચવશે.

ખરી પરીક્ષા પદેપદે હોય એમ તો આરંભમાં જ કહ્યું છે. અંતમાં ઉમેરવાનું એટલું છે કે સૌથી ઉત્તમ પરીક્ષાપદ્ધતિ એ છે કે જે શિષ્યને પોતાને જ પોતાની પરીક્ષા લેવાની તાલીમ આપે. ધૌમ્ય આયોદ (કદાચ તક્ષશિલાવાસી) ગુરુએ પોતાના ત્રણ શિષ્ય આરુણિ, ઉપમન્યુ અને વેદની પરીક્ષાઓ લીધેલી તે રસિક કથાઓ આદિપર્વના આરંભમાં જોવા જેવી છે. આરુણિને ડાંગરના ખેતરની સંભાળ લેવા મોકલેલો તે પાછો ન આવ્યો ત્યારે 'આરુણિ ! ઓ આરુણિ !' કરતા ગુરુ શિષ્યો સાથે શોધવા નીકળ્યા. જુએ છે તો પાણી વહી જતું રોકવા માટે આરુણિ પોતે ત્યાં આડો પડી સૂઈ રહ્યો હતો. વેદને આશ્રમનું સૂત્ર સોંપી ગુરુ બહારગામ જાય છે. અહીં આશ્રમમાં વેદ પાસે અયોગ્ય માગણી કરવામાં આવે છે, પણ ગુરુઆજ્ઞાનો જડતાથી નહિ પણ પોતાની સન્મતિ પ્રમાણે અર્થ કરીને વેદ એને વશ થતો નથી. ઉપમન્યુને ગાયો ચારવા મોકલવામાં આવે છે. એને અલમસ્ત જોઈ ગુરુએ પૂછ્યું, "શું ખાય છે ?"

"માધુકરી માગી ખાઉં છું."

"મને ધર્યા વગર તારાથી ન ખવાય."

એક વાર ધરાવીને ફરી એ માધુકરી માગી ખાવા લાગ્યો. વાત જાણી એટલે ગુરુએ કહ્યું : "એમ લોકોને લોભથી ન લૂંટાય."

પછી એ ગાયોનું દૂધ પીવા લાગ્યો. એને હજીય અલમસ્ત જોઈ ગુરુએ પૂછ્યું અને કારણ જાણ્યું એટલે એની પણ મના કરી, તોય એ દૂબળો ન પડ્યો.

"શું કરે છે, ઉપમન્યુ ?"

"વાછડાં ધાવતાં ફીણ કાઢે તે ચાટું છું."

"વાછડાં તારી પર દયા કરી વધુ ફીણ કાઢે. તું એમનું દૂધ પી જાય છે એમ તો."

પછી આકડાનાં પાંદડાં ખાવા માંડ્યાં. એને લીધે આંખો ગઈ. ગાયો વાળીને આવતાં રસ્તે ઉપમન્યુ કૂવામાં ગબડી પડ્યો. ગુરુ શોધવા નીકળ્યા : "ઉપમન્યુ !"

"ઓ !"

"ક્યાં છે, ઉપમન્યુ ?"

"કૂવામાં છું."

કારણ જાણી ગુરુએ એને અશ્વિનીકુમારોની સ્તુતિ કરીને મદદ માગવા કહ્યું. સ્તુતિથી પ્રસન્ન થઈ અશ્વિનીકુમારોએ એને અંધાપો ટળે એ માટે ઔષધવાળી ભાખરી આપી.

ઉપમન્યુએ કહ્યું : "ગુરુને ધરાવ્યા વગર મારાથી ન ખવાય."

"અરે, ખા, તારા ગુરુએ પણ અમે આપેલી ત્યારે પોતાના ગુરુને ધરાવ્યા વગર ખાધેલી."

"કૃપા કરો, મારાથી ન ખવાય."

અશ્વિનીકુમારો પ્રસન્ન થયા અને ગુરુને એ ધરાવી આવ્યા પછી એને આપી. ઉપમન્યુનો અંધાપો ટળ્યો અને એ પરમ વિદ્યા પામ્યો. ગુરુએ પરીક્ષા લઈ લઈને છેવટે ગમે તેવી કસોટીમાં પણ શિષ્ય પોતે પોતાનો પરીક્ષક થઈ શકે એવી શક્તિ એનામાં જગાવી હતી.

ઑક્ટોબર ૧૬, ૧૯૫૦

(ગોષ્ઠી પૃ. ૪૯-૫૫માંથી સાભાર)

# શિક્ષણ : વિમર્શ

**નારાયણ દેસાઈ**

શિક્ષણ : વિમર્શ આપણે સહેજ વ્યાપક ફલક પર કરીએ. એનાં ત્રણ પરિમાણોનો વિચાર કરીએ. વ્યક્તિ, સમષ્ટિ અને સૃષ્ટિને સ્પર્શ કરતા શિક્ષણવિચારને આવરી લઈએ. પ્રખ્યાત વિજ્ઞાની અને ગણિતશાસ્ત્રી બર્ટ્રાન્ડ રસેલે એવું વિધાન કર્યાનું કહેવાય છે કે દુનિયાના બધા પ્રશ્નો ત્રણ પ્રશ્નમાં આવરી લઈ શકાય.

Man with himself, man with fellowmen and man with nature. આપણને આ પરિષદમાં જે. કૃષ્ણમૂર્તિ તથા વિમલાતાઈના વિચારોના જે લેખ વહેંચવામાં આવ્યા છે, તે મોટે ભાગે આમાંના પહેલા પ્રશ્ન સાથે સંબંધ ધરાવે છે. તેથી આપણે તેનો સીમિત વિચાર કરીશું.

ગાંધીજીએ નયી તાલીમ અંગેના વિચારો વ્યક્ત કર્યા તેમાં એમ કહ્યું કે બાળકનું શરીર, તેની બુદ્ધિ અને તેના આત્માનો જેમાં વિકાસ થાય તે જ સાચું શિક્ષણ. ડૉ. ઝાકીરહુસેને બુનિયાદી તાલીમ અંગે જે યોજના ઘડી, તેમાં ઉદ્યોગ, સમાજ અને પ્રકૃતિને શિક્ષણનાં માધ્યમો માન્યાં. વિનોબાજીએ એક નયી તાલીમ સંમેલનમાં યોગ, સહયોગ અને ઉદ્યોગ એવા શબ્દપ્રયોગ કર્યા. આ તમામ મહાનુભાવોના વિચારોમાં આપણને એકસરખો પ્રવાહ જોવા મળશે. આપણને આપણા સમગ્ર શિક્ષણનો વિચાર આ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કરીએ.

વ્યક્તિનો વિચાર કરતાં તેના શરીર, મન અને આત્માનો વિચાર આવે. મારો જે અનુભવ કહું છું તે હવે જૂનો થયો કહેવાય, પણ હજીયે ભારતનાં હજારો ગામડાંઓને તે લાગુ પડી શકે તેવો છે. એક વાર ગ્રામશાળા, વેડછીમાં અમારા મિત્ર ડૉક્ટરોએ બાળકોની શારીરિક તપાસ કરી. તેમાં જાણવા મળ્યું કે સૂર્યાસ્ત થયો એટલે અંધકાર જ થાય. રતાંધળાંપણું એ એમના કુપોષણનું પરિણામ હતું, એ વિચારી અમે તેમને રોજ એક એક કપ દૂધ પિવડાવવાનું શરૂ કર્યું. અને માત્ર એટલાથી જ ઘણાં બાળકો રાતે દેખતાં થયાં. શિક્ષણનો વિચાર કરતાં આપણે દેશનાં લાખો બાળકોના પોષણનો વિચાર પણ કરવો પડશે. આજે તો કેટલેક ઠેકાણે મધ્યાહ્ન ભોજનમાંથી વચેટિયાઓ પોતાનાં પેટ ભરતા દેખાય છે.

બુદ્ધિના શિક્ષણનો વિચાર કરતાં એક ભ્રામક ખ્યાલ દૂર કરવો જરૂરી છે. આજે આપણે ત્યાં મોટે ભાગે એમ માનીને ચલાય છે કે બાળકના મગજમાં જેટલી માહિતી ઠાંસી તેટલું તે વધુ પ્રશિક્ષિત થયું. આપણી પરીક્ષાઓ પણ જાણે કે સ્મરણશક્તિની કસોટી લેવાની હોય એવી જ હોય છે. અને પાઠ્યક્રમ પણ એવો ગોઠવાય છે કે જેને લીધે બાળકો પોતાની પીઠ પર પુસ્તકો અને નોટબુકોનો ભાર ઉપાડતાં થાય છે, સહેજે પર્વતારોહક શ્રમિકોની યાદ આપે તેવા. મેકોલેને તો એવું જ શિક્ષણ ખપતું હતું કે જમાં એના વિદ્યાર્થીઓનાં મગજમાં ઠાંસીઠાંસીને માહિતી ભરી હોય.

આજના બદલાયેલા સંદર્ભમાં જરા આનો વિચાર કરી જોઈએ. એક જમાનો હતો કે જ્યારે 'બાપથી બેટા સવાયા' કહેવાથી બેટો ગર્વ લઈ શકતો. બાપે જે પાન મેળવ્યું હોય તેમાંથી થોડું

ઘણું ઘસાઈ પણ જાય એટલે આગલી પેઢીની સાથે કદમ મિલાવીને ચાલવું હોય તો પચ્ચીસ ટકા વધારે માહિતી મેળવીને ઘસારાની પૂર્તિ કરી લેવાય. એટલે સમાજ વ્યવસ્થિત રીતે ચાલતો રહે. પણ હવે વિજ્ઞાન અને ટેક્નૉલોજી એટલાં ઝડપથી વધે છે કે પાછલી પેઢીવાળાને આગલી પેઢી કરતાં ઘણું વધારે સામાન્ય જ્ઞાન તો વાતાવરણાંથી જ મળી રહે છે. મારો નાનો દીકરો બાલવાડીમાં જતો હતો, ત્યારે તેની શિક્ષિકાએ તેની મા આગળ ફરિયાદ કરી કે તમારો દીકરો લખવાનું શીખવાનો રીતસર પ્રતિકાર કરે છે. તેથી મારી પત્નીએ કહ્યું કે પ્રશ્ન શો છે, એ તમે જરા ખોળી કાઢો. મેં દીકરાને પૂછ્યું "તને લખવું ગમતું નથી ?" તો કહે, 'ના.' મેં પૂછ્યું, 'કેમ' ? તો કહે, "આપણા ઘરમાં ટાઇપરાઇટર છે. લખવાનું શીખવાની શી જરૂર છે ? ટાઈપિંગ જ કેમ શીખવતા નથી ? જમાનામાં ફેરપાર સાથે ટેક્નૉલોજીનો ફેરફાર એટલો ઝડપથી થયો છે કે હવે બેટો બાપથી સવાયો થાય તે ચાલશે નહીં. એણે તો ઘણી વધારે આગેકૂચ કરવી પડશે. હવે મગજમાં માહિતીનો સંગ્રહ વધારતા જવાને બદલે ઢગલાબંધ માહિતી ઉપલબ્ધ છે, એમાંથી કેવી રીતે ખપની માહિતી મેળવી લેવી, એ શીખવવું એ જ શિક્ષકનું મોટું કામ થઈ જશે. વળી આગળ જતાં એને શીખવા જેવું અને ન શીખવા જેવું એ બે વચ્ચે વિવેક કરતાં પણ શીખવું પડશે.

આત્માનો વિકાસ એ કોઈ પાઠ્યપુસ્તક કે ઉપદેશથી કરી શકાશે નહીં. આત્માનો વિકાસ તો શિક્ષકના ચારિત્ર્ય પરથી જ થઈ શકશે. અને તેથી શિક્ષકે આ બાબતમાં પાઠ્યપુસ્તકોનો આધાર શોધવાને બદલે આત્મશોધનનો જ પ્રયાસ કરવો રહ્યો. ઉદ્યોગોના શિક્ષણનો વિચાર કરીએ ત્યારે નયી તાલીમના શિક્ષકોને પોતાના પાઠ્યક્રમ સાંભરે એ સ્વાભાવિક છે. હમણાં હમણાં વા. ના. ચિતળેનું 'સંસ્મરણોનો મધપુડો' નમનું પુસ્તક યજ્ઞ પ્રકાશને છાપ્યું છે. મૂળ મરાઠીનો એ ગુજરાતી અનુવાદ છે. સેવાગ્રામ આશ્રમમાં ગાંધીજીએ અમારા ખાદી વિદ્યાલય પાસેથી કોઈ એવા શિક્ષકની માગણી કરી કે જે તેમને રૂની તુનાઈ કરીને પૂણી બનાવતાં શીખવી શકે. અમે અમારા સૌથી હોશિયાર સાથી વાસુદેવ ચિતળેને એ કામ સોંપ્યું. ઉપરોક્ત પુસ્તકમાં ગાંધીજી તુનાઈ કરતા કેવી રીતે શીખ્યા તેનું ખૂબ રોચક વર્ણન કર્યું છે. સિત્તેરની આસપાસના ગાંધીજીની જિજ્ઞાસુ વૃત્તિ કોઈ નાના બાળક કરતાં જરાયે ઊતરે તેવી નહોતી. રૂના રેસા અંગે, તુનાઈનાં સાધનો અંગે, કપાસની ખેતી અંગે અને આખા કામના અર્થશાસ્ત્ર અંગે તેમણે એટલા પ્રશ્નો પૂછ્યા કે ચિતળે તો આશ્ચર્યચકિત જ થઈ ગયો. ઉદ્યોગ દ્વારા શિક્ષણનો એક નમૂનાનો પાઠ થઈ શકે તેવું તે પ્રકરણ છે, પણ ત્યાં જ્ઞાન અને ઉદ્યોગ બે અલાયદા વિષયો રહેતા નથી, એકબીજા સાથે અવિચ્છિન્ન રીતે સંકળાઈ જાય છે.

પચાસ વર્ષ પહેલાં નાનાં બાળકોને જેટલી માહિતી રહેતી તેના કરતાં આજનાં બાળકોને એમની આસપાસના વાતાવરણને લીધે પુષ્કળ માહિતી સહજ ઉપલબ્ધ હોય છે પરંતુ જોવામાં આવે છે કે પચાસ વર્ષ પહેલાં બાળકોને સમાજ અંગે જેટલી નિસ્બત હતી તેટલી નિસબત આજે તેમનામાં દેખાતી નથી. તેઓ પોતપોતાનામાં મશગૂલ હોય છે. સમાજની તેમને ખાસ ફિકર કે પડી હોતી નથી. આજના આપણા સમાજમાં બે એવા ભાગલા પડી ગયા છે કે જેને હું ફાવેલા અને રહી ગયેલા લોકો કહું છું. સંપન્ન વર્ગને આખો ને આખો વંચિત વર્ગ જાણે હયાતીમાં જ ન હોય એમ લાગે છે. આ વિષમ પરિસ્થિતિના મૂળમાં પણ આપણી આજની શિક્ષણવ્યવસ્થા છે એ ભૂલવું ન જોઈએ. આપણું શિક્ષણ સ્પર્ધા શીખવે છે. મહત્ત્વાકાંક્ષા શીખવે છે, સ્વાર્થલોલુપતા શીખવે છે અને પરિણામે આપણે સમાજના એક વિશાળ

ભાગને આંખ સામે હોવા છતાં દેખી શકતા નથી. દેશના ઉત્તરપૂર્વના પ્રદેશોમાં આજે આપણને માઓવાદી વિરુદ્ધ જે કારમી હિંસા દેખાય છે તેની ભીતરમાં ડોકિયું કરીશું તો આપણને દેખાશે કે ઘણે ઠેકાણે આજે સંઘર્ષ, ખનિજ વિરુદ્ધ મનુજનો છે અને સંપન્ન વ્યવસ્થા ખનિજની ખાતર મનુજને બેદખલ કરવા કોઈ પણ હદ સુધી જઈ શકે તેમ છે.

પ્રકૃતિની વચ્ચે ઊછળતાં બાળકોને આપણે વર્ગખંડની ચાર દીવાલોની વચ્ચે ગોંધી રાખીએ છીએ. પરિણામે બાળકોને શિક્ષણ મેળવવાની ઉત્તમ ઉંમરે ખરા શિક્ષણથી વંચિત રાખીએ છીએ. મારા ગામનો 'એક વિદ્યાર્થી ભણવાની ઉંમર હોવા છતાં શાળાએ જવાનું નાપસંદ કરતો હતો. એક વાર અમારી સાથે રમતાં રમતાં મેં એને કહ્યું કે "તું કંઈક ઘાસ લઈ આવ." એ પૂછે, 'કયું ઘાસ ?" મેં કહ્યું, "તને ગમે તે." તે એકાદકલાક ફરીને અઠ્ઠાવીસ પ્રકારનાં ઘાસ લઈ આવ્યો! અને આપણી શિક્ષણવ્યવસ્થા તો આવાં બાળકોને ઠોઠ વિદ્યાર્થી જ ગણે. મને તો એણે આભો જ કરી મૂકેલો.

આપણે આઝાદી મળી ત્યારે જ એક મોટી તક ગુમાવી. તે શિક્ષણમાં આમૂલ પરિવર્તન કરવાની તક. ખરું જોતાં તો આઝાદી પછી આપણા દેશ પાસે જાણે કે કોઈ ઉદ્દેશ નથી રહ્યો. ૧૯૪૨માં ગાંધીજીને પકડવા આવનાર અધિકારી ગાંધીજી પ્રાર્થના કરતા હતા ત્યારે માથું નીચું રાખીને ઊભા હતા. મેં એમને પૂછ્યું, "તમે કેમ ઉદાસ દેખાઓ છો ?" એમણે કહ્યું, "શું કરીએ ? પેટની ખાતર ચાકરી કરીએ છીએ. બાકી અમને કાંઈ સ્વરાજ નથી જોઈતું એમ નથી." આઝાદી પહેલાં અંગ્રેજ સરકારના હિન્દુસ્તાની ચાકરોનો પણ એક ઉદ્દેશ હતો – સ્વરાજનો. આઝાદી પછી આખા દેશને એવો કોઈ એક ઉદ્દેશ રહ્યો નથી. તેથી કૂતરું ખેંચે ગામ ભણી અને શિયાળ ખેંચે સીમ ભણી, એવા આપણા હાલ છે. આપણા વડવાઓએ આપણા દેશના બંધારણમાં ચોક્કસ ભાષામાં ઉદ્દેશો આપેલા છે : સ્વતંત્રતા, સમાનતા, બંધુતા અને ન્યાયના. પણ એ ચાર માર્ગદર્શક સિદ્ધાંતોને આજે કોણ યાદ કરે છે ? વિકાસની વાત થાય છે, કલ્યાણ રાજ્યની વાત થાય છે, પણ સમાનતા ક્યાં ? સ્વતંત્રતા ક્યાં ? ન્યાય ક્યાં ? અને પરિણામે બંધુતા તો સાવ અલુપ્ત. શિક્ષણક્ષેત્રે જો આપણે આપણા ઘોષિત ઉદ્દેશો તરફ આગળ વધવું હશે તો વ્યક્તિ, સમિષ્ટ અને સૃષ્ટિ ત્રણે અંગે પાયામાંથી વિચાર કરવો પડશે. વ્યક્તિનો સમતોલ વિકાસ, સમાજની સમત્વ આધારિત ઉન્નતિ અને પ્રકૃતિ સાથે સંવાદિતા સાધતા શિક્ષણ તરફ ચોક્કસ પગલાં માંડવાં પડશે. એને માટેના શિક્ષણનાં બાહ્ય માધ્યમો જો ઉદ્યોગ સામાજિક પ્રવૃત્તિ અને પ્રકૃતિ વચ્ચે કામ હશે તો તેની સાથે જ શિક્ષક અને બાળક વચ્ચેના સંબંધોમાં મુક્તિ, પ્રીતિ અને અભિવ્યક્તિના આંતરિક સમવાય સાધવા પડશે.

દુનિયાના સર્વોચ્ચ શિખર માઉન્ટ એવરેસ્ટ પર બે વ્યક્તિઓ એક સાથે ચઢી, બંનેએ નક્કી કર્યું હતું કે અમારામાંથી કોઈ પહેલો અને બીજો નહિ. બંને સાથે. એ ખૂબ ડહાપણભરેલો નિર્ણય હતો. નહિ તો આ સ્પર્ધાત્મક દુનિયામાં હિલેરી અને તેનસિંગ વચ્ચે પણ લોકો સ્પર્ધા ખડી કરત! પણ આ બંને વ્યક્તિઓએ પોતપોતાની મનોભાવનાઓ તે દિવસે જે રીતે પ્રદર્શિત કરી તે પ્રકૃતિ અને મનુષ્યના સંબંધો વિશે બે વલણો દેખાડી આપે છે એ ભૂલવું જોઈએ નહીં. હિલેરીએ માઉન્ટ એવરેસ્ટ પર ઝંડો ફરકાવ્યો. તેનસિંગે એવરેસ્ટની ચપટીક માટી ઉપાડી પોતાના મસ્તક પર ચડાવી. આપણે એ નક્કી કરવાનો સમય આવી પહોંચ્યો છે કે મનુષ્યે પ્રકૃતિના સ્વામી બનવું છે કે સંતાન ?

**સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય-વેડછી, વાયા વાલોડ, સુરત**

(ગુજરાત કેળવણી પરિષદના શિક્ષણવિમર્શ સત્રના ઉદ્ઘાટન નિમિત્તે તા-૫-૯-૨૦૧૧ના દિવસે અપાયેલા વ્યાખ્યાનને આધારે)

# ગાંધીવિચારની પ્રસ્તુતતા

**ચુનીભાઈ વૈદ્ય**

આ યુગ જ ગાંધીનો યુગ છે. અને એ અર્થમાં એના વિચારની પ્રસ્તુતતા તો નિઃશંક છે. ગાંધીજીને કોઈકે કહ્યું હતું આપણે ગાંધી-વાદનો પ્રચાર કરવાનું આયોજન કરીએ, ત્યારે એમણે જવાબ આપેલો કે એવો કોઈ ઉપદ્રવ એમણે કર્યો નથી. કહેવાનો અર્થ એ હતો કે ગાંધીવિચાર નામનો કોઈ વિચાર નથી. વિચાર એ વિચાર છે, એને કોઈ છાપ મારવાની જરૂર નથી. છાપ લાગી કે એ મર્યાદિત થયો.

એમણે કહ્યું હતું : Truth and non-violence are as old as the rocks. I have nothing new to teach the world સત્ય અને અહિંસા પર્વત જેટલા–જુગ જુગ જૂના-સનાતન વિચારો છે. મેં એની જ વાત કરી છે, મારે જગતને બીજું નવું કંઈ શીખવવાનું નથી.

તો પછી આપણે ગાંધી-વિચાર એ શબ્દ કેમ વાપરીએ છીએ ? એમણે સત્ય અને અહિંસા પર આધારિત એવા કેટલાક વહેવારુ માર્ગ આપણને ચીંધ્યા, કેવળ ચીંધ્યા જ નહીં, એના પર ચાલી બતાવ્યું, અને આખા દેશને એના પર દોર્યા. આ માર્ગને આપણે ગાંધીમાર્ગ, ગાંધી-વિચાર કહી શકીએ.

એટલા જ પુરાતન બીજા બે વિચારો પર આધારિત જીવનશૈલી માટે એમનો આગ્રહ રહ્યો. Simple living and high thinking–સરળ સાદું જીવન અને ઉચ્ચ વિચાર. બીજા વિચારને સૂત્ર-બદ્ધ કરી આપ્યો વિનોબાએ : Think globally and act locally 'સર્વેષામ્ અવિરોધેન'– બ્રહ્માંડમાં વિશ્વમાં સર્વનું અવિરોધી એવું આચરણ, જ્યાં છીએ ત્યાંથી શરૂ કરી વિશ્વના ફલક સુધી પહોંચીએ. માનવસમાજ ઉપરાંત, પશુ, પંખી, જળચર, વનસ્પતિ તમામ સૃષ્ટિની અવિરોધી એવી જીવનશૈલી વિકસાવવાની એમની વાત હતી.

ગાંધી-વિચારમાંથી ફલિત થતી પ્રસ્તુતતા કેવળ આપણા દેશ પૂરતી મર્યાદિત નથી, એ તો આખી દુનિયા માટે પ્રસ્તુત છે. એવા જીવન માટે વહેવારની વધુ નજીક લઈ જતી પદ્ધતિઓ એમણે ચીંધી. ગાંધી વિચારનો સાર વિનોબાજીએ ત્રણ શબ્દોમાં મૂકી આપ્યો : 'સત્ય, સંયમ અને સેવા.' કિશોરલાલભાઈએ વહેવારની વધારે નજીક લઈ જતા ત્રણ શબ્દો આપ્યા, 'અહિંસા, વિકેન્દ્રીકરણ અને ટ્રસ્ટીશીપ.' ખુદ બાપુએ એને એકાદશ વ્રતમાં મૂક્યા હતા :

**સત્ય, અહિંસા, ચોરી ન કરવી,**
**વણજોઈતું નવ સંઘરવું,**
**બ્રહ્મચર્ય ને જાતે મહેનત,**
**કોઈ અડે નવ અભડાવું,**
**અભય, સ્વદેશી, સ્વાદ ત્યાગ ને**
**સર્વ ધર્મ સરખા ગણવા,**
**આ અગિયાર મહાવ્રત સમજી,**
**નમ્રપણે દઢ આચરવા.**

વ્રત શબ્દથી ધાર્મિકતા અને આધ્યાત્મિકતાનો બોધ થતો લાગે છે અને એ સાધુસંતોએ પાળવાની બાબત હોય એમ લાગે છે. પરંતુ બાપુએ કહ્યું કે એ તો સમાજ-જીવનના વહેવારુ નિયમો છે. એમણે એ માર્ગ પર આખા

દેશને દોર્યો અને, "સ્વલ્પમસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્" એ ન્યાયે એનું થોડું- સ્વલ્પ આચરણ કરી દેશે ઇતિહાસમાં અજોડ અભૂતપૂર્વ એવી સિદ્ધિ પ્રાપ્ત કરી. બાપુએ સર્વધર્મ સમભાવની વાત કરી. આપણે જેને હિંદુ, ઇસ્લામ, ખ્રિસ્તી, શીખ વગેરે ધર્મો કહીએ છીએ તે વાસ્તવમાં સંપ્રદાયો અથવા પંથો છે. આ પંથો એકબીજા પર પોતાની સરસાઈ સાબિત કરવા જતાં યુદ્ધ નોંતરે છે. તેથી, કોઈ ધર્મ કોઈથી ચડિયાતો નહીં, અને સૌને માટે સમભાવ.

અહિંસા વિષે વધારે કહેવાની જરૂર નથી. દુનિયામાં અગણિત યુદ્ધો લડાયાં, દરેક યુદ્ધ એવા નિર્ણય સાથે લડાતું કે એક વાર આ વાતનો અંત લાવી દઈએ જેથી ફરી દુશ્મન માથું ન ઊંચકે. અને છતાં યુદ્ધોનો અંત નથી આવ્યો. યુદ્ધથી યુદ્ધનો અંત નથી આવતો. એનો તો મૈત્રી અને સમાધાનથી જ અંત આવે છે. જુઓને ! મહાસત્તાઓ પોતાનાં અણ્વિક શસ્ત્રોને defuse- નકામાં કરવાની સંધિ કરે છે, એનો અર્થ શું છે ? એ જ પ્રમાણિત કરે છે કે હિંસાનો પ્રયોગ એ કોઈ ઉપાય નથી. જીવનનાં તમામ ક્ષેત્રોમાં આ લાગુ પડે છે.

બાપુ અરાજ્યવાદી હતા. રાજ્ય સાવ ન જ હોવું જોઈએ એવું એમણે કીધાનું નથી જાણ્યું, એમના કહેવાનો ભાવાર્થ એ હતો કે રાજ્ય થોડામાં થોડું ન્યૂનતમ હોવું જોઈએ. એમનો ભાર નાગરિક જીવનની સ્વાયત્તતા અને જવાબદારી પર હતો. નાગરિકનું સંયમી શિસ્તભર્યું જીવન એ જ એની સ્વતંત્રતાની ગેરંટી છે. અસંયમી સ્વેચ્છાચારી બેજવાબદાર જીવન સમાજમાં ચાલી ન શકે, એની પર સમાજ અંકુશ મૂકવાનો જ. આપણે કલ્યાણ રાજ્યની વિભાવના લઈને જનતાની જવાબદારીઓ રાજ્યને સોંપતા ગયા. પરિણામે જનતાની સહભાગી-પાર્ટીસિપેટરી ભૂમિકા તો દૂર જ રહી, કર્તૃત્વ-ભાવના-જવાબદારી ઘટતી ગઈ. રાજ્ય વધારે ને વધારે જવાબદારીઓને નામે સત્તા લેતું ગયું. પરિણામ શું આવ્યું ? રાજ્યસત્તાના વિકેન્દ્રીકરણની વાત દૂર રહી, અતિ કેન્દ્રિત સર્વ સત્તાધીશ રાજ્ય બની ગયું. સેવકો યા નોકર હતા તે શાહ બની ગયા અને લોક શાહ હતા તે લાચાર રાંકડી પ્રજા બની ગયા. રાષ્ટ્રીય બજેટનો બહુ મોટો ભાગ નોકરશાહોનાં વેતન અને ભાડાં ભથ્થાંમાં છવાઈ જવા મંડ્યો. એ ઓછું હતું તે સર્વવ્યાપી ભ્રષ્ટાચાર આવ્યો. આજે આમાંથી ઊગરવાનો આરો દેખાતો નથી.

તેવી જ રીતે ઔદ્યોગિક કેન્દ્રીકરણે દેશની ભારે દુર્દશા કરી મેલી. બાપુને, અનિવાર્ય હોય તેવા કેન્દ્રીકરણ સામે વાંધો નહોતો. પરંતુ જ્યાં કેન્દ્રીકરણ કે યંત્રવાદ બેકારી ઊભી કરતાં હોય ત્યાં એમને વાંધો હતો. પણ તે વખતે આપણને પશ્ચિમનાં યંત્રવાદનું ઘેલું લાગ્યું હતું. મૂળભૂત રીતે એમાં જે અનેક અનિષ્ટો છે તે તો છે જ, પણ એ માણસને બેકાર બનાવશે એ વાત આપણે સમજી જ ન શક્યા. યંત્રવાદનો નારો હતો : Mass production – જથ્થાબંધ ઉત્પાદન. બાપુએ કહ્યું, 'નહીં, production by the masses– ઝાઝા હાથે ઝાઝું ઉત્પાદન.' પણ આઝાદીના આરંભે આ વાત દલીલ અને તર્કથી સમજવાની હતી. આજે એવું નથી રહ્યું. કોઈ પણ શંકાને સ્થાન ન રહે એ રીતે એ વાત પરિણામોથી પૂરવાર થઈ ચૂકી છે. કેન્દ્રિત ઔદ્યોગીકરણની સીધી બુરાઈઓ જેવાં શહેરીકરણ, ઝૂંપડપટ્ટી, બેકારી, ગરીબી, પ્રદૂષણ અને અસમાનતા વગેરે આંખોને ઊડીને વળગે તેટલાં સ્પષ્ટ છે. એ બધું બહુ થોડામાં જોઈએ :

મોટાં મોટાં શહેરો રચાયાં અને મોટાં મોટાં કારખાનાં નખાયાં. એમણે ગ્રામ કારીગરો અને ગામડાંઓને ભાંગી નાખ્યાં.

કાપડ-મિલોએ ગામડાના વણકરો અને કાંતનારાઓનાં કામ ઝૂંટવી લીધાં.

જોડા-ચંપલ બનાવવાનું કામ મોટી કંપનીઓએ હાથ ધર્યું અને ગામેગામના મોચીઓ ખતમ થયા.

હળ, પાવડા, કોદાળા વગેરે ખેતીનાં ઓજારો મોટાં કારખાનાં બનાવવા માંડ્યાં અને ગામેગામથી લુહારો સમાપ્ત થયા.

એવી જ રીતે ગામોમાં રમકડાં, દોરી દોરડાં બનાવવાનો ઉદ્યોગ હતો, દાળ-ડાંગર છડવાનો ઉદ્યોગ હતો, કપાસ લોઢવા પીંજવાનો ઉદ્યોગ હતો, ગોળ બનાવવાનો ઉદ્યોગ હતો. આ બધા ઉદ્યોગો મોટાં કારખાનાંઓએ તોડી નાખ્યા.

યંત્રવાદે ભૂમિહીન મજૂરોને પણ ન છોડ્યા. ટ્રેક્ટર થ્રેશર આવ્યાં, અને છેવટે હાર્વેસ્ટર અને કમ્બાઈન જેવાં યંત્રો લાવવાનું ક્રૂર કામ પણ આપણે કર્યું. પરિણામે આ બધાને બેકારી અને ભૂખમરાથી બચવા ગામ છોડીને નગરોમાં જવું પડ્યું. અને ત્યાં નરકપટ્ટીઓમાં રહેવું પડ્યું.

આનું બીજું પણ એક પરિણામ આવ્યું – સંભાળી ન શકાય તેવાં અનમેનેજેબલ એવાં મોટાં શહેરો બન્યાં. આ શહેરોમાં પરસ્પરના પરિચય વિહોણા લોકોનો સમુદાય–ભીડ ભેગી થઈ. પરિણામે ગુનાખોરી, છેતરપિંડી, લૂંટ, જૂઠ, બળાત્કાર, વ્યભિચાર વગેરે રોગચાળાની જેમ ફૂટી નીકળ્યાં. માનવીનું dehumanization–અમાનવીકરણ થયું.

હજી બીજું એક પરિણામ જુઓ : મોટા મોટા ઉદ્યોગોએ આખી પૃથ્વીનું વાતાવરણ પ્રદૂષિત કર્યું. એના ઝેરી વાયુઓએ ઓઝોનના પડમાં ગાબડું પાડ્યું. એમનો ઝેરી કચરો અને ફાટફાટ થતાં મોટાં નગરોની વસ્તીનાં મળમૂત્ર નદીઓમાં ઠાલવવા માંડ્યાં. નદીઓની ગટરો બની ગઈ. ગંગા-યમુના જેવી પવિત્ર ગણાતી નદીઓનાં પાણી સીધાં પીવા કે નહાવમાં વાપરીએ તો બીમારી થાય જ થાય. ઘર આંગણાંનો એક દાખલો લઈએ. સૌરાષ્ટ્રના જેતલસર ગામે જવાનું થયેલું. ત્યાં રંગાટી ઉદ્યોગ ચાલે છે. એને કારણે ત્યાંના કૂવાઓ અને નદીનાં પાણી રંગીન બની ગયાં છે. એક કિસ્સો એવો સાંભળ્યો કે ત્યાંથી પસાર થતા એક હાથીએ નદીમાંથી પેટ ભરીને પાણી પીધું અને પરિણામે મરી ગયો. ત્યાંની વસ્તીએ આ જ પાણી ફરજિયાત પીવું પડે છે અને રોગના ભોગ બનવું પડે છે. આવા તો સેંકડો દાખલા આપી શકાય.

તો આવા ઉદ્યોગો શા માટે જોઈએ ? એવાં રંગીન કપડાં ન પહેરીએ તો ન ચાલે ? જે ઉદ્યોગોથી મનુષ્ય, પશુ, પંખી કે અન્ય સૃષ્ટિ અને પ્રકૃતિને નુકસાન થતું હોય તેવા ઉદ્યોગો વિના ચલાવવું એ પણ સંયમનો એક પ્રકાર છે.

આની સામે ગાંધીજીના આશ્રમોમાંથી જે ટેક્નોલૉજીનો પ્રચાર અને પ્રસાર થયો તે જોઈએ. સૂર્યની ગરમી વાપરીને સૂર્યકૂકર, પાણી ગરમ કરવું વગેરે ઈંધણ તરીકેના ઉપયોગો, એમાંથી વીજળી ઉત્પન્ન કરી પાણી ખેંચવું. પ્રકાશ આપવો, રેડિયો ટી.વી. વગેરે ચલાવી શકાય છે. છાણ વાસીદા કચરામાંથી ગંદકી ટાળી બળતણ માટે ગૅસ અને ઉત્તમ ખાતર નીપજાવ્યાં. કાપડની મિલોના ઝેરી ધુમાડાની સામે ગાંધીએ આપણને અંબર ચરખો આપ્યો. માણસે શહેરમાં આવવું પણ ન પડે, ગામડાંમાં ઘેર બેઠાં રોજી મળી રહે અને કોઈપણ પ્રકારની લાચારી નહીં. આવી પ્રદૂષણથી તદ્દન મુક્ત એવી ટેક્નોલૉજીના બાપુ હિમાયતી હતા. જોઈતું ઉત્પાદન થાય, બેકારોને રોજી મળે ને પ્રદૂષણથી બચી શકાય. આ રીતો કેવળ આપણા દેશ માટે જ નહીં, આખી દુનિયા માટે ઉપયોગી અને અનિવાર્ય છે.

દેશ આઝાદ થયો ત્યારે બેકારોનો આંકડો ૩૪ લાખનો હતો તે વધીને સવા ચાર કરોડ થયો. આ તો નોંધાયેલા બેકારોની સંખ્યા થઈ. પણ ગામેગામે વસતા ભૂમિહીન મજૂરો તથા વર્ષમાં ચાર-છ મહિના જ કામ કરવા પામતા અર્ધ બેકાર ખેડૂતોનો આંકડો ઉમેરીએ તો એ ૧૪થી ૨૪ કરોડ સુધીનો થઈ જાય.

૮૭૫ કાપડ-મિલો દેશમાં ઉત્પાદિત કાપડના ૨૯ ટકા પેદા કરે છે. એમાં ૮થી ૧૦ લાખ લોકોને કામ મળે છે. આની સામે ખાદીમાં માત્ર એક ટકો કાપડ ઉત્પન્ન થાય છે, અને ૧૪ લાખ લોકોને રોજી આપે છે. કેવળ કાપડ મિલોને બંધ કરીને કાપડનું ઉત્પાદન ખાદીના ક્ષેત્રમાં લઈ જઈએ તોપણ ત્રણથી ચાર કરોડ લોકોને કામ આપી શકાય.

વળી, આપણા દેશમાં મૂડીની તંગી છે. વિદેશીઓને મૂડીરોકાણ માટે વિનંતીઓ કરીએ છીએ, ઓછી મૂડીથી ચાલે તે જ ઉદ્યોગો આપણા દેશને પાલવે. ભારે ઉદ્યોગોમાં એક માણસને કામ આપવા પાંચથી દસ લાખની મૂડી જોઈએ જ્યારે ખાદી ગ્રામોદ્યોગમાં માંડ પાંચથી દસ હજાર રૂપિયાની મૂડી જોઈએ.

બાપુએ આપણને બીજો એક વિચાર આપ્યો તે છે ટ્રસ્ટીશિપનો, અનિયંત્રિત શોષણ પર આધારિત વ્યક્તિવાદી મૂડીવાદના વિરોધમાં સામ્યવાદ આવ્યો. એણે વેરપૂર્વક વ્યક્તિવાદ સામે સમૂહવાદ ઝીંક્યો. થિસિસ અને ઍન્ટિથિસિસ-ઘાત અને પ્રત્યાઘાત. પણ એમ તો સમાજ ન ચાલે. બાપુની અધ્યાત્મપૂત દષ્ટિએ વચ્ચે પડેલા સત્યને શોધી કાઢ્યું. વ્યક્તિનો અભિક્રમ મરે નહીં, સમાજની સંપત્તિની વૃદ્ધિમાં એનો સદુપયોગ થાય અને એ પોતે સ્વેચ્છાએ સંયમ સ્વીકારે તો જ વ્યક્તિ ઘાત-પ્રત્યાઘાતના દ્વંદ્વમાંથી બચી સમાજને પોતાનો ફાળો આપી શકે. એ દષ્ટિએ બાપુએ આપણને ટ્રસ્ટીશિપનો વિચાર આપ્યો. કોઈને એ તદ્દન નવો વિચાર લાગે. પરંતુ ઈશોપનિષદના 'તેન ત્યકતેન ભૂંજીથાઃ' માં આ વિચારનું બી પડેલું છે. આપણે માલિક નથી, સૌનો માલિક એક ભગવાન. આ બધું એનું સર્જન છે. એ જ એનો માલિક. આપણને એ બધી વસ્તુઓ થાપણ તરીકે સોંપવામાં આવી છે, આપણે તો આપણા શરીરના નિભાવ પૂરતું એમાંથી લેવાના અધિકારી. એટલું આપણે ઈશ્વરનાં પ્રસાદરૂપે લઈ બાકીનું સમાજ-કલ્યાણ માટે સેવા ભાવનાપૂર્વક વાપરીએ – આ છે ટ્રસ્ટીશિપનો વિચાર. માણસ પોતે જ વિચારપૂર્વક સંયમને સ્વીકારી પોતાના ભોગને મર્યાદિત કરે તે જ ઉપાય પોતે સુખી થવાનો અને સમાજને સુખી કરવાનો છે. આ નૈતિક ઉત્થાન વિના માનવ સમાજનો આરો નથી.

આવા સર્વક્ષેમંકર વિચાર ગાંધીજીએ આપણને આપ્યા. માનવ જાત ભોગવાદથી, મારા તારાના દ્વંદ્વથી ઉપર ઊઠીને અધ્યાત્મમાં સ્થિત થઈને જ પોતાનું અને સમગ્ર સૃષ્ટિનું કલ્યાણ સાધી શકશે.

આજના પરમ પવિત્ર દિવસે ફરી એક વાર આપણે ગાંધી માર્ગ અંગે વિચારીએ અને એને વિચારપૂર્વક અપનાવીએ.

છેલ્લે દુનિયાના ડાહ્યાઓને યાદ કરી આ પૂરું કરીએ. દુનિયાના ૫૩ નોબેલ પારિતોષિક વિજેતાઓએ એક નિવેદન ઉપર સહી કરી આજની ભોગવાદી સંસ્કૃતિને માનવભક્ષી કહી, અને સાફ સાફ શબ્દોમાં કહ્યું કે ગાંધી-વિચાર વિના દુનિયાને ઊગરવા આરો નથી. આ શાણાઓની સલાહને પણ ધ્યાનમાં લઈએ.

**(આકાશવાણી વાર્તાલાપ)**

**(શાશ્વતગાંધી વર્ષ-૧, અંક-૭, એપ્રિલ-૨૦૧૨, પૃ. ૨૫-૨૮માંથી સાભાર)**

# અમે મનુષ્ય છીએ ને...

અમે મનુષ્ય છીએ ને, ભગવાન
એટલે કોઈક વાર સાવ ભાંગી પડીએ છીએ,
અમારા બધા દીવા એકીસાથે ઓલવાઈ જાય છે.

અમારું જીવન સરસ રીતે ગોઠવાયેલું હોય
સુખની સોડ તાણીને અમે નિશ્ચિંત સૂતાં હોઈએ
ત્યાં અચાનક કાળની એક વજ્જર થપાટ પડે છે.
અમારામાંથી એક જણને અજાણતાં જ બોલાવી લેવામાં આવે છે.
અમારી આખી સૃષ્ટિ વેરવિખેર થઈ જાય છે.
પગ તળે ધરતી ફસકી પડે છે.

અમારું હૃદય વિષાદથી ભરાઈ રહે છે,
દિવસો બધા દીર્ઘ અને સૂના બની જાય છે, રાતો બધી નિદ્રાહીન
આંસુભરી આંખે અમે હતાશાની ગોદમાં ઢળી પડીએ છીએ.

આ શું થયું ? આ શું થઈ ગયું ? – એવી મૂઢતા
અમને ઘેરી વળે છે.

ભગવાન, તમે આ શું કર્યું ? – એમ વ્યાકુળતાથી અમે
ચિત્કારી ઊઠીએ છીએ.

પણ તમારી ઇચ્છાને સમર્પણ કર્યા વિના
તમારી રીત અમે શી રીતે સમજી શકીએ ?
આ વજ્રાઘાત પાછળ તમારો કોઈ હેતુ હશે જ.
તમારી દૃષ્ટિમાં તો બધું જ સ્પષ્ટ, યોગ્ય અને હેતુસરનું હશે.

કદાચ અમે સલામતીમાં ઊંઘી ગયાં હતાં
કદાચ અમે ભૂલી ગયાં હતાં કે અમે અહીં સદાકાળ
ટકી રહેવાનાં નથી

તમે અમને ભાન કરાવ્યું કે,
જે ફૂલ ખીલે છે તે ખરવું પણ જોઈએ.

અમારી ઊંઘની અમે આકરી કિંમત ચૂકવી છે.
હારેલાં, પરાજિત, વેદનાથી વીંધાયેલાં અમે
તમારે શરણે આવીએ છીએ.

આ ઘોર વિપદમાંથી અમને પાર ઊતરવાનું બળ આપો
અમને સમતા અને શાંતિ આપો,
ધીરજ અને શ્રદ્ધા આપો, કે
અમે હિંમતપૂર્વક જીવન જીવીએ
વ્યર્થ વિલાપમાં સમય ન વેડફીએ
શોકને હૈયે વળગાડીને  ન ફરીએ;

આંસુથી અંધારા બનેલા પથ પર
અમે જ્ઞાનનો દીવો પેટાવી યાત્રા કરીએ
વ્યથાનાં વમળોમાંથી જ અમે સત્ ચિત્ આનંદનું
કેન્દ્ર શોધી કાઢીએ;

મૃત્યુના અસૂર્ય-લોકમાંથી નીકળી અમે
શાશ્વત જીવન પર દૃષ્ટિ માંડીએ;
અને
પાર્થિવ સંબંધના બધા તાર તૂટી ગયેલા લાગે,
ત્યારે એક અમૃતલોક એવો છે
જ્યાં કોઈ વિચ્છેદ નથી, કોઈ વિનાશ નથી
એનું અમે દર્શન પામીએ, એ માટે
અમને બળ આપો
પ્રકાશ આપો
પ્રજ્ઞા આપો.

[સ્વજનની વિદાયવેળાએ]

કુન્દનિકા કાપડિયા કૃત

'પરમ સમીપે'માંથી સાભાર.

*કેળવણી કહે છે : 'હું સત્તાની દાસી નથી, કાયદાની કિંકરી નથી, વિજ્ઞાનની સખી નથી, કળાની પ્રતિહારી નથી, અર્થશાસ્ત્રની બાંદી નથી. હું તો ધર્મનું પુનરાગમન છું. મનુષ્યનાં હૃદય, બુદ્ધિ તેમ જ તમામ ઇંદ્રિયોની સ્વામિની છું. માનસશાસ્ત્ર ને સમાજશાસ્ત્ર એ બે મારા પગ છે. કળા અને હુન્નર મારા હાથ છે. વિજ્ઞાન મારું મસ્તિષ્ક છે. ધર્મ મારું હૃદય છે. નિરીક્ષણ અને તર્ક મારી બે આંખો છે. ઇતિહાસ મારા કાન છે. સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે. ઉત્સાહ અને ઉદ્યોગ મારાં ફેફસાં છે. ધીરજ મારું વ્રત છે. શ્રદ્ધા મારું ચૈતન્ય છે. આવી હું જગદંબા છું, જગદ્ધાત્રી છું. મારી ઉપાસના કરનાર બીજો કોઈનો ઓશિયાળો નહિ રહે. એની સર્વ કામના મારી મારફતે તૃપ્ત થઈ શકે એમ છે.'*

કાકાસાહેબ કાલેલકર

'જીવનવિકાસ', પૃ. ૧.

# જેને હૈયે-હોઠે વિદ્યાની જ વસંત...

**આસ્વાદ : રાધેશ્યામ શર્મા**

### કોઈ જગાડો

સૂઈ ગયો છે
સૂરજ
રોપ્યો જેણે
રાજનગરમાં
વિદ્યા કેરો ગરવો માણેકથંભ
સરસ્વતીના
યજ્ઞકુંડમાં
હોમાયો જે
તણખો તીવ્ર પ્રલંબ...
ભૂલો પડેલો
ગીરભૂમિનો સાવજ,
ડણકે શ્વેતવસ્ત્રમાં સંત–
એને હૈયે-હોઠે
હરપળ
વિદ્યાની જ વસંત !
એ સૂરજ–
એ સાવજને
રે કોઈ જગાડો...

– ડૉ. કેશુભાઈ દેસાઈ

'કોઈ જગાડો'ના કવિ ડૉ. કેશુભાઈ દેસાઈએ એક વૃત્તાન્ત સાંભળ્યો : વિદ્યાજગતના ભેખધારી સ્વ. માણેકલાલ પટેલનું નિધન અને સમાચાર મળતાં તા. ૧૩-૧-૨૦૧૨ના રોજ ડૉક્ટર દેસાઈને એક શીઘ્ર સંવેદન સ્ફૂર્યું તે આ રચના 'કોઈ જગાડો'.

'સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત'નો જાન્યુ.ફેબ્રુઆરી અંક, સમ્પાદક ડૉ. મણિભાઈ પ્રજાપતિએ મને મોકલાવ્યો એના ચોથા આવરણ પર ઉપરોક્ત રચના પ્રકાશિત થઈ છે.

સામાન્ય રીતરસમે દિવંગત સ્નેહીઓ વિશેની શ્રદ્ધાંજલિઓ અ-સામાન્ય અતિશયોક્તિસભર વિશેષણોથી ખચિત હોય છે. જ્યારે અહીં વ્યક્તિના અંગત નામોલ્લેખના સાહચર્યનો વિનિયોગ સાધી કવિ સંવેદનમાં 'પોતાની' વેદનાને પાત્રપ્રસંગલક્ષી રીતિએ અભિવ્યક્ત કરવા મથ્યા છે.

આ લખનારે 'જનસત્તા-લોકસત્તા'ના ૧૧-૯-૨૦૧૧ અંકમાં માણેકલાલભાઈને 'સાક્ષર' પદે આલેખ્યા હતા, આ શબ્દોમાં : 'જેમણે એક પણ ગ્રંથ લખ્યો નથી અને છતાં મૂર્ધન્ય કેળવણીકારો, લેખકો, વિવેચકો, શિક્ષકો – ટૂંકમાં સાક્ષરજગત જે વ્યક્તિ પર ઉમંગથી ઊમટી પડી એક અભિનંદન ગ્રંથનું સફળ આયોજન કરે એને કેવા સાક્ષર માનવા ? તો તે પ્રસ્તુત ગ્રંથનું શીર્ષક સૂચવી જાય : કર્મચૂડામણિ માણેકલાલ. એક ઉદ્યોગપતિ, કેળવણી ક્ષેત્રના કુલાધિપતિ રૂપે નિષ્ઠાપૂર્વક સરસ્વતીસેવાઓ આજીવન (આમરણ) અર્પે એને સ-અક્ષર શ્રીમન્ત માનવામાં ઔચિત્ય છે.

કવિ લેખે ડૉ. કેશુભાઈએ સદ્‌ગતના દેહાવસાનને છેક સૂર્યાસ્ત સમી ઘટના નિજ નાડી પર અનુભવી વ્યક્તિ માણેકને, 'માણેકથંભ' કલ્પી સફળ ઑબ્જેક્ટિવ પ્રતીક નિર્મિત કરી આપ્યું :

રોપ્યો જેણે
રાજનગરમાં
વિદ્યા કેરો ગરવો માણેકથંભ

વિજયસ્તંભ સમો માણેકથંભ લગ્નવિધિ વખતે મંડપ માટે રોપાતો હોય છે. કર્મચૂડામણિ માણેકભાઈએ પણ 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ને રાજનગર ગાંધીનગરમાં 'સર્વ વિશ્વ વિદ્યાલય' સાથે સં-લગ્ન કરી વ્યાપક માણેકથંભ જ સ્થાપ્યો ને. આવો વિદ્યામંડપ અન્ય સંનિષ્ઠ આચાર્ય, શિક્ષકોના સામૂહિક સ-હકાર સેવાઓ વડે એક માણેકલાલ જ સ્થાપી શક્યા. માણેકથંભને હાથથી સ્પર્શી જોશો તો થોડો ખરબચડો લાગે પણ એનો સ્થાપન હેતુ શુભ મંગલ કોમલ હોય.

કૃતિનો બીજો સ્તબક, સરસ્વતી-ભારતીના યજ્ઞકુંડમાં જે હમણાં હોમાઈ ગયો તે તણખાને કર્તા 'તીવ્ર' પ્રમાણી શક્યા તે સૂચક છે. સાર્થક છે.

પંક્તિઓના અંતેનું પ્રાસકર્મ કર્તાનું કૌશલ્ય છતું કરે છે, જેમકે માણેકથંભ-પ્રલંબ-સંત-વસંત આદિ. પરંતુ સુજ્ઞોએ નોંધ્યો જ હશે 'સૂરજ' સાથે ત્રીજા સ્તબકના 'સાવજ'નો પ્રાસ :

**ભૂલો પડેલો**
**ગીર ભૂમિનો સાવજ**
**ડણકે શ્વેતવસ્ત્રમાં સંત–**

ઉત્તર ગુજરાત કડી વિદ્યાલયના લોકેશનને ખસેડી રચનાના નાયકને, ગીર ભૂમિના અહીં ભૂલા પડેલા સાવજને શ્વેતવસ્ત્રમાં ડણકતા (!) સંત સ્વરૂપે નિરૂપી કવિ ઑડિયો - વિઝ્યુઅલ ઇમેજનું કોલાજ પ્રસ્તુત કરે છે. નાયકમાં સંતત્વનું આરોપણ કેવું લાગે છે ? સૂરજમાંથી સાવજ નિર્મ્યો અને અન્તે સંતપદ ! પૂછીએ, શાથી ? તો એનો સયુક્તિક ઉત્તર આ રહ્યો :

**એને હૈયે-હોઠે**
**હરપળ**
**વિદ્યાની જ વસંત !**

'વસંત' પાછળ આશ્ચર્યચિહ્ન અનાવશ્યક, કેમકે 'સર્વ વિશ્વવિદ્યાલય'નો પ્રત્યેક સરસ્વતીચાહક માણેકલાલભાઈના હૈયે-હોઠે વિદ્યાની વસંતનો મહદ્ અંશે અનુભવ કરી ચૂક્યો હશે.

આવા કર્મયોગી વિદ્યા-ઉદ્યોગીને ચિતા પર સૂતેલા ભાળીને કવિ ઉપરાંત ઘણાબધા સંસ્કારી સ્વજનો પણ મનોમન ઉદ્‌ગાર્યા વિના ના રહે :

**એ સૂરજ–**
**એ સાવજને**
**રે કોઈ જગાડો...**

ડૉ. કેશુભાઈ દેસાઈનું 'શીઘ્ર સંવેદન', એમની વિરહવેદનાને સરસ પ્રસંગોચિત્ત કાવ્યાંજલિ સ્વરૂપ બક્ષી શક્યું છે.

સ્ફુલ્લિંગ સમી એક જૂની પંક્તિ આ ઘડીએ ઊડી આવી : જાનાર તો જાતા રહ્યા, સદ્‌ગુણ એના સાંભરે...

(૨૫, ભુલાભાઈ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૨૨)

*મારું મન કોઈ એવી વસ્તુ ઝંખે છે – જે મળતાં એ કહી શકે કે, આ મારું જીવનભરનું ભાથું મળી ગયું; હવે બીજા કશાની મારે જરૂર નથી. આ મૃત્યુલોકમાં એ અમૃતને આપણે ક્યાં પામીએ છીએ ? જ્યાં આપણો પ્રેમ હોય છે ત્યાં.*

*

*પ્રેમની સાધના કરતાં જો રસના પ્રલોભનમાં ફસાઈ ગયા, તો પછી કેવળ રસસંભોગને જ આપણે સાધનાની ચરમ સિદ્ધિ માની બેસીએ. પછી એ નશાને જ રાતદિવસ જાગતો રાખીને આપણે કર્મને ભૂલી જઈએ છીએ, જ્ઞાનનો અનાદર કરીએ છીએ. એ રીતે તો આપણે આખા ઝાડને કાપી નાખીને ફૂલ મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ.*

– રવીન્દ્રનાથ ટાગોર

# આલોક

**પ્રિ. કેશુભાઈ પટેલ**

મને ગમી ગયેલી ફિલ્મ 'બાગબાન'નો એકપ્રસંગ મને ખૂબ યાદ રહી ગયો. મિ. મલહોત્રા (અમિતાભ બચ્ચન) એમનાં પત્ની સાથે એક અનાથાશ્રમમાંથી બહાર નીકળે છે. પ્રવેશ દ્વાર આગળ એક નાનકડો છોકરો બૂટ-પાલીશ કરે છે. હાથમાં બ્રશ છે, બાજુમાં ચોપડી પડી છે. છોકરો પોલીશ કરાવવા આજીજી કરે છે :

'આપકે બૂટ દોના, સાહબ, બડી અચ્છી પાલીશ કરુંગા.

'તેરી પાસ મેં યહ કયા હૈ? (ચોપડીને સૂચવતાં)

'કિતાબ હૈ, સા'બ. મૈં પઢના મંગતા હું બહોત પઢના...

'બચ્ચા, તેરા નામ કયા હૈ?

'વૈસે તો આશ્રમમેં મુજે સબ 'છોટુ' કહતે હૈ, મગર મેરા અસલી નામ તો 'આલોક' હૈ.

'આલોક કા મતલબ સમજતા હૈ?

'હાઁ, રોશની-પ્રકાશ.

અને અમિતાભ પોલીશ કરવાનું બ્રશ દૂર ફેંકતાં કહે છે :

'અબ તુજે ઇસકી જરૂરત નહીં. મૈં તુઝે પઢાઊંગા.'

એક ખિલવા માગતા રોપાને મિ. મલહોત્રાએ પાણીનું, પૈસાનું, પ્રેમભરી હૂંફનું સિંચન કર્યું અને આલોકની ઉત્કટ ખેવનાને ટેકો મળ્યો, એની તેજસ્વિતા ખીલી ઊઠી. એ ભણ્યો – ખૂબ ભણ્યો અને વિદેશ પહોંચ્યો. એની પ્રગતિની વાત કરતાં હેમા કહે છે તમે આ છોકરાને ક્યાંથી ક્યાં... 'ના, એવું નથી એનામાં તમન્નાનો આતશ જલતો હતો મેં તો માત્ર હવા દીધી. (ઉપરની વાતચીતમાં ક્યાંક મારી કલ્પનાનું ઉમેરણ પણ હશે.)

બેંકમાં નોકરી કરતો એક સજ્જન વ્યક્તિ હાથનો ટેકો આપે તો કેવું અદ્ભુત પરિણામ આવે છે – એના સદ્કાર્યોનો આ એક નમૂનો. પરંતુ શિક્ષક ધારે તો એને સોંપેલા, એની સામે બેસતા કેટલા બધા વિદ્યાર્થીઓની જિંદગીને વિકાસને પંથે ચઢાવી શકે અને આ સંસારનો કેવાં ગજબનો માનવી બની શકે તેનો દાખલો મારા ખુદના સંદર્ભમાં આપવો છે.

બાળપણમાં મારા પરિવારની સ્થિતિ ખરાબ નહિ તો સાવસાધારણ. મારા પિતાની ઉંમર થઈ ગયેલી અને આવકનું કોઈ સ્થાયી સાધન નહિ. થોડી જમીન અને બાની ભેંસ ઉપર કુટુંબનો ગુજારો થાય.

મારું સારી રીતે ભણવાનું તો મારા ગામની ગાયકવાડી સરકારમાં ઉત્તમ ગણાયેલી પ્રાથમિક શાળામાં થયું. પણ ભણતરનું એ ભાથું ઠેઠ સુધી કામ આવ્યું. શાળામાં આગળના ભણતરમાં તો કૂદકા માર્યા અને કૉલેજ જોયા વગર એક્ષટર્નલ અભ્યાસ કર્યો. અંગ્રેજી ચોથું ધોરણ પાસ કર્યું ત્યાં મારા વત્સલ અને મને ખૂબ ભણાવવાની હોંશ ધરાવતા બાપાએ ખૂબ દુઃખ સાથે કહ્યું : 'ભઈ, વેપારમાં બરકત નથી એટલે સમેટી લેવું પડ્યું અને ઘરની સ્થિતિ તો તું જુએ છે. હવે હું થાક્યો છું, તું ક્યાંક નાની મોટી નોકરી કરે તો... અમારા ગોર જે મારા બાપાના મિત્ર હતા એમના મોટા દીકરા કાન્તિભાઈ પંડ્યા કેલિકો મિલમાં પ્રિન્ટિંગ માસ્ટર

હતા. એ ઘેર આવેલા. એમણે વાત જાણી. હું ભણવામાં હોશિયાર હતો એની એમને ખબર હતી. એમણે મારા બાપાને કહ્યું: કાકા, આને હું અમદાવાદ લઈ જાઉં છું. ભણવાનું ગોઠવાય તો ઠીક, બાકી નોકરી તો મારા હાથની વાત છે. હું એમની સાથે અમદાવાદ પહોંચ્યો.

એ જમાનામાં શુદ્ધ બ્રાહ્મણિયા સંસ્કારવાળા આ કુટુંબમાં એમણે આપ્તજન તરીકે મને રાખ્યો. મિલના કમ્પાઉન્ડમાં કમલભુવનમાં એમના ઘેર રહેવાનું અને રાત્રે ૧૨-૦૦થી ૭-૦૦ની ત્રીજી પાળીમાં ડાઇંગ ખાતામાં નોકરીનું ગોઠવાયું. વળી ભણવા માટે પાંચમું અને છઠ્ઠું ધોરણ એક વર્ષમાં કરવા ખાડિયાના એક ક્લાસમાં મને દાખલ કરાવ્યો એની ફી પણ એમણે જ ભરી દીધી.

રાત્રે મિલમાં મજૂરી કરું અને દિવસે સાંજના નિયમિત રીતે વર્ગો ભરું. વર્ષને અંતે અમારી પરીક્ષા લેવાઈ અને હું સારી રીતે પાસ થયો. એનું સર્ટિફિકેટ પણ મળ્યું. પણ આ ક્લાસ સરકાર માન્ય નહિ એટલે આગળ એસ.એસ.સી.ના વર્ગમાં પ્રવેશ મેળવવા હું એક શાળામાં ગયો ત્યારે ખબર પડી કે આ દાખલા ઉપર કોઈ હાઈસ્કૂલમાં મને પ્રવેશ ન મળે. મને ભારે ધ્રાસકો પડ્યો. મારી નિરાશાનો પાર નહોતો. હવે શું કરવું ? મારી મૂંઝવણ વધી ગઈ અને હું રઘવાયો થઈને દરરોજ જુદીજુદી શાળાઓમાં રઝળપાટ કરતો ખૂબ આશા સાથે જતો અને ઑફિસમાંથી નકાર મળતાં ઢીલોઢબ થઈ અપાર નિરાશા સાથે પાછો વળતો. એવામાં મારા વતનના મારા મિત્ર કાન્તિભાઈએ મને અપાર હૂંફ અને આર્થિક મદદ કરી.

કે. આર. કૉલેજના પ્રથમ વર્ષમાં ભણે અને રતનપોળમાં કાકાના મકાનમાં રહે. એમણે આગ્રહ કરી મારું રહેવા-જમવાનું એમની સાથે ગોઠવી દીધું. મારો અભ્યાસ અટકી ન પડે એની એનેય ચિંતા. પ્રવેશ માટેની રઝળપાટમાં આખું વરસ તો પૂરું થવા આવેલું. એવામાં એ ભાળ લાવ્યા કે ઘી કાંટા રોડ પર આવેલી મોડેલ હાઈસ્કૂલમાં કદાચ પ્રવેશ મળે. બીજી શાળાના મુકાબલે ઉતરતા સ્તરની અને એમાં પછાત વિદ્યાર્થીઓ વધારે, પરિણામ પણ સાધારણ આવે પણ મારે તો કોઈપણ હિસાબે શાળામાં ભણવું હતું.

હું શાળામાં ગયો મને હજી એ દૃશ્ય બરાબર યાદ છે. આચાર્યની ઑફિસમાં આગળ લાકડાની આરામ ખુરશીમાં એક ભદ્ર-પુરુષ ફાઇલો જોતા બેઠેલા. લાંબો કોટ, ધોતી પહેરેલાં, એમને જોતાં જ ભક્તિ અને આદરની લાગણી થાય એવી સસ્મિત સૌમ્ય આભા ચહેરા પર હતી. રજા વિના પ્રવેશી હું એમના પગ પાસે બેસી ગયો મને આમ બેસેલો જોઈને એમનેય આશ્ચર્ય થયું. જરા એકીટસે જોઈ પૂછ્યું 'કંઈ, કામ છે, ભાઈ ?' 'સાહેબ, (મારાથી બે હાથ જોડાઈ ગયા) મારે ભણવું છે. મારી વાણીમાં આર્જવભરી આજીજી હતી. એમણે મારી આંખોમાંજોયું. એમને મારા અડગ નિર્ધારની પ્રતીતિ થઈ હોય એમ, મને થોડા પ્રશ્નો પૂછી. પછી થોડીવાર બહાર બેસવા કહ્યું.

અજંપાભરી સ્થિતિમાં હું બહાર બૅન્ચ પર બેઠો. મારે માટે આ જીવન-મરણની ઘડી હતી. જો મને એસ.એસ.સી.માં અહીં પ્રવેશ નહીં મળે તો મારે જીવનભર પેલી મિલમાં મજૂરી કૂટવાની રહે. પટાવાળાએ મને અંદર જવા કહ્યું.

'ભઈ, તમારા આ દાખલા ઉપર તો એડમિશન ન મળે. કેમનું કરીશું ?'

મેં નીચા નમી એમના પગ પકડ્યા. 'સાહેબ, ગમે તે કરો પણ મને તમારી શાળામાં...

'છોકરા, એક શરતે હું તને દાખલ કરું જો. હવે વાર્ષિક પરીક્ષાઓને એકાદ મહિનો બાકી છે. તમારે (અત્યારના ધો.૯) છઠ્ઠા ધોરણની પરીક્ષા આપવાની અને એમાં તમે પાસ થશો તો

એસ.એસ.સી.ના વર્ગમાં એડમિશન મળશે.' 'હા, સાહેબ' મારા હરખને કોઈ સીમા નહોતી. મેં પરીક્ષા આપી, પાસ થયો અને એસ.એસ.સી.માં મને એડમિશન મળી ગયું.

મારા આનંદની કોઈ અવધિ નહોતી. એક અનધિકૃત પ્રમાણપત્ર પર શાળામાં પ્રવેશ આપવાની હિંમત કરનાર અને અંધારી ગલીની ગટરમાંથી એક ઊછરતી જિંદગીને ઊંચકી પ્રકાશને પંથે ચઢાવનાર એ હતા મોડેલ હાઈસ્કૂલનું સંચાલન કરતા રામકૃષ્ણ સેવા સમિતિના મંત્રી મુ. વિષ્ણુપ્રસાદ આર. ઠાકોર. મને પ્રવેશ આપતાં કરીને એમણે કેવડું મોટું જોખમ ઊઠાવ્યું હતું તે તો મને પાછળથી મારા વ્હાલા આચાર્યશ્રી એચ. એમ. સોલંકી સાહેબ દ્વારા જાણવા મળેલું. એ વર્ષે શાળાના ઇન્સ્પેક્શન માટે પુનાથી હિંગોરાણી સાહેબ આવેલા મારા ગેરકાયદે પ્રવેશ બાબતે એમણે સીધા તતડાવવા માંડ્યું : How could you admit this boy illegally અને જાણે ટેનિસનો દડો રીબાઉન્ડ થતો હોય એમ પૂરા આત્મવિશ્વાસ અને મક્કમતાથી ઠાકોર સાહેબે ઉત્તર વાળ્યો : મિ. હિંગોરાણી ! My School is meant for such boys. If you can, you may cancel recognition of my school. I will fight for it in assembly (Bombay) મેં આગળ લખ્યું છે તેમ અમારી આ શાળાનું મકાન, શૈક્ષણિક સગવડો બધું સખળડખળ. પચાસ ટકા વિદ્યાર્થીઓ તો ગરીબ અને પછાત વર્ગના પણ શાળાનું નામ યથાર્થ રીતે શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ સાથે જોડાયેલું. પૂ. ઠાકોર સાહેબ આચાર્યશ્રી ઓઝા સાહેબ ને સોલંકી સાહેબ સુખી સજ્જનો પાસેથી ફાળો ઉઘરાવી આર્થિક કથળેલી હાલતવાળા વિદ્યાર્થીઓને ફી તેમ જ ચોપડીઓની મદદ તેમ જ ગણવેશ સુદ્ધાં લાવી આપતા. આ મેં જાણ્યું ત્યારે મારી શાળા માટે મને રોમહર્ષણ આદર અને ગર્વ થયો. મારા સારા પરિણામને કારણે મને ફ્રીશીપ ઓર્ડર થયેલી પણ મેં એમ કહીને નકારેલી કે દર મહિને પગારના સવાસો રૂપિયા હું કમાઉં છું. મારે જરૂર નથી.

પણ... હજી મારી વાતનો ઉમદા છેડો તો બાકી છે. ઈ. સ. ૧૯૪૩-૪૪માં હું ગુજરાતી છઠ્ઠું ધોરણ પાસ થયો તે પછી છેક ઈ. સ. ૧૯૫૦-૫૧માં હાઈસ્કૂલમાં રેગ્યુલર વિદ્યાર્થી તરીકે ભણવાનો યોગ આ મોડલ હાઈસ્કૂલમાં થયો. રાત્રે ત્રીજી પાળીમાં મજૂરી કરવાની અને દિવસે ભણવાનું. પણ ભણવામાં મજા આવતી. નવા નવા મિત્રો થયા અને ઘણા બધા શિક્ષકોનો પ્રેમ સંપાદન કર્યો. પ્રિ. ઓઝા સાહેબ અંગ્રેજી શીખવે. ક્યારેક ઠાકોર પણ વર્ગમાં આવી જાય. એમાં અમારા ગુજરાતીના સર ભારે કડક. ઘીકાંટાના રસ્તે જ બધી સિનેમા આવેલી. એક વાર સિનેમા ઘરમાં રેડ પાડી વિદ્યાર્થીઓને પકડેલા. મને નાનપણથી જ સાહિત્ય પ્રત્યે રુચિ. ભાષાની જોડણી કાચી પણ કલ્પનાની છત. એક વાર 'મંદિરના આંગણામાં બેસી એવા અરૂઢ વિષય ઉપર અમને નિબંધ લખવા આપ્યો. મેં જરા હટીને અસ્પૃશ્યતાના અભિશાપ અને માનવતાને વણી વાત કરેલી અને સાહેબે મારી પીઠ થાબડી મારો નિબંધ વર્ગમાં વંચાવેલો. હું સર્જક બન્યો, લખતો થયો એમાં આવાં નાનાં મોટાં પ્રોત્સાહનોનો પણ ફાળો હશે.

વરસ તો આંખના પલકારામાં વીતી ગયું. 'પ્રિલિમ પરીક્ષા આવી. ખાસ તૈયારી તો હતી નહિ એટલે મિલમાંથી એક મહિનાની રજા લીધી અને ખૂબ મહેનત કરી પરીક્ષા આપી. પરિણામ આવી ગયું અને અમારી એસ.એસ.સી. પરીક્ષાનાં ફોર્મ ભરવાનું શરૂ થયું. આ માટે ત્રણ માસની ફીના રૂ. ૨૪ અને ફોર્મના રૂ. ૨૫ મળી પચાસ રૂપિયા શાળામાં ભરવાના હતા. આ માસનો પગાર મળ્યો નહોતો અને પૈસાનો વેત હતો નહિ. આમેય આખું વરસ મેં એક શર્ટને બે લેંઘા પર કાઢ્યું હતું. ૧૯૪૭માં મારું લગ્ન થયેલું. મારા હાથે લગ્નની

સોનાની વીંટી હતી એ વેચી માર્યા વગર છૂટકો ન'તો. મિત્રો ત્રિવેદી-પંચાલ પણ આટલી મદદ ક્યાંથી કરે ? અને કે. આર. તો મારો જમવાનો બોજ ઉપાડતો જ હતો. હું માણેકચોકમાં વીંટી વેચવા ચાલ્યો. આ બાજુ મિત્રો દોડ્યા અમારા પ્રિ. સોલંકી સાહેબ પાસે. એમને વાત કરી અને સાહેબે તત્કાળ એક પટાવાળાને દોડાવ્યો માણેકચોકમાં. હું વીંટી કાઢી તોલ-માપ કરાવતો હતો ત્યાં પેલો આવ્યો અને સોલંકી સાહેબ તુર્તાતુર્ત બોલાવે છે એમ કહી મને ઘસડીને લઈ આવ્યો.

મારી એ બધી ફી શાળાએ ભરી દીધી. એસ.એસ.સી.નું ફોર્મ ભરાઈ ગયું અને પ્રિલિમ પરીક્ષાની રીઝલ્ટ શીટ મારા હાથમાં આપતાં એ સોલંકી સાહેબે મને બાથમાં લઈ કહ્યું : 'મૂરખ, તું તો અમારી શાળાનું રતન છે. જો તું પ્રિલિમમાં પહેલા નંબરે પાસ થયો છે' મેં સાહેબને હાથ જોડ્યા. મારી આંખમાં આંસુ હતાં. બે હાથ વચ્ચે માર્કશીટ ભીંજાતી હતી અને સાહેબ મારી પીઠ પસવારતા હતા. એ આંસુ ઓશિંગણપણાનાં હતાં કે હરખનાં હતાં કે પછી નિરાધાર એકાકીપણાનાં હતાં કે પછી છૂપા અપરાધભાવનાં હતાં, એ હજી હું નક્કી કરી શક્યો નથી. પરંતુ એ આંસુની આરપાર, હૂંફ ભર્યા મૉડલ હાઈસ્કૂલના ટેકાના પ્રભાવમાં મને એક ઊગતા સૂરજનાં આલોકનાં દર્શન થયાં હતાં.

એ/૪૦ ઉત્સવ બંગ્લોઝ
મહેસાણા-૩૮૪૦૦૨
મોબાઇલ : ૯૮૨૪૬૭૯૯૬૩

ઈશ્વરપ્રણીત વેદવાક્યમાં પ્રાણ હોવો જોઈએ; એટલે વધવાની, વિસ્તાર પામવાની, નવી શક્તિઓને ઓળખી તેને પહોંચી વળવાની તેનામાં શક્તિ હોવી જોઈએ. પદાર્થમાં સ્થૂળ સ્વરૂપના વિકાસને જો કરોડો વર્ષ વીતી જાય છે, તો વિચાર જેવી સૂક્ષ્મ વસ્તુના અને આચારના વિકાસને સારુ આપણે કેમ ચમત્કારની આશા રાખીએ ? વાસ્તવિક રીતે કંઈ જ એકાએક નથી બનતું; એકાએક બન્યાનો આપણને આભાસ જ થાય છે. કોઈ પદાર્થને વિશે અમુક ક્રિયા કેટલા કાળ થયાં થઈ છે એ કોણ કહી શકે ? ભારેમાં ભારે શક્તિઓની ક્રિયા હંમેશાં અદૃશ્ય હોય છે. લાંબા કાળ સુધી આપણને તેની અસર પણ નથી જણાતી. છતાં તે ક્રિયાઓ ચાલ્યા કરે છે એમ આપણે અનુભવથી જાણીએ છીએ.

મો૦ ક૦ ગાંધી [૨૨-૫-૧૯૨૪]

ગાંધીજી આપણને કહે છે કે દુનિયામાં વધુમાં વધુ વ્યાવહારિક વાત કોઈ હોય તો તે બીજાની રાહ ન જોતાં પોતે જ શરૂ કરવાની છે. અને પોતાથી શરૂ કરવામાં પણ બહાર ભણી ન જોતાં, મોં અંતર ભણી વાળવું એ જ વધુમાં વધુ વ્યાવહારિક વાત છે. કારણ કે આપણા હાથની વાત છે. 'ઉત્તિષ્ઠત, જાગ્રત !' નો મંત્ર આપણે સૌથી વધુ ખાતરીપૂર્વક કોઈને આપી શકીએ તો તે પોતાની જાતને. ગાંધીએ તેમ જ કર્યું હતું, અને તેથી જ તેઓ પોતાની વાત વિશાળ ક્ષિતિજો સુધી પહોંચાડવામાં સફળ થતા હતા. પોતાની જાતને સંબોધવાનો એમનો રસ્તો આત્મનિરીક્ષણ, આત્મચિંતન અને આત્મશુદ્ધિનો હતો.

– નારાયણ દેસાઈ

# જ્ઞાનયુગ, ઉચ્ચ શિક્ષણ અને ગ્રંથાલય સેવા-સમાયોજનનો તકાદો : ગ્રંથપાલની ભૂમિકા

ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી, પૂર્વઉપકુલપતિ, હે. ઉ. ગુ. યુનિવર્સિટી, પાટણ

## યુગસંદર્ભ :

એકવીસમી સદી ઝડપથી આગળ વધી રહી છે, એનો એક દસકો તો પૂરો પણ થઈ ચૂક્યો છે. આજની દુનિયા અનેક નવાંનવાં પરિબળોની સર્જક બનવાની સાથેસાથે, સાક્ષી અને ઉપભોક્તા પણ બનતી ગઈ છે. એની વસતિ હવે સાત અબજની થવા પામી છે. આટલી મોટી માનવસંપદા જગતને ઉપલબ્ધ સંસાધનો માટે બોજ ન પુરવાર થાય એ અંગે ચિંતા સેવાઈ રહી છે. આપણો દેશ પણ એ ચિંતાનો માનસિક અને નૈતિક બંને રીતે હિસ્સેદાર છે. દેશ અને દુનિયા સામે આ સદીએ જે કેટલાક પડકારો આગળ ધર્યા છે, એ પૈકીના નીચેના તો સવિશેષ મૂંઝવનારા છે, અકળાવનારા છે, અને એમને કેવી રીતે વિધાયકરૂપે પહોંચી વળવા માટેનાં જરૂરી અનેક આયોજનો વિચારવા માટેનો તકાદો ખડો થયો છે.

(૧) વિશ્વ બહુ સાંકડું બની ગયું હોઈ, જીવન જીવવાની નવીનવી તરાહો શીખવાની નોબત આવી છે.

(૨) વિશ્વ સમાજ ખૂબ તરલ, ગતિશીલ અને ઝડપી બની ગયો હોઈ માનવીએ એનાં હાલનાં કાર્યકૌશલ્યો, કસબો, આવડતો અને ખુદ એની માનસિકતાને ઝડપી ગતિ સામે તાલ મેળવતાં કરવાની જરૂર ઊભી થઈ છે.

(૩) માનવીએ એના સમાજના રોજિંદા જીવનવ્યવહારોને નવાનવા જ્ઞાનના અને અજનબી એવી ટેક્નૉલૉજીઓની ઉપલબ્ધિના કારણે પુનઃ પુનઃ ગોઠવતા રહેવાની અને નવાનવા આયામો કરવાની અને એમને પુનઃ વ્યાખ્યાયિત કરવાની, અગાઉ કદીય ઉપયોગમાં નહીં લેવાયેલી એવી વિવિધ કાર્યપદ્ધતિઓ વિકસાવવાની અને સફળતાથી અજમાવવાની મહા કટોકટીનો સમય આવી પહોંચ્યો છે.

(૪) છેલ્લે આ સદીના માનવીને, એના ઇતિહાસમાં કદીય નહીં અનુભવાયેલો એવો આંતરિક સંઘર્ષનો સામનો કરવાનો મનોવૈજ્ઞાનિક, સાંવેગિક, નૈતિક અને આધ્યાત્મિક તકાદો આવી રહ્યો છે, જે એના વ્યક્તિત્વને વિશીર્ણ કરી રહ્યો છે.

આ છે નવો યુગસંદર્ભ, એને જન્મ આપ્યો છે જ્ઞાનના પ્રચંડ વિસ્ફોટે, વિજ્ઞાન-ટેક્નૉલૉજીના હેરતનાક વિકાસે, વૈશ્વિકીકરણના વ્યાપક ફેલાવાએ અને એ બધા પ્રતિ માનવી તરફથી હાલ અપાઈ રહેલા અધકચરા ગૂંચવાડો સર્જતા, અધીરાઈભર્યા, ઉતાવળા અને ઘણી વાર ગાંડાઘેલા કહેવાય એવા પ્રતિચારોએ.

એ બધાંની વચ્ચે અકબંધ છે આધુનિક માનવીની જબરી જિજીવિષા, આપત્તિ સામે જંગ ખેલી લેવાની પ્રબળ યુયુત્સા અને પોતાનું ભાવિ ઉજ્જ્વળ બનાવવા માટેની અદમ્ય તિતિક્ષા. એટલે જ તો માનવીએ પ્રયોજી છે શિક્ષણની સુવિધાને. જે પૈકી ઉચ્ચ શિક્ષણ એક ખૂબ મહત્ત્વનું પરિબળ

છે. આપણા દેશનું ઉચ્ચ શિક્ષણ પણ જેવું છે તેવું પણ, માનવની જિંદગીની જદ્દોજેહદને માટે યુવાધનને સજ્જ કરવા માટેનું એક ખૂબ ઉપયોગી સાધન છે જ. એ ક્ષેત્ર, વિશેષ કરીને ૧૯૪૭ બાદ અનેક પરિવર્તનોમાંથી પસાર થતું આવ્યું છે. આજના જ્ઞાનયુગમાં આપણા યુવાધનના સર્વાંગ અને ઊર્ધ્વગામી વિકાસ માટે જે વળાંક આપવાની જરૂર ઊભી થઈ છે તેમાં એ ક્ષેત્રની ગ્રંથાલય સેવાને સમાયોજિત કરવા ગ્રંથપાલશ્રી ભૂમિકા ભજવી શકે એમ છે એ વિચારવાની તાતી જરૂર છે. ગ્રંથપાલનું ચાવી રૂપ સ્થાન જોતાં, એ એક કાબેલ સંયોજનકાર (Synergiser) તરીકેની ભૂમિકા ભજવી શકે એમ છે. અલબત્ત, એને માટે આ એક નવા જ, વિવિધલક્ષી વ્યવસાયી અવતારની ભૂમિકા બની રહે એમ છે.

**જ્ઞાનયુગ : સંભાવનાઓ અને અનિવાર્યતાઓ :** માનવસંસ્કૃતિના વિકાસમાં ભૂતકાળના કેટલાક યુગોએ પોતપોતાની રીતે પ્રદાન કર્યું છે. પુરાતન પાષાણ યુગથી લઈને, છેક વીસમી સદીમાં જોવા મળેલા જાજરમાન ઔદ્યોગિક યુગે સંસ્કૃતિના અનેકવિધ વિકાસમાં કેટકેટલો ફાળો આપ્યો છે ! અનેક શસ્ત્રો, ઉપકરણો અને સાધનો ઉપલબ્ધ કરી આપવાની સાથે સાથે એ યુગોએ સમાજવ્યવસ્થા, સંસ્કૃતિ અને સંસ્કારી જીવનની કેટકેટલી ભેટો માનવીને ચરણે ધરી છે ! આ આખીયે પ્રક્રિયામાં શકવર્તી પ્રદાન કરનારો હવે આવ્યો છે તે જ્ઞાનયુગ. એ યુગની તાસિર એ છે કે એ ભૌતિક સંપત્તિ અને એમાંથી નીપજતી સામાજિક ચેતનાઓ પૂરતો એક ભૂતકાળલક્ષી યુગ ન બની રહેતાં, એક જબરદસ્ત ભવિષ્યાભિમુખી, બૌદ્ધિક તાકાત ધરાવતો યુગ બનેલ છે. એનાં એલાન અજનબી છે અને અનિવાર્ય પણ છે ! એમને યોગ્ય, ઝડપી અને પર્યાપ્ત પ્રતિભાવ આપવાની ફરજ બજાવવાનો તકાદો ખડો થયો છે. એમ કેવી રીતે થઈ શકશે ? આ રહ્યાં એ માટેનાં કેટલાંક ગૃહિત વાનાં, જે આપણે સૌએ કરવાં પડશે.

(૧) જ્ઞાનથી અવગત બનો, એનું અસ્તિત્વ સ્વીકારો, એનું મૂલ્ય સમજો માહિતી અને જ્ઞાનની ભેળસેળથી બચો. માહિતી તો માત્ર એક સ્રોત (Rcsource) છે. જ્ઞાન એક શક્તિ (Power) છે.

(૨) જ્ઞાનની ક્ષમતાઓ, શક્યતાઓ, સંભાવનાઓ અપાર (Infinite) છે. એનો નમ્રભાવે આદર કરો અને એનો વિવેકપૂર્વક ઉપયોગ કરો. એ સશક્તિકરણ (Empowerment)નું મહાસાધન છે.

(૩) જ્ઞાન પ્રાપ્ત કરતા રહો, એની સાધના કરતા રહો અને સતત એમ કર્યા કરો. એ માટે તમારી જ્ઞાનેન્દ્રિયોથી માંડીને આધુનિક માહિતી ટૅક્નૉલૉજીઓ ઉપલબ્ધ છે જે વાપરતાં શીખી લો, પુનઃ પુનઃ શીખતા રહો.

(૪) વિશ્વજ્ઞાન ભંડારમાં ઉમેરો કરતા રહો, નવું નવું જ્ઞાન ઉત્પન્ન (Generate) કરતા રહો, એ માટેની સંશોધન, પ્રયોગ, નવીનીકરણ (Inovation), ચિંતન વગેરેની પદ્ધતિઓ શીખો, ઉપયોગમાં લો અને નમ્ર જ્ઞાનનિર્માતા (Producer) બનો

(૫) જ્ઞાનનું વિતરણ કરો, એનો ફેલાવો કરો, (Dissemination) ફેલાવા આડે નડતાં વિઘ્નોના ઉકેલ શોધો, પણ સર્વત્ર જ્ઞાન સુલભ બનાવો, સૌને એ ઝુંબેશમાં સમાવતા (Inclusive) રહો.

(૬) જ્ઞાન તો કિંમતી છે એનું રક્ષણ કરો, (Store) જાળવણી કરો, અને એનો સંગ્રહ સલામત રીતે કરવા (Retention) માનવ શ્રુતિથી લઈને અદ્યતન ટૅક્નૉલૉજીઓનો (e-resources) ઉપયોગ કરો.

(૭) જ્ઞાનને જીવનના અનેક કારોબારોમાં સાંકળવાનું છે, ઉપયોગમાં લેવું છે અને તેમ કરીને સમગ્ર સમાજને એના લાભ પહોંચાડવાના છે માટે સમયે સમયે જ્ઞાનને હાથવગું રાખવા (Retrieval) માટેના પ્રબંધો કરો, યાદ રાખો કે જ્ઞાન એક સાધન છે.

(૮) જ્ઞાન ઉપયોગમાં લેવાનું છે, અને તે પણ માનવીના વિકાસ માટે, કલ્યાણ માટે, આબાદી માટે, સુસંવાદી સમાજના નિર્માણ માટે, જ્ઞાનને ઉપયોગમાં લેવાની અનેક તકો છે. ભૌતિકથી માંડીને આધ્યાત્મિક હેતુઓ માટે જ્ઞાન ઉપયોગમાં લેવાના અસંખ્ય વિકલ્પો છે. એ પ્રયોજો, જ્ઞાનનો લાભ લો અને અન્યોને આપો.

(૯) જ્ઞાન એ સંસ્કૃતિનું વાહક બળ છે. જ્ઞાન વડે સાચા માનવી બનો, નમ્ર બનો, ઉદાર બનો, માનવમૂલ્યોના પુરસ્કર્તા બનો અને તેમ કરીને એક ખૂબ ઉપકારક એવા જ્ઞાન કાર્યકર (Knowledge worker) બનો.

પેલી જાણીતી સંસ્કૃત ઉક્તિ न हि ज्ञानसद्दशम् तप: । ઘણુંબધું કહી જાય છે. આપણું ઉચ્ચ શિક્ષણ એ ઉક્તિથી સુસંબદ્ધ (Compatible) કેવી રીતે બની શકે અને એ હેતુ સિદ્ધ કરવામાં ગ્રંથપાલ શી ભૂમિકા ભજવી શકે એ વિચારવું રહ્યું.

**ઉચ્ચશિક્ષણની ફળશ્રુતિ :** ૨૧મી સદીનો યુગસંદર્ભ અને તેનાં અનેક પરિમાણોને વિવિધ આયામો બક્ષતો જ્ઞાનયુગ અને એ બંનેની પારસ્પરિક આપ-લેથી નિર્માણ પામી રહેલી વિવિધ પરિસ્થિતિઓ વ્યક્તિ અને સમાજ માટે અનુકૂલનના અનેક પ્રશ્નો અને વિકલ્પો ઊભા કરી રહેલા જોવા મળે છે. એમની સાથે આશ્ચર્યકારક રીતે પાર પાડવા (Address) આજના માનવીને, તેમાંય આપણાં યુવક-યુવતીઓને, સજ્જ કરવાની નવી જ કામગીરી આજના આપણા ઉચ્ચ શિક્ષણને ફાળે આવી છે. એ કામગીરીને ન્યાય આપવા આપણા ઉચ્ચ શિક્ષણક્ષેત્રે વિશ્વકક્ષાએ સ્વીકારાયેલા ઉચ્ચ શિક્ષણના વૈશ્વિક સંદર્ભના ઉદ્દેશો ધ્યાનમાં લેવા જોઈશે. યુનેસ્કોએ નીચેના ઉદ્દેશો સૂચવ્યા છે.

(૧) વિદ્યાર્થી પોતાના દેશના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસમાં પ્રદાન કરવાની વિવિધ ક્ષમતાઓ ઉચ્ચ શિક્ષણ દ્વારા પ્રાપ્ત કરે.

(૨) વિદ્યાર્થી એવી કાર્યસંસ્કૃતિ વિકસાવે જેમાં સમયપાલન, સમયઆયોજન અને સમય ઉપાયોજનની ત્રિવિધ જોગવાઈઓ થઈ હોય.

(૩) સાંપ્રત જીવનમાં ઊભાં થતાં અનેક પ્રકારનાં માનસિક અને સાંવેગિક દબાણો, તણાવો અને સંઘર્ષોને યથાર્થ રીતે સમજવાની આવડતો કેળવી, તેમને પહોંચી વળવાનાં યોગ્ય માનસિક વલણો, અભિગમો અને વ્યવહારક્ષમતાઓ વિદ્યાર્થી વિકસાવે.

(૪) વિદ્યાર્થી માહિતીઓ અને બૌદ્ધિક સામગ્રીઓનો તલસ્પર્શી અભ્યાસ કરતાં તેનું વિશ્લેષણ કરતાં તેમાંથી નવનીત રૂપ અર્થઘટનોની તારવણી કરતાં અને એની અન્યોને સમજ આપવાની અસરકારક ક્ષમતાઓ વિકસાવે.

(૫) વિદ્યાર્થી પ્રત્યાયનના ભાષાકીય તેમજ બિનભાષાકીય કૌશલ્યો વિકસાવે, એની અભિવ્યક્તિનાં માનવીય તેમજ ટેક્નૉલૉજીનાં સાધનોનો સક્ષમ ઉપયોગ કરતાં શીખે અને તેમ કરીને સામાજિક સંસ્કૃતિમાં પ્રદાન કરતાં કરતાં પોતાના વ્યક્તિત્વને સુચારુ રીતે નિખારે.

(૬) એ કામકાજમાં મૌલિક તોર-તરીકા વિકસાવે એ માટે નવીનીકરણ (Innovation), સર્જનશીલતા (Creativity), મૌલિકતા (Originlity), અભિક્રમશીલતા (Initiative), જૂથકાર્ય (Team work) અને સાહસિકતા

(Entreprenearship)ની ક્ષમતાઓ વિકસાવે અને તેમ કરીને ઉત્તમોત્તમ અને મહત્તમ ઉત્પાદક વ્યક્તિ બને.

(૭) વિદ્યાર્થી અણધારી પરિસ્થિતિઓ, કટોકટીઓ, અકસ્માતો, આપત્તિઓ વગેરેને સ્વસ્થતાથી, અસરકારકતાથી સંતોષપૂર્વક રીતે પહોંચી વળવાની ક્ષમતાઓ વિકસાવે.

(૮) વિદ્યાર્થી એના જીવનભર સ્વશિક્ષણ કરતા રહેવાની હોંશ ધરાવે, પોતાનું જ્ઞાન સર્વદા વિકસતું રહે, નવાં રૂપો ધારણ કરતું રહે એ માટેની વિવિધ અભ્યાસ ટેવો વિકસાવે અને જ્ઞાનસંક્રમણની બધી જ જાતની ટૅક્નૉલૉજીઓ એ માટે વાપરતાં શીખે અને એ ઉપયોગમાં લેતો રહે.

(૯) પોતાના રોજિંદા જીવનમાં, અંગત તેમજ જાહેર વ્યવહારોમાં વાજબી એવાં જોખમો ઉપાડતાં વિદ્યાર્થી શીખે અને પોતાના સઘળા નિર્ણયોની જવાબદારી લેતો થાય.

(૧૦) એ અત્યંત જરૂરી છે કે ૨૧મી સદીનો વિદ્યાર્થી જીવનના વિવિધ પ્રશ્નો તરફ બહુસાંસ્કૃતિક (Multicultural), ઉદાર, સમજદારીભર્યા અભિગમ વિકસાવે અને આચરણમાં મૂકે.

(૧૧) ભૌતિકવાદ અને નર્યા ઉપભોક્તાવાદની સ્વયંકેન્દ્રી જીવનશૈલી જીવતા જગતની વચ્ચે વિદ્યાર્થી સામાજિક સંવેદનાઓ ધરાવતો થાય.

(૧૨) જ્ઞાનક્ષેત્રે વિકાસ સાધવા વિદ્યાર્થી જરૂરી કૌશલ્યો (Skills) અને ક્ષમતાઓ (Competencies) વિકસાવે અને વિશેષ કરીને એમાં સહાયક નીવડતી ટૅક્નૉલોજીઓનો એ સર્વથા માહેર બને, ઉપયોજક બને અને લાભાન્વિત થાય.

(૧૩) અને ઉચ્ચ શિક્ષણક્ષેત્રે વિદ્યાર્થી એ યાદ રાખે કે વિકસતા જ્ઞાનયુગમાં હવે ફક્ત એકાદ વિષયનું નિષ્ણાત, પણ સીમિત, જ્ઞાન લેવાનું પર્યાપ્ત ન ગણતાં, આંતરવિદ્યા શાખાકીય અભિગમ અપનાવી, જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારતો રહે.

આ રીતે, વિસ્તરતી જ્ઞાન ક્ષિતિજોને આંબવા મથતા ૨૧મી સદીના માનવીને કેટકેટલી રીતે બૌદ્ધિક, મનોવૈજ્ઞાનિક અને સાંવેગિક રીતે સજ્જ કરવાની મોટી જવાબદારી ઉચ્ચ શિક્ષણને શિરે આવી પડી છે ? જેમ યુનેસ્કોએ ઉપરની અપેક્ષાઓ ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થી પાસેથી રાખી છે, એવી જ રીતે વિશ્વ બૅંકે પણ એના વર્ષ ૨૦૦૦ના એક અહેવાલમાં, ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ પાસેથી નીચેની અપેક્ષાઓ વ્યક્ત કરી છે.

(૧) યુનિવર્સિટીનો સ્નાતક સુસ્પષ્ટ રીતે વિચારવા સક્ષમ હોવો જોઈએ, એના વિચારોને સચોટ રીતે, વિવરણપૂર્વક અને સ્પષ્ટ અભિવ્યક્તિ દ્વારા બીજાઓ સુધી પહોંચાડી શકવાની ક્ષમતાઓ ધરાવતો હોવો જોઈએ.

(૨) સ્નાતક જ્ઞાનવિશ્વનાં વિવિધ પરિમાણોથી સુપરિચિત બન્યો હોવો જોઈએ. વિશ્વની પરિસ્થિતિ અને વિશ્લેષણાત્મક અભિગમ દ્વારા એ સ્પષ્ટ રીતે સમજી શકતો હોય એ જરૂરી છે.

(૩) સ્નાતકે એવી જ્ઞાનમૂલક દૃષ્ટિ વિકસાવી હોવી જોઈએ જેના દ્વારા એ વૈશ્વિક માનવજીવન અને સામાજિક વ્યવહારોનું હાર્દ સમજી શકે, અને એમ કરીને એના વિશે યોગ્ય તારણો તારવી, અર્થઘટનો આપી શકે.

(૪) સ્નાતકે સાંપ્રત સમાજમાં ઉદ્‌ભવતી નૈતિક સમસ્યાઓ અને કટોકટીઓને તટસ્થ રીતે સમજવાની ક્ષમતાઓ વિકસાવી હોવી જોઈએ. એ દૃષ્ટિનો ઉપયોગ કરીને, ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં, વર્તમાનમાં ઊભરી આવતી સમસ્યાઓને તે સમજી શકતો હોય, અને તે ઉકેલવાના અર્થપૂર્ણ વિકલ્પો સૂચવી શકતો હોય એ જરૂરી છે. આમ જો કરતો થશે તો એક વિશાળ હૃદયી વ્યક્તિત્વ ધરાવતો થશે.

(૫) સ્નાતકે જ્ઞાન સાધનાનાં બે લક્ષ્યાંકો સમતોલ રીતે વિકસાવેલાં હોવાં જોઈએ. એ એકાદ વિષયનું નિષ્ણાત જ્ઞાન ધરાવવાની સાથે સાથે, સમગ્ર જ્ઞાનવિશ્વના અન્ય વિષયોની સાથે આંતરવિષય આપ-લે કરીને, વૈશ્વિક જ્ઞાનની પણ એણે સાધના કરવાની પરિપાટી વિકસાવી હોવી જોઈશે

આમ, ૨૧મી સદીના આગળ વધી રહેલા જ્ઞાનયુગની જરૂરિયાતોને પહોંચી વળવા, વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવવાના ઉચ્ચ શિક્ષણને ચીલાચાલુ માહિતીની ગોખણપટ્ટીના અભિશાપમાંથી મુક્ત કરવાનો તકાદો ખડો થયો છે. ફક્ત ચાર દીવાલોની વચ્ચેના વર્ગખંડમાં અધ્યાપકના વ્યાખ્યાનથી પૂરું થતું કહેવાતું ઉચ્ચ શિક્ષણ આજના યુગની આવશ્યકતાઓ માટે હરગીઝ પૂરતું નથી. એમાં કેટલીબધી ઊણપો રહી છે ! એ નીચેની ટૂંકી યાદી પરથી જણાઈ આવે છે.

(૧) વર્ગખંડમાં આજકાલ અપાતું કહેવાતું ઉચ્ચ શિક્ષણ તો એકતરફી શુલ્ક માહિતીના વિતરણની કર્મકાંડપ્રધાન પ્રક્રિયા જ છે, એમાં નથી જ્ઞાનનું નિર્માણ કે નથી જ્ઞાનની આપ-લે. જ્ઞાનના ઉપયોગ કે સંશોધનનો તો તેમાં લેશમાત્ર અવકાશ નથી.

(૨) વર્ગખંડમાં અધ્યેતા એક ટોળામાં ખોવાઈ ગયો હોય છે, નથી એને મળતી મનોવૈજ્ઞાનિક જગા (Space) કે ભૌગોલિક સ્થાન. એ તો એક અજનબી આંકડા (Roll Number) રૂપે જ ત્યાં અસ્તિત્વ ધરાવતો હોય છે.

(૩) અધ્યયન માગી લે છે અંગતતા (Privacy), સ્વતંત્રતા, સ્વગતતા, અને પોતાનામાં ખોવાઈ જવાની મસ્તી, જે મોટી સંખ્યાના વર્ગમાં કલ્પી પણ શકાતી નથી.

(૪) સફળ, અસરકારક અને ટકાઉ (Sustainable) અધ્યયન માગી લે છે સલાહ, માર્ગદર્શન, સધિયારો અને પ્રોત્સાહનો, જે વર્ગખંડમાં શક્ય જ નથી, ત્યાં તો છે અજાણ્યાપણું (Estrangement), અલગતાપણું (Alienation) જે વ્યક્તિત્વને મૂરઝાવી મૂકે છે.

(૫) મોટી સંખ્યાના વર્ગખંડમાં વ્યક્તિની ઓળખ જ ઓગળી ગઈ હોય છે. પરિણામે, એ ખુમારીને બદલે લાચારી, નોંધારાપણું અને અવગણનાનો ભોગ બને છે, કહો કે રોગી બને છે. જ્ઞાનસાધના માટેની સ્વતંત્ર તડપન તો જોવાની જ ક્યાંથી હોય ?

(૬) જ્ઞાનસિદ્ધિ થતી હોય છે વૈવિધ્યપૂર્ણ પ્રેરણા (Stimulus)ના સતત થતા ભાવ-પ્રતિભાવથી. એ માટે જોઈએ વિપુલ સંસાધનો, સહાધ્યાયીઓ સાથે વિચારવિમર્શ (Brainstorming), નવાં આયામો (Initiatives)નું ઉપયોજન વગેરે. એથી ઊલટું, શુષ્ક વ્યાવધાનનો માહોલ પ્રેરે છે તંદ્રા, આળસ, અકર્મણ્યતા.

આમ મોકળાશવાળો અવકાશ (Space), વાતાવરણ (Enviornment) કે સાહસભર્યો ઉત્સાહ (Ethos) ન હોવાથી, ચીલાચાલુ કર્મકાંડ પ્રધાન, એકમાર્ગી વ્યવધાનનો સતત થતો પ્રહાર કાર્યમાન ઉચ્ચ શિક્ષણની મહદ્ અંશે થતી શુલ્ક કામગીરીને યુનેસ્કો અને વિશ્વબૅંકે સૂચવેલી અપેક્ષાઓથી જોજન દૂર હડસેલી મૂકે છે. એને એનો પ્રાણ પુનઃ પરત આપવા સારું મદદ માટે ટહેલ નાખવી પડે સંસ્થાના ગ્રંથાલયના ભંડારને અને એના હાર્દસમા આયોજક અને પ્રેરક એવા ગ્રંથપાલને.

સમગ્ર ઉચ્ચ શિક્ષણની સંરચના (Architecture) જોઈએ, તો ગ્રંથપાલ તેમાં એક કુશળ, વ્યવસાયી શિક્ષણપ્રવર્તક (Mobiliser) તરીકે

અપાર સંભાવના (Potential) ધરાવતી ચાવીરૂપ વ્યક્તિ છે. તે એક ખૂબ અસરકારક, નિર્ણાયક અને સમન્વયકારક (Catalystic) ઘટક (Critical agent) પુરવાર થઈ શકે એમ છે. સમગ્ર સંસ્થામાં ચાલતી શિક્ષણની ફલદાયિતા, ઉત્પાદકતા, પ્રસ્તુતતા અને ઉપયુક્તતાને વધારવામાં ગ્રંથપાલના પ્રદાનનું રાસાયણિક મૂલ્ય ઘણું ઊંચું છે. એટલે જ તો, જ્ઞાનયુગ અને વૈશ્વિકરણથી ઉદ્‌ભવેલાં તરલતા (Mobility), ગતિશીલતા (Dynamism), વ્યાપકતા અને સ્પર્ધાત્મક ગુણવત્તાનાં પરિબળોનો મહત્તમ લાભ વિદ્યાર્થીઓને, અધ્યાપકોને અને સમસ્ત શિક્ષણના ચાહકને મળી રહે તેવા આયામો કરવા ગ્રંથાલય એક ધમધમતું ક્રિયાકેન્દ્ર બની શકે છે, અને ગ્રંથપાલ તેનો એક કર્મશીલ વ્યવસાયી નિષ્ણાત બની શકે છે. આજના યુગના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આ બે તદ્દન નવી જ શક્યતાઓ અને અનિવાર્યતાઓ ઊભી થઈ છે જેનો લાભ લેવો જ રહ્યો. તો જ, વર્ગખંડમાં થતું એક માર્ગી નિષ્ફળ શિક્ષણ એક બહુવિધ ફલદાયી ઉત્પાદક પ્રવૃત્તિમાં પરિણત થઈ શકશે. આ માટે ગ્રંથપાલની ચીલાચાલુ ભૂમિકા ધરમૂળથી બદલાઈ જશે. કેમકે,

(૧) ગ્રંથાલય એક નિર્જીવ સંગ્રહાલયને બદલે અધ્યયન, અધ્યાપન, સંશોધન, નવીનીકરણ, અને સર્જનાત્મક આયામો યોજતી ફળદ્રુપ વિચારભૂમિ (Space) બનવા પામશે.

(૨) વિદ્યાર્થી, અધ્યાપક, સંશોધક, શિક્ષણના ચિંતક અને આયોજક એ સૌને માટે ગ્રંથાલય ફક્ત ભૌગોલિક, સાધનિક કે પર્યાવરણીય જગા જ (Space) નહીં, બલ્કે મનોવૈજ્ઞાનિક, સાંવેગિક અને ટેક્નોલૉજીકલ સુવિધાઓ ઉપલબ્ધ કરાવતું ઊર્જાસ્રોત બની રહેશે.

(૩) જ્ઞાનયાત્રા કરતા દરેક યાત્રી વ્યક્તિને એના આંતરિક વિકાસ માટેની મોકળાશ, સળંગતા અને સાથી-સહયોગની ત્રિવિધ સગવડ ત્યાં ઉપલબ્ધ થશે, જેથી પ્રત્યેક જ્ઞાનયાત્રી એક ગૌરવવંતી સાધક, સર્જક વ્યક્તિ બની શકશે.

(૪) અધ્યેતા, સંશોધનકાર, પ્રયોગકાર, નવીનીકરણ કરનાર વગેરે સહુ અભ્યાસીઓ વચ્ચે સંકલન, આદાનપ્રદાન અને સમાયોજન (Synergy) વિકસાવવા માટેની ભૌતિક, તકનિકી, સલાહલક્ષી અને પ્રેરક બની રહે તેવી અનેક વૈકલ્પિક સગવડો ઉપલબ્ધ થઈ શકશે.

(૫) સવિશેષ તો, ૨૧મી સદીના પડકારોને પહોંચી વળવામાં મદદરૂપ થાય એવા સાહસભર્યા ઉચ્ચ શિક્ષણને, યુનેસ્કો અને વિશ્વબેંકે સૂચવેલા લક્ષ્યાંકો (Benchmarks) સિદ્ધ કરવાની દિશામાં, બળવત્તર બનાવી શકાશે.

(૬) ગ્રંથાલય વિવિધ પ્રકારનાં શિક્ષણ, સંશોધન, વિસ્તરણ અને જ્ઞાનનિર્માણ માટેનાં સંસાધનો (Resources)ના બહુલક્ષી વિનિયોગ માટેની એક હૂબહૂ કાર્યશાળા (Workshop) બનશે.

(૭) અને, નિતનવી આવી રહેલી શિક્ષણ સહાયક એવી માહિતી અને પ્રત્યાયનની ટેક્નૉલૉજીઓ, સૌ હિતધારકો (Stakeholders)ને ઉપલબ્ધ કરાવતા રહી, તેનો ઉપયોગ, જાળવણી અને શિક્ષણમાં પરોવણી કરાવવા માટેની એક નવી જ કાર્યસંસ્કૃતિ (Work culture)નું ગ્રંથાલય મુખ્ય કેન્દ્ર (Hub) બનશે.

અને આ બધાં વાનાંનું ચાલકબળ (Prime mover) હશે ગ્રંથપાલ. એમણે આ સારું અનુકૂળ વ્યવસાયી અભિગમો, મનોવૈજ્ઞાનિક વલણો, સંવેદનાઓનો વિશાળ દિલી લગાવ અને વ્યવસ્થાપનનાં ધારદાર કૌશલ્યો વિકસાવવાં પડશે. એમ કરવું એમના પક્ષે અને સંસ્થાના પક્ષે અનિવાર્ય હશે. નવા યુગનો એ તકાદો છે,

અને એમ કરતાં એક જાતનો નવ અવતાર પામવાના રોમાંચનો જે અનુભવ ગ્રંથપાલને થશે એ અચૂક વિશિષ્ટ હશે, આગવો હશે, ઉન્નયનકારક હશે.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રની જે તકો અને તાકીદ તરફ યુનેસ્કો અને વિશ્વબૅંકે દુનિયા સમસ્તનું ધ્યાન દોર્યું છે તેની ગંભીરતા અને આવશ્યકતાઓ જોતાં ગ્રંથપાલે એક પ્રકારનો "દશાનન" અવતાર પામવો પડશે. આ રહ્યા એ દશ અવતારો :

(૧) શિક્ષણ, પરીક્ષણ, સંશોધન, પ્રયોગો, નવીકરણો, વિસ્તરણ વગેરે તમામ પ્રક્રિયાની કામગીરીઓને સુવિધા પૂરી પાડનાર (A Facilitator)

(૨) અધ્યયન અને વિશાળ શૈક્ષણિક પ્રક્રિયાનું નિદાન કરી, ઉપચાર સૂચવનાર (A Learning Therapist)

(૩) શિક્ષણની પાયાની પ્રવૃત્તિ એવી વાચનકૌશલ્યોની સમગ્ર પ્રક્રિયાના માર્ગદર્શક (A Reading Clinician)

(૪) અધ્યયન પોષક એવાં તમામ પ્રકારનાં સંસાધનોના નિર્માતા અને વ્યવસ્થાપનકાર (A Resource Manager)

(૫) શિક્ષણ સાથે સંકળાયેલ અનેક હિતધારકોના સંકલનકાર (A Catalyst)

(૬) શિક્ષણના સાહસમાં ભાગ લેનાર સર્વે વચ્ચે જોડાણ સાધી આપનાર અને જોડાણને સક્રિય રાખનાર (A Social Networker)

(૭) શિક્ષણને ઉપકારક તમામ પ્રકારની આધુનિક ટેક્નૉલૉજીના માહિર (A Technology Savvy Professional)

(૮) માનવવ્યક્તિના જ્ઞાનવિકાસને લગતી વિવિધ સમસ્યાઓના નિદાન, ઉપચાર અને પરિણામ સ્વરૂપ સ્વસ્થ વ્યક્તિત્વ-ઘડતરના નિષ્ણાત સલાહકાર (A Consultant of Developmental Process)

(૯) વર્તમાન શૈક્ષણિક પ્રવાહો, ગતિવિધિઓ, પરિવર્તનો વગેરેના સંકલનકાર (A Co-ordinator, of current trends in education)

(૧૦) શિક્ષણના આયોજન ક્ષેત્રનાં વિવિધ પરિમાણો જેવાં કે અભ્યાસક્રમ રચના, આત્મશિક્ષણની પદ્ધતિઓ, શિક્ષણનાં સાધનો, વ્યક્તિ વિકાસના પ્રશ્નો વગેરે સંબંધી અધ્યાપકો માટે ઉપલબ્ધ સંસાધનિક માહિતી પૂરી પાડનાર (A Resource Person for Facility)

**ઉપસંહાર :** આ રીતે, કેવી રોમાંચક અને સાહસભરી અપેક્ષિત ભૂમિકા ઊભી થઈ શકે છે આધુનિક યુગના ગ્રંથાલય માટે અને એના ગ્રંથપાલ માટે ! ક્યાં એક વખતનો ચીલાચાલુ વિશ્વાસ અને ક્યાં હવે ઊભી થઈ રહેલી પડકારયુક્ત ભૂમિકાનો નવીનતમ ખ્યાલ ! એને અમલમાં મૂકવા આપણા વર્તમાન ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે કયાં કયાં અને કેવાં કેવાં પરિવર્તનો કરવાં પડશે એ અંગે ગંભીરતાથી વિચારવાનો તકાદો આજે આપણી સમક્ષ આવી ઊભો છે. એક તરફ ચીલાચાલુતાની, પરંપરાગતતાની સલામતી છે, તો બીજી તરફ ચીલો ચાતરીને નવાં પ્રસ્થાન કરવાનાં ભયસ્થાનો છે ! આપણે જે એક માર્ગ પસંદ કરીશું, તેના પર આપણી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં અપાઈ રહેલા શિક્ષણની સાર્થકતા અને સદ્ધરતાનો આધાર રહેશે. માર્ગ પસંદગીની એ દ્વિધામાં આપણે પ્રખ્યાત અમેરિકન કવિ Robert Frostની આ અમર પંક્તિઓ યાદ કરીએ. શાયદ, નિર્ણય કરવામાં એ મદદગાર નીવડશે :

Two roads diverged in a wood
And I took the one less travelled by,
And that has made all the difference

અલબત્ત, એ માર્ગ પસંદ કરવા અંગે કેટલીક સાવધાનીઓ રાખવી પડશે. તે પૈકીની કેટલીક નીચે સૂચવી છે.

(૧) આપણી સંસ્થાઓનું માનવસંસાધન, વિશેષ કરીને આપણે સૌ અધ્યાપકો, ગ્રંથપાલ અને સહાયક કર્મચારીઓ, એકબીજા તરફના પરંપરાગત રૂઢ ખ્યાલો બદલીએ, આપણા મનોજગત (Mindset)ને બદલીએ અને સૌમાં પડેલી અનેક નવીન સંભાવનાઓ સ્વીકારી, એમનો આદર કરીએ, અને એમને તાલીમ દ્વારા વધુ અન્યોન્ય પૂરક બનાવીએ.

(૨) આપણી સંસ્થાઓમાં કરવાનાં શૈક્ષણિક આયોજનો (Acadamic planning) અંતર્ગત સઘળી સમિતિઓ, મંડળો કાર્યાલયો વગેરેમાં અધ્યાપકો ઉપરાંત ગ્રંથપાલ અને અન્ય સહાયક વર્ગના પ્રતિનિધિઓને પરોવી લઈ, આપણી સઘળી ચિંતન, આયોજન, અમલ, સંશોધન વગેરેની પ્રક્રિયાઓને સહિયારી બનાવીએ.

(૩) વિશેષ કરીને, વિદ્યાર્થીઓના નિત્યશિક્ષણકાર્યમાં અધ્યાપક અને ગ્રંથપાલની ક્રમિક પરોવણીનો તખ્તો ગોઠવવા માંડીએ, અને એ માટે વિદ્યાર્થીઓને પણ તાલીમની પ્રેરણા પૂરી પાડીએ.

(૪) ખુદ અધ્યાપનનું સ્વરૂપ હવે બદલવા માંડીએ, એને અધ્યયનકેન્દ્રી, સ્વઅધ્યયન મૂલક, સંસાધનસમર્થિત અને નિરંતર ચાલતી પ્રવૃત્તિમાં રૂપાંતરિત કરીએ અને એની દેખરેખ (Monitoring) અને માર્ગદર્શન (Mentoring)ન માટેની વ્યવસ્થાઓ ઊભી કરીએ.

(૫) સ્વશિક્ષણ અને સ્વાવલંબી અધ્યયન માગી લેશે સુવિધાઓનો વધારો. આ માટે સંચાલક મંડળ, અન્ય સહાયક સંસ્થાઓ, વ્યક્તિઓ વગેરે વચ્ચે સમાયોજન સાધીએ.

(૬) અને છેલ્લે, નાની સરખી પણ પાકી શ્રદ્ધાપૂર્વકની શરૂઆત કરીએ. સંસ્થાના ગ્રંથપાલ દશાવતાર પૈકીના કોઈ એકાદ બે અવતારો પસંદ કરી, નવા વર્ષથી એ મુજબ કાર્ય કરવાનું આયોજન અત્યારથી જ શરૂ કરી દે. शुभस्य शीघ्रम् ।

## સંદર્ભસૂચિ


1. GOI (2009) Report to the Nation : National Knowledge Commission. New Delhi : GOI.
2. IGNOU (1999). Academic Libraries : School, College and University Libraries. Librarie and Society. New Delhi : IGNOU.
3. UNESCO (1996), Report of International Commission on Education. Paris : Unesco.
4. OXFORD (2000). Document : Thematic debate - the requirements of the word of work. Paris : Unesco.
5. WORLD BANK (1998). Report of the Task Force on Education in Developing Countries : Perils are Promises. Washington D.C. : Word Bank
6. WORLD BANK (2000). Report of Task Force on Traits of a Liberally Educated Person. Washington D.C. : Word Bank
7. WWW.inflibnet.ac.in

# A Patient's Faith In Doctor

This is a true story about faith and a dedicated doctor.

A man once became very ill with stomach ailments. He consulted many doctors who examined him thoroughly and **diagnosed stomach ulcer.** They were of the opinion that his stomach lining had completely corroded and nothing much could be done to help him. Over time, the suffering man could not even eat or drink anything. Whatever he ate, howevere light or plain, could not be digested.

His condition became even more serious which led to severe and continuous heart burn and discomfort the whole day. As a result, he could not work during the day nor could he sleep at night.

A friend of his came to know about his problem and recommended a doctor who was quit old and very humble. They all decided that there was no herm in consulting one more doctor. Though the ill man had no hope for himself, he visited and met the doctor.

The old doctor examined him and said tat he could help get better but he would have to stick to a strick diet and follow it religiously. The man said that he was ready for anything if would halp him.

To everyone's surprise, the simple and humble doctor did not prescribe much medicines but told him that if followed a **diet consisting of milk and bananas, he could be cured.** The sick man was advised to have only milk & bananas and nothing else for a month. Though surprised, he agreed to do as he asked.

He went home with not much strength, will or hope. His wife heard about the new treatment and prayed to God to help them. She put her husband on bed rest and gave him milk and bananas whenever he could eat even a little. **AT first, the man could not digest even this but with perseverance and hope, he continued.**

After about 15 days, he became slightly better and the pain in his stomach lessened. The continued feeling of being on fire became better too and he smiled a bit after a long time. One month passed and he was completely cures. He started going for work and met his saviour occasionally to sit and chat with him.

For him, his doctor was God himself who had saved him from dying. He learnt the true meaning of hope and faith.

**(courtesy : Doctor's Day, July 2011)**

# કડી સર્વવિશ્વવિદ્યાલય પ્રકાશન પ્રવૃત્તિ

Journal of Humanities, Social Science & Management Vol. II, Issue - 2, July-December, 2011 ISSN 0974-9772

## Management

Investor Information on Corporate Websites in India : A Content Analysis/ by Ms Avani Desai 05

Day Anomaly Study Using Dummy Variables/by Dr. Dhaval Maheta 19

Beyond Traditional Marketing : Empirical Evidence On Influence of Intermediaries on Cotton Farmers in Adilabad Zone/by P. Nainar Reddy 27

Brand with Flesh and Blood-Humanizing the Brand/by Gincy Mathew and Jiju Mathew John 40

Print Advertising : Is Äit Yet an Effective Way of Advertising or Not ?/by Kruti Patel and Satyam Savani 48

Emerging Opportunities and Challenges in Venture Capital Finance/by Ms. Jigna Trivedi and Dr. P. K. Priyan 58

Caeer in Indian Retail Sector : Students' Perceptions/by Madhavi Pandya, Shahaida P. and Brahmraj Pandey 71

Emerging Trends in Retail Management : Acse Study in warangal District/by E. Sriram, G. Maruthy Raju, S. Sathish and V. Hanumantha Rao 84

The Post Merger Performance Evaluation of Merging Companies in the Financial Sector (2000-2006)/by Ms. Janki Mistry 91

Service Brand Equity and Employee Brand Commitment : An Empirical Examination for Indian University/by Mr. Jayesh Patel, Mr. Yupal Shukla and Mr. Dharmesh Gadhavi 117

Impact of Information of Merger of Banks on Price and Volume Traded/by Ms. Namrata Narendra Khatri 126

Optimum Replacement Interval for Inventory Management Policy Under Linear Setup Cost/by A. J. Patel and B. S. Patel 137

Innovative Strategies : Emerging India in Global Scenario : A New Sphere of Corporate Training World by ICT/by Prof. Abhijeetsinh B. Jadeja, Prof. Shivang Patel and Prof. Ashutosh Pandey 144

## Social Sciences

Ilicit Drug Trafficking and Narco-Terrorism from the Perspective of Non-Traditional Security Threats in International Relations with Reference to East Asia/by Ningthoujam Koiremba Singh 157

## Commerce

Δ Climate = Δ Development (THE NEXUS)/by Dr. R. D. Patel, Mr. Gurudutta P. Japee and Mr. Vijay R. Tripathi 164

# ગ્રંથસૌરભ

## ઇન્ટરવ્યૂ ટેક્નિક્સ અને સરળ માર્ગદર્શન

**લેખન–સંકલન : આર. એન. કોટક**

પ્રકાશક : રાજકોટ : શ્રીમતી પ્રભાબહેન આર. કોટક ('શ્રીસાંઈ', બોમ્બે હાઉસિંગ મુખ્ય માર્ગ, યુનિવર્સિટી રોડ, રાજકોટ–5, ૨011. 1૨6 પૃ.

આજના સ્પર્ધાત્મક યુગમાં વ્યવસાય / નોકરી મેળવવા માટે કે કોઈ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે ઇન્ટરવ્યૂનો સામનો અનિવાર્ય બની ગયો છે. આ હેતુસર યોજવામાં આવેલી લેખિત પરીક્ષામાં ઉચ્ચ ગુણાંકન મેળવેલ હોય તેના માટે પણ ઇન્ટરવ્યૂ / રૂબરૂ સાક્ષાત્કાર આવશ્યક બની રહે છે. ઇન્ટરવ્યૂ શબ્દ સાંભળતાં જ ઉમેદવારના મનમાં ભયની ગ્રંથિ સાથે તર્ક–વિતર્કો પેદા થતાં આત્મવિશ્વાસ ગુમાવવાની સ્થિતિ ઊભી થાય છે. ઉમેદવારે આ કાલ્પનિક ભયમાંથી બહાર નીકળીને આત્મવિશ્વાસના રણકા સાથે ઇન્ટરવ્યૂ માટેની તૈયારીઓ આરંભી દેવી જોઈએ અને પૂરી સજ્જતા સાથે ઇન્ટરવ્યૂ આપવો જોઈએ. વિષય ઉપરની પૂર્ણ સજ્જતા અપેક્ષિત બની રહેતી હોવા છતાં ઈન્ટરવ્યૂ એક કળા છે તે ભુલાવું ન જોઈએ. આ કળાની કસોટીમાંથી ઉમેદવારે હેમખેમ પસાર થવું જ રહ્યું ! આ બધી વાત સાચી. પરંતુ, ઇન્ટરવ્યૂનો હાઉ દૂર કરવો કેવી રીતે ? તો તેની ગુરુચાવી માટે પ્રસ્તુત પુસ્તક જોવું જ રહ્યું !

'ઇન્ટરવ્યૂ ટેક્નિકસ'માં ઇન્ટરવ્યૂ સંબંધી તમામ પાસાંઓને આવરી લઈને આદર્શની તુલનાએ તેના વ્યવહારિક પાસાને સતત નજરસમક્ષ રાખીને લેખકે પોતાના અનુભવોનો નીચોડ પ્રસ્તુત કર્યો છે, પરિણામે પ્રત્યેક ઇન્ટરવ્યૂદાતા માટે આ પુસ્તક ખૂબ જ ઉપયોગી બની રહે છે. સાથે સાથે ઇન્ટરવ્યૂઅર – ઇન્ટરવ્યૂ લેનાર પાસે કેવી સજ્જતા અને શિષ્ટાચાર હોવો જોઈએ તે વિશે પણ માર્મિક ચર્ચા કરવામાં આવી હોવાથી ઉભયપક્ષો માટે આ પુસ્તકનું વાચન ઉપયોગી પુરવાર થશે. અહીં ઇન્ટરવ્યૂની વિભાવના, પૂર્વ તૈયારી, ઇન્ટરવ્યૂનો ચક્રવ્યૂહ તોડવાની કળા, ઇન્ટરવ્યૂના પ્રકારો, બાયોડેટા તૈયાર કરવા સંબંધી માર્ગદર્શન તેમ જ બાયોડેટા, રિઝ્યૂમ અને સી.વી. વચ્ચેની તાત્ત્વિક ભેદરેખા, મોડેલ ઇન્ટરવ્યૂ, જોબ પ્લેસમેન્ટ એજન્સીઓ અને તેમનાં સરનામાં, જોબ વેબસાઈટસ, તાલીમ શિબિરો, ઇન્ટરવ્યૂ અને મહિલાઓ, બોડી લેંગ્વેજ, લશ્કરી ભરતી, વિદેશગમન અને મુંબઈ ખાતેની ૩૭ વિદેશ એલચી કચેરીઓનાં સરનામાં તથા ફોન નંબર, ઇન્ટરવ્યૂ ટિપ્સ વગેરે સંબંધી વિગતે ચર્ચા કરી છે. આમ, સમગ્રતયા આ પુસ્તક રોજગાર વાંચ્છુ નવયુવાનો માટે વિશેષ ઉપકારક બની રહેશે.

પ્રસ્તુત પુસ્તકની મહત્તાને પિછાણીને ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ અને ગાંધી સાહિત્યના અભ્યાસી શ્રી પ્રવીણ લહેરીએ આ

ગ્રંથની પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે 'મને શ્રદ્ધા છે કે આ પ્રયાસ સફળ રહેશે અને અનેક યુવક–યુવતીઓને પોતાની કારકિર્દીનું નિર્માણ કરવામાં ઉપયોગી સાબિત થશે.' વધુમાં તેમણે 'સુવિચાર' (મે, ૨૦૧૧) માં આ પુસ્તકમાંથી ઇન્ટરવ્યૂ ટેક્નિક સંબંધી મહત્ત્વના મુદ્દાઓનું સંકલન કરીને પ્રગટ કર્યા હતા, જે આ વૃત્તપત્રના વર્ષ ૧, અંક–૩ માં પુનર્મુદ્રિત કરવામાં આવ્યા હતા.

પ્રસ્તુત ગ્રંથના લેખક ગુજરાત રાજ્યના નાયબ રોજગાર નિયામક શ્રી આર. એન. કોટક (મો. ૯૪૨૬૪ ૨૩૩૩૯) કારકિર્દી માર્ગદર્શન વિષયક્ષેત્રના નિષ્ણાત સલાહકાર છે. તેમણે વ્યવસાયિક કારકિર્દી દરમિયાન પ્રસ્તુત વિષય સંબંધી મેળવેલ બહોળા અનુભવ અને જ્ઞાનને વ્યવસાયિક પ્રતિબદ્ધતા અને સમાજસેવાની ભાવનાથી પ્રેરાઈને જ્ઞાન–યજ્ઞ આરંભ્યો છે જે સ્તુત્ય છે લેખકે કેન્દ્ર સરકાર અને ગુજરાત રાજ્ય સરકારની વિવિધ ભરતી પરીક્ષાઓ, ધોરણ–૧૨ અને સ્નાતક પછી વધુ અભ્યાસ અને આનુસંગિક સંદર્ભે તથા ઇન્ટરવ્યૂ ટેક્નિક સંબંધી કુલ ૧૧ જેટલાં મહત્ત્વપૂર્ણ પુસ્તકોનું લેખન–સંપાદન કર્યું છે. આ બધાં પુસ્તકો લિબર્ટી કે નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ દ્વારા પ્રકાશિત થયાં છે. અહીં ખાસ નોંધવું ઘટે કે માનવ સમાજના ઉત્થાન માટે આર્ય સમાજના નિયમોને આત્મસાત કરીને પ્રસ્તુત પુસ્તકની બીજી આવૃત્તિ ફક્ત રૂ. ૨૦/– ની કિંમતે (૨૦ કે વધુ નકલો ખરીદનારને રૂ. ૧૨/-ની કિંમતે) સુલભ કરી આપવા માટે શ્રી નાથુભાઈ ડોડિયા (નિવૃત્ત રોજગાર અધિકારીશ્રી), મંત્રી, આર્ય સમાજ, નવા ડેરા, ભરૂચ વિશેષ અભિનંદનના અધિકારી બની રહે છે.

– મણિભાઈ પ્રજાપતિ

## પત્રકારત્વના પ્રવાહો : ગઈકાલ, આજ અને આવતી કાલ

**સંકલન – સંપાદન : બી. એમ. પટેલ અને મહેન્દ્ર બી. પટેલ**

પ્રકાશક : અમદાવાદ : આર્થિક વિકાસ પબ્લિકેશન ડિવિઝન (11, ચુનીભાઈ કોલોની, કાંકરિયા, અમદાવાદ–૨૨), ૨008–૨009. 5 ભાગ [૨૫૨૪ પૃ.] કિં. રૂા. 3980/–

પ્રસ્તુત બહુખંડીય ગ્રંથોના સંપાદક ફુલબ્રાઈટ સ્કોલર બી. એમ. પટેલ વ્યવસાયે અર્થશાસ્ત્રના સેવાનિવૃત્ત અધ્યાપક છે. અમેરિકા નિવાસ દરમિયાન અર્થશાસ્ત્ર ઉપરાંત પત્રકારત્વ વિષયમાં પણ રસ–રુચિ અને ગહન અધ્યયનના પરિણામે ઉચ્ચ ડિગ્રી હાંસલ કરતાં ભારત પરત થયા બાદ અર્થશાસ્ત્રના અધ્યાપન ઉપરાંત ગુજરાતની કેટલીક યુનિવર્સિટીઓમાં પત્રકારત્વના મુલાકાતી અધ્યાપક તરીકે સેવાઓ આપી ચૂક્યા છે. મધુકર વૃત્તિના કારણે વિવિધ ગ્રંથો / લેખોના વાચન દરમિયાન જે કંઈ ઉત્તમ હાથવગું થયું તે એકઠું કરતા ગયા, જેના પરિણામે તેમના ૬૦થી અધિક સંપાદિત ગ્રંથો પ્રકાશિત થયા છે. આ પૈકી સમીક્ષિત ગ્રંથ ઉપરાંત 'વાચકની દીવાદાંડી'– ૩ ભાગ, 'ગ્રંથ – ગ્રંથાલય – ગ્રંથપાલ – વિષયક સૂક્તિઓ', ભગવદ્ગીતા વગેરે વિદ્યાજગતની અણમોલ નિધિ સમાન પુરવાર થયા છે.

અહીં પત્રકારત્વનાં વિવિધ પાસાંઓને આવરી લેતા પસંદગીયુક્ત ૧૭૮ લેખો ગ્રંથસ્થ છે, જે શતાધિક લેખકોનું સર્જન છે. સમાવિષ્ટ લેખોના લેખકો ગુજરાતી પત્રકારત્વનાં ગૌરવ શિખરો છે, જેમાં મહાત્મા ગાંધી, ઝવેરચંદ મેઘાણી, અમૃતલાલ શેઠ, યજ્ઞેશ શુક્લ, આનંદશંકર ધ્રુવ, ઉમાશંકર જોશી, રમેશ ગૌતમ, મહાદેવ દેસાઈ, રતન માર્શલ, બચુભાઈ રાવત, મહેન્દ્ર વા. દેસાઈ, વાસુદેવ મહેતા, ચુનીલાલ વ. શાહ, ડૉ. ચંદ્રકાન્ત મહેતા, યાસીન દલાલ, વિષ્ણુ પંડ્યા, કુન્દન વ્યાસ, કિશોર વ્યાસ,

બી. એમ. પટેલ વગેરેનો સમાવેશ થાય છે. આ બધા લેખકો એકાધિક ગુજરાતી પત્ર–પત્રિકા સાથે સંકળાયેલા રહેવા ઉપરાંત પત્રકારત્વનાં સૈદ્ધાન્તિક પાસાંઓ વિશે પણ તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. સંગૃહીત લેખોનું વિષયવૈવિધ્ય પણ ધ્યાનાર્હ બની રહે છે, જેમકે શાસ્ત્રીય અને સૈદ્ધાન્તિક પત્રકારત્વ (પત્રકારત્વ, વૃત્ત વિવેચન, તંત્રીલેખ, સ્વરૂપ વિવેચન, કાનૂન અને આચાર સંહિતા, અખબારી સ્વાતંત્ર્ય વગેરે) – ૫૦ લેખો; પત્રકારોનાં જીવનચરિત્રો – ૬૦, સાહિત્યિક પત્રકારત્વ – ૧૭, પ્રમુખ વર્તમાનપત્રો અને સામયિકો – ૧૭, ગુજરાતી ડાયસ્પોરિક પત્રકારત્વ – ૨, વાઙ્મયસૂચિ – ૬, સંસ્થા – પી.ટી.આઈ. – ૧, પત્રકારત્વ કાળક્રમ – ૩, ગુજરાતી મુદ્રણકળા – ૧, ભારતીય અને ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ – ૧૫, વિદેશી પત્રકારત્વ અને પત્રપત્રિકાઓ – ૫, સમૂહ માધ્યમો માટેની શિક્ષણ સંસ્થાઓ – ૧ લેખ વગેરે. આટલા વિપુલ વિષયવૈવિધ્ય સાથે પ્રસ્તુત સંકલનનો ઝોક ગુજરાતી પત્રકારત્વ તરફ જ રહ્યો છે. અર્થાત્ ૧૭૮ પૈકી ૧૨૫થી અધિક લેખો પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે વ્યાપક દૃષ્ટિએ ગુજરાતી પત્રકારિત્વ સાથે સંકળાયેલા છે.

અહીં આપણને સાર્ધશતાબ્દી વટાવી ચૂકેલાં ૪ ગુજરાતી વર્તમાનપત્રો – 'મુંબઈ સમાચાર' (૧૮૨૨), 'જામે જમશેદ' (૧૮૩૮), 'ખેડા વરતમાન' (૧૮૬૧) અને 'ગુજરાત મિત્ર તથા ગુજરાત દર્પણ'(૧૮૬૩) નો યજ્ઞેશ શુક્લ દ્વારા, 'બુદ્ધિપ્રકાશ', 'ડાંડિયો', 'સત્યપ્રકાશ', 'ગુજરાત શાળાપત્ર', 'ગુજરાતી', 'પ્રિયંવદા અને સુદર્શન', 'જ્ઞાનસુધા', 'સમાલોચક', 'વસંત' વગેરે સાહિત્યિક સામયિકો વિશે કિશોર વ્યાસ દ્વારા, ડાહ્યાભાઈ દેરાસરી દ્વારા મુંબઈ ઇલાકાના ૧૮૬૭ સુધીનાં ૭૮ ગુજરાતી છાપખાનાં અને ઈ.સ. ૧૮૮૫ સુધી પ્રગટ થતાં ૯૪ ગુજરાતી વર્તમાનપત્રો અને સામયિકોની યાદી તથા ભારતનાં પ્રારંભકાલીન સામયિકો 'બંગાલ ગેઝેટ', ભારતનું સૌથી પ્રથમ સ્વદેશી વર્તમાનપત્ર રાજા રામમોહનરાય સંપાદિત 'સંગબાદ કૌમુદી' વિશે, ગાંધીજીનાં સાપ્તાહિક પત્રો – 'ઇન્ડિયન ઓપિનિયન', 'યંગ ઇંડિયા', 'નવજીવન', 'સત્યાગ્રહી' અને 'હરિજનબંધુ'નો બી. એમ. પટેલ દ્વારા, અમૃતલાલ શેઠ સંપાદિત 'સૌરાષ્ટ્ર'નો જયમલ્લ પરમાર દ્વારા, 'નેશનલ જ્યોગ્રોફિક'નો રાજેન્દ્ર દવે દ્વારા, 'વીસમી સદી'નો રજનીકુમાર પંડ્યા દ્વારા વિવેચનાત્મક અભિગમથી કરાવેલ પરિચય મળી રહે છે. સાથે સાથે ગુજરાતી પત્રકારિત્વના પિતા ફરદુનજી મર્ઝબાનજીથી આજ સુધીના પ્રમુખ ગુજરાતી – બિન ગુજરાતી પત્રકારોનાં ચરિત્રો પણ અહીં મળી રહે છે. જયંતિકા જયવંતભાઈએ 'ગુજરાતનાં મહિલા પત્રકારો' લેખમાં છેલ્લા ૧૬૫ વર્ષની મહિલા પત્રકારોનો તવારીખબદ્ધ વિગતો સાથે પરિચય આપ્યો છે. જેમાં પ્રથમ ગુજરાતી મહિલા પત્રકાર પાર્વતીકુંવર (૧૮૪૫) થી શરૂ કરી ૨૦મી સદીની અંત સુધીની ૮૫ મહિલા પત્રકારોનો સમાવેશ કર્યો છે. આ બધી મહિલા પત્રકારોએ ૫૫ જેટલાં મહિલા સામયિકો કે જનરલ સામયિકોના તંત્રી તરીકે કે કટાર લેખિકા કે કોઈ ખાસ વિભાગનાં સંપાદિકા તરીકે સેવાઓ આપેલ છે. આટલી મોટી સંખ્યામાં મહિલા પત્રકારોની સક્રિયતા હોવા છતાં ગુજરાતી પત્રકારત્વ સંબંધી કેટલાંક પુસ્તકોમાં મહિલા પત્રકારોનું અસ્તિત્વ જ ન હોય તેવી પ્રતીતિ કરાવવાના પ્રયાસ સામે જયંતિકાએ વ્યક્ત કરેલ નારાજગી અસ્થાને નથી. આઝાદીના જંગની મહત્ત્વપૂર્ણ ઘટનાઓ અને વિશ્વની મહાન હસ્તીઓના ૧૦૦૦૦ ફોટાઓ પાડનાર ભારતનાં પ્રથમ મહિલા ફોટોજર્નાલિસ્ટ હોમાય વ્યારાવાલા

(૧૯૧૩-૨૦૧૨)નું સ-રસ ચરિત્ર મનહર શાહે વર્ણવ્યું છે. આ એક પ્રેરણાદાયી અને પઠનીય ચરિત્ર છે. 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત'ની સૂક્તિને ગુજરાતી ડાયસ્પોરિક પત્રકારત્વે પણ યથાર્થ ઠેરવી છે. વિશ્વના ૧૨૫ જેટલા દેશોમાં પથરાયેલા ગુજરાતીઓએ આફ્રિકા, બ્રિટન, અમેરિકા, ઓસ્ટ્રલિયા વગેરે દેશોમાં રહીને ગુજરાતી પત્ર-પત્રિકાઓનું સંપાદન - પ્રકાશન પ્રાયઃ સાર્ધશતાબ્દી પૂર્વેથી શરૂ કર્યું છે. વિપુલ કલ્યાણીએ 'ગુજરાતી ડાયસ્પોરિક પત્રકારત્વ' માં વિશ્વના પ્રમુખ દેશોમાં ગુજરાતી પત્રકારત્વના પ્રારંભથી ૨૦મી સદીના અંત સુધીની ગુજરાતી પત્ર-પત્રિકાઓનાં લેખાં-જોખાં પ્રસ્તુત કર્યાં છે. તેમણે નોંધ્યું છે કે 'ઇન્ડિયન ઓપિનિયન' એ ગુજરાતી ડાયસ્પોરાનું પહેલું છાપું નથી. મળતી વિગત પ્રમાણે કદાચ પહેલવહેલું છાપું સને ૧૮૯૪માં જંગબારમાંથી શરૂ થયું હતું. અરવિંદ જોશીએ 'બ્રિટનમાં ગુજરાતી પત્રકારત્વની પચ્ચીસી'માં લંડનમાં ૧૯૯૩માં પ્રસ્તુત વિષયક યોજાયેલ પરિસંવાદનો અહેવાલ રજૂ કર્યો છે. ઇંગ્લેંડમાં સૌપ્રથમ ગુજરાતી સાપ્તાહિક ૧લી એપ્રિલ, ૧૯૬૮ના રોજ રમણીકલાલ સોલંકીએ 'ગરવી ગુજરાત' શરૂ કર્યું હતું, ત્યારબાદ ૧૯૭૨માં 'ગુજરાત સમાચાર' 'અમે ગુજરાતી', 'નવબ્રિટન', 'નવયુગ', 'નવજીવન', 'સંગના', 'મેઘના', અસ્મિતા', 'નયા પડકાર' વગેરે પત્ર-પત્રિકાઓ પ્રકાશિત થઈ રહી છે તેની વિગતો દર્શાવ્યા ઉપરાંત નોંધ્યું છે કે દાદાભાઈ નવરોજજીએ આ દેશમાં 'અભ્યાસ દરમિયાન તે જમાનામાં ગુજરાતીમાં એક નાનકડું માસિક શરૂ કરેલું.'

ગુજરાતી સાહિત્યિક સામયિકોનું આકંઠપાન-અધ્યયન કરનાર ડૉ. કિશોર વ્યાસના પ્રસ્તુત વિષયક જુદા જુદા સમયે લખાયેલા ૯ અભ્યાસ લેખો અહીં ગ્રંથસ્થ છે. આ લેખોના માધ્યમથી ગુજરાતી સાહિત્યિક સામયિકોના ઉદ્ગમકાળથી અર્થાત્ 'બુદ્ધિપ્રકાશ' (૧૮૫૪) થી ૨૧મી સદીના પ્રથમ દશકા સુધીનાં - 'ગદ્યપર્વ'ના અંતિમ અંક (૨૦૦૮) - સામયિકોની દશા અને દિશાનો વિવેચકીય અભિગમથી ચિતાર સાકાર થાય છે. સાહિત્યિક સામયિકો વિશેનું તેમનું મંતવ્ય: 'પ્રજાના વૈચારિક અને સાંસ્કૃતિક ઘડતરમાં સાહિત્યિક સામયિકોએ ઘણું મોટું કાર્ય કર્યું છે. સાહિત્યિક સામયિકો એટલે સમકાલીન સાંસ્કૃતિક - સાહિત્યિક આબોહવાનો ઐતિહાસિક દસ્તાવેજ'. - ધ્યાનાર્હ બની રહે છે. એક નોંધપાત્ર બાબત એ કે તેમણે આ અવધારણાને કેન્દ્રમાં રાખીને જ સાહિત્યિક સામયિકોનાં લેખો-જોખાં લેવા પ્રયાસ કર્યો છે, જે શ્લાઘનીય બની રહે છે.

યજ્ઞેશ શુક્લના ૧૦ લેખો અહીં ગ્રંથસ્થ છે આ પૈકીના ૮ લેખોમાં નવી પેઢીના પત્રકારો જેમનાં નામ અને કાર્યોથી સંભવતઃ અજ્ઞાત હશે તેવા તેમજ ભારતીય પત્રકારોના રોલ-મોડેલ સમાન પત્રકારો જેમકે 'મોડર્ન રીવ્યૂ'ના નીડર તંત્રી રામાનંદ ચેટરજી (૧૮૬૫ - ૧૯૪૩), 'Pen As My Sword'ના કર્તા અને ૨૫થી અધિક પત્ર - પત્રિકાઓ સાથે સંકળાયેલા અલગારી મસ્ત પત્રકાર કે. રામારાવ (૧૮૯૬ - ૧૯૬૦), 'લીડર'ના તંત્રી - સ્થાપક તથા દેશ - સેવાના ભેખધારી પત્રકાર સી. વાય. ચિંતામણી (૧૮૮૦ - ૧૯૪૧) અને ચળવળકારોના બાતમીદાર કાશીનાથ નારાયણ નિમકર (અ. ૧૯૬૭)નાં ચરિત્રોનું આલેખન કરવામાં આવ્યું છે, જેમાં તેમની સાથેનાં પોતાનાં સંસ્મરણો પણ રજૂ કર્યાં છે. આ ચરિત્રો વારંવાર વાંચવાં ગમે તેવાં છે, આ ઉપરાંત 'મુંબઈ સમાચાર'ના તંત્રી સોરાબાજી પાલનજી

કાપડિયા અને 'ગુજરાતી'ના સ્થાપક અને તંત્રી શ્રી ઇચ્છારામ દેસાઈ અને તેમના પુત્રો મણિલાલ દેસાઈ તથા નટવરલાલ દેસાઈનું ચરિત્ર પણ આપવામાં આવ્યું છે. પોતાની આત્મકથા 'એક પત્રકારની ઘડતરકથા'માંથી 'જન્મભૂમિ' અને 'વંદેમાતરમ્' શીર્ષક હેઠળના લેખોમાં તે સામયિકોનાં કાર્યાલયોમાં પોતાનાં સંસ્મરણોની સાથે સાથે વાચકને તેમના વ્યક્તિત્વના ઘડતર અને ચણતરની કથા મળી રહે છે, જે પત્રકારો માટે પાથેય સમાન છે.

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ, જાણીતા કેળવણીકાર, સમાજહિતચિંતક કટાર-લેખક અને ગુજરાતમાં પત્રકારત્વ વિદ્યાક્ષેત્રના ઘડતરમાં જેમનું યશોદાયી પ્રદાન રહ્યું છે તેવા ડૉ. ચન્દ્રકાન્ત મહેતાના ૮ લેખો અને તેમનો વિસ્તૃત બાયોડેટા અહીં સમાવિષ્ટ છે. અત્રે ઉલ્લેખનીય છે કે સમીક્ષિત ગ્રંથ શ્રેણીના સંપાદક પ્રો. બી. એમ. પટેલે ડૉ. મહેતાના પત્રકારત્વક્ષેત્રે બહુઆયામી પ્રદાનને ધ્યાને લઈ પ્રથમ ત્રણ ખંડો ડૉ. મહેતાને અર્પણ કર્યા છે. અહીં ગ્રંથસ્થ ડૉ. મહેતાના લેખો પત્રકારત્વની આદર્શ નિષ્ઠા, પત્રકારત્વની રચનાત્મક શક્તિ અને પત્રકાર માટેનાં ધર્મસૂત્રો સંબંધી છે, જે નવોદિત પત્રકારો માટે તેમની ભાવિ દિશા નક્કી કરવા માટે ઉપકારક નીવડે તેવા છે. આ ઉપરાંત 'આજના પત્રકારત્વ સામેના પડકારો : ભારતીય પરિપ્રેક્ષ્યમાં' વિષયક લેખમાં તેમના ગહન અધ્યયન અને ચિંતનનાં દર્શન થાય છે. આ સંબંધી તેમનું અવલોકન આજે મીડિયાએ 'ઇન્ડસ્ટ્રીઝ'નું રૂપ ધારણ કર્યું હોવાથી 'મિશન' – ઉચ્ચ આદર્શોની અપેક્ષા આકાશકુસુમવત થઈ છે. 'સત્યમ્ – શિવમ્ – સુંદરમ્'ના સ્થાને 'ધનમ્ – બલમ્ – રૂપમ્' ની વૃત્તિ વકરી છે તેથી તેમની સામે વિશ્વસનીયતાનું રક્ષણ અને માવજત મોટો પડકાર છે. ડૉ. મહેતાના પત્રકારત્વક્ષેત્રના સમગ્ર લેખન અને પ્રદાનનું આકલન કરતાં પ્રસ્ફુટિત થતું સારભૂતતત્ત્વ તેમના જ શબ્દોમાં 'મારે મન પત્રકારત્વ એ શબ્દવંદના છે, સમાજવંદના છે, લોકવંદના છે. એની તમામ મર્યાદાઓ સાથે હું પત્રકારત્વને લોકભાવનાની ભાગીરથી ગણું છું.... પત્રકારત્વની રચનાત્મક શક્તિનો હું એટલે જ આશિક રહ્યો છું.' – રહ્યું છે, જે નિતાન્ત યથાર્થ છે તેમ નિઃશંકપણે કહી શકાય.

સમગ્રતયા, પત્રકારત્વ – ભારતીય પત્રકારત્વ અને સવિશેષતઃ ગુજરાતી પત્રકારત્વનાં બહુવિધ પાસાંઓને આવરી લેતા આ પાંચેય ખંડો સમૃદ્ધ અને અધિકૃત વિષયવસ્તુ તથા માહિતીના વ્યાપક ફલકને આવરી લેતા હોઈ પત્રકારત્વ વિદ્યાક્ષેત્રના જ્ઞાનકોશ સમાન મ્હોરી ઊઠે છે. ગુજરાતી મુદ્રણકળા અને પત્રકારત્વનો ૧૫૫૫થી ૧૯૪૮ સુધીનો કાળક્રમ, અલગ-અલગ વ્યક્તિઓ દ્વારા મીડિયા અને પત્રકારત્વ વિષયક સંપાદિત પાંચ વાઙ્મયસૂચિઓ, પ્રારંભકાલિન પત્ર-પત્રિકાઓનાં મુખપૃષ્ઠો અને નોંધપાત્ર પત્રકારોના ૮૦ જેટલા ફોટોગ્રાફ્સ વગેરેથી આ ગ્રંથનું દસ્તાવેજી મૂલ્ય વધી ગયું છે. જો કે, આ ખંડોમાં વિષયવસ્તુનું યથાયોગ્ય વિભાજન અને સૂચિનો અભાવ ખૂંચે છે. સુનિયોજિત સૂચિના અભાવે આ બૃહદકાય ગ્રંથોમાંથી કોઈ એક વિષય કે કર્તાનો લેખ / લેખો શોધવાનું કાર્ય દોહ્યલું થઈ પડે છે. ક્વચિત્ લેખકોનાં નામનો યથાયોગ્ય સ્થાનનિર્દેશ પણ વિસરાઈ ગયેલો જોવા મળે છે. આટલી મર્યાદાઓ વચ્ચે પણ પત્રકારત્વ વિશેની માહિતીના ખજાના તરીકે તેનું મૂલ્ય બરકરાર બની રહે છે.

– મણિભાઈ પ્રજાપતિ

# સંસ્થા-વૃત્ત

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### કેમ્પસ ઇન્ટરવ્યૂ

આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્ કૉલેજના પ્રશિક્ષણાર્થીઓ માટે તાજેતરમાં કેમ્પસ ઇન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ગાંધીનગર, અમદાવાદ અને જિલ્લાની આસપાસની જુદી–જુદી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ ભાગ લીધો હતો. આ કેમ્પસ ઇન્ટરવ્યૂમાં ક્રિષ્ણા સ્કૂલ ઑફ સાયન્સ, ગાંધીનગર, ત્રિપદા ઇન્ટરનેશનલ સ્કૂલ, અમદાવાદ, એમ. જી. ચૌધરી સ્કૂલ, માણસા, સ્વામિનારાયણ વિદ્યામંદિર. બીએપીએસ, રાયસણ, એસ.વી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડી, સ્કૂલ ફોર એક્સેલેન્સ, પેથાપુર, ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાજસ્થાન હાઈસ્કૂલ, શાહીબાગ, ઇન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ, આનંદ નિકેતન સ્કૂલ, કોબા સર્કલ, એસ.જી.વી.પી. ઇન્ટરનેશનલ સ્કૂલ, વેદાન્ત ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, ચૈતન્ય સ્કૂલ, ગાંધીનગર મકતબા જાફરિયા, સિદ્ધપુર વગેરે જેવી સ્કૂલોએ આ કેમ્પસ ઇન્ટરવ્યૂમાં ભાગ લીધો હતો. પ્રશિક્ષણાર્થીઓ પૈકી લગભગ ૭૦% જેટલાની જુદી જુદી સ્કૂલોમાં પસંદગી થઈ હતી. આ ઉપરાંત કેટલાક પ્રશિક્ષણાર્થીઓને ડેમોન્સ્ટ્રેશન લેશન માટે બોલાવવામાં આવ્યા છે, ત્યારબાદ તેમની નિમણૂક કરવામાં આવશે. યોગ્યતા અનુસાર માસિક ૬૦૦૦થી ૨૦૦૦૦ સુધીના પગારની ઑફર કરવામાં આવી હતી. આ કેમ્પસ ઇન્ટરવ્યૂમાં વિવિધ સ્કૂલોના મૅનેજમેન્ટના સભ્યો અને પ્રિન્સિપાલશ્રીઓએ ઉપસ્થિત રહીને ઇંગ્લિશ મીડિયમ સ્કૂલોની જરૂરિયાત પ્રમાણે યોગ્ય શિક્ષકો તૈયાર કરવા બદલ કૉલેજ તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રયાસને બિરદાવ્યો હતો. આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્ કૉલેજના H.O.D. ડૉ. કુસુમ યાદવ તથા સમગ્ર ફેકલ્ટી દ્વારા શ્રેષ્ઠ શિક્ષકોની નિમણૂક આપનારી સંસ્થાઓનું સ્વાગત કરવામાં આવ્યું અને શિક્ષણના આ વ્યવસાયમાં સમગ્ર ગુજરાતમાં CBSE, ICSE, IB અને રાજ્ય પરીક્ષા બોર્ડની ઇંગ્લિશ મીડિયમ સ્કૂલો આવી રહી હોવાથી આ વ્યવસાયમાં વિદ્યાર્થીઓ માટે ઘણી તકો રહેલી છે, તેથી Intellectual અને Potential વિદ્યાર્થીઓ આ ઉમદા વ્યવસાયમાં જોડાય તેવી વિદ્યાર્થીજગતને અભ્યર્થના કરવામાં આવી હતી.

* એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને એસ. એસ. પટેલ પી.ટી.સી. કૉલેજના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯-૪-૨૦૧૨ના રોજ કેમ્પસ ઇન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પસ ઇન્ટરવ્યૂમાં ગાંધીનગર શહેર અને જિલ્લાની ૧૩ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં બી.એડ્ અને પી.ટી.સી. કૉલેજોના પ્રશિક્ષણાર્થીઓએ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઇન્ટરવ્યૂ આપ્યાં હતાં. આ પૈકી ૭૫ જેટલા તાલીમાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી, જેમને માસિક રૂ. ૨૦,૦૦૦/- જેટલા પગારે નિમણૂક કરવામાં આવનાર છે. આ પ્રસંગે સર્વ

વિદ્યાલય કેળવણી મંડળના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ અને ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન ડૉ. વીણાબહેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનનાં એચ.ઓ.ડી. ડૉ. જિજ્ઞાસાબહેન જોશી અને પી.ટી.સી. કૉલેજનાં પ્રિન્સિપાલ કિરણબહેન પટેલે આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો અને સૌ શાળા-સંચાલકોનો આભાર માન્યો હતો.

* તા. ૨૩/૩/૧૨ ના રોજ સર્વ વિદ્યાલય પી.ટી.સી. ઇંગ્લિશ મીડિયમ કૉલેજ, ગાંધીનગરના તાલીમાર્થીઓ માટે કેમ્પસ ઇન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હિંમતનગર, ઊંઝા, વિજાપુર, સિદ્ધપુર, ડીસા, ધાનેરા વગેરેના શાળાના સંચાલકોએ ભાગ લીધો હતો, જેમાં કેટલાક વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

## નિબંધ સ્પર્ધા

તા. ૫/૨/૧૨ને રવિવારે શ્રી અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે વિવિધ શાળા કૉલેજના વિદ્યાર્થીઓ વચ્ચે યોજાયેલ નિબંધ સ્પર્ધામાં આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓએ ત્રણ વિજેતા નંબર પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું. વિજેતા પ્રશિક્ષણાર્થીઓમાં પ્રથમ સ્થાને મોના લેખરાજાની, બીજા સ્થાને કરુણા નાયર તથા ત્રીજા સ્થાને સંધ્યા કે. જી. વિજેતા જાહેર થયાં હતાં. તમામ વિજેતા પ્રશિક્ષણાર્થીઓને શિલ્ડ તથા પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

## પરામર્શ શિબિર

વકીલશ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનના પ્રા. ડૉ. ભાવિકભાઈ શાહે ગુજરાત રાજ્ય પાઠયપુસ્તક મંડળ દ્વારા આયોજિત વાણિજ્ય વ્યવસ્થાના સૂચિત પાઠ્યપુસ્તક માટેની પરામર્શ શિબિરમાં ભાગ લીધો.

## પીએચ.ડી.

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ શ્રી મણિભાઈ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ શ્રી નરેન્દ્ર પી. પ્રજાપતિ (લાઇબ્રેરિયન, નીમા આર્ટ્સ કૉલેજ, ગોઝારિયા) એ તૈયાર કરેલ શોધપ્રબંધ 'પારસીઓનું ગુજરાતી સાહિત્યમાં પ્રદાન : બિબ્લિયોગ્રાફી એન્ડ બિબ્લિઓમેટ્રીકસ અભ્યાસને' માન્ય કરીને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા જાન્યુઆરી, ૨૦૧૨માં પીએચ.ડી. ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

## બ્રિટિશ લાઇબ્રેરી સભ્યપદ

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરની યુનિવર્સિટી લાઇબ્રેરી દ્વારા બ્રિટિશ લાઇબ્રેરી (ભાઈકાકા હૉલ, લૉ ગાર્ડન, અમદાવાદ) નું સભ્યપદ મેળવવામાં આવ્યું છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર સંચાલિત શાળા - કૉલેજો - વિશ્વવિદ્યાલયના અધ્યાપકો, કર્મચારીઓ વગેરે બ્રિટિશ લાઇબ્રેરીનો લાભ લેવા ઇચ્છે તેમણે વિશ્વવિદ્યાલય ગ્રંથાલયનાં ગ્રંથપાલિકા શ્રી ઉર્જિતા પટેલનો સંપર્ક કરવાનો રહેશે.

## ભૂતપૂર્વ પ્રશિક્ષણાર્થીઓનું સ્નેહમિલન

આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો ફેબ્રુઆરી, ૨૦૧૨માં સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે કે. બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ્સ એન્ડ રિસર્ચ સેન્ટરના પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગ શાહ, બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. રમાકાન્ત પુષ્ટી તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડીન ડૉ. વીણાબહેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમના પ્રારંભમાં કૉલેજનાં હેડ ડૉ. કુસુમ યાદવે પ્રશિક્ષણાર્થીઓનો પ્રોગ્રેસ રિપોર્ટ તથા શુભેચ્છાઓ

પાઠવી કૉલેજનો વિસ્તૃત પરિચય આપ્યો હતો અને મહેમાનશ્રીઓનું ભાવભીનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ઉપસ્થિત મહેમાનશ્રીઓએ પ્રશિક્ષણાર્થીઓને આશીર્વચન આપી ભાવી જીવન માટેની શુભેચ્છાઓ પાઠવી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાના પારિવારિક, સામાજિક, આર્થિક, રાજકીય, રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક અનુભવોની વાત કરી હતી. આ કૉલેજમાં લીધેલી શિક્ષકની ટ્રેનિંગથી જીવનમાં નેતૃત્વ શક્તિનો વિકાસ, મૂલ્યનિષ્ઠા પારિવારિક ભાવના, બાળકોનું યોગ્ય ઘડતર અને જીવન જીવવાની કળામાં વધારો થયો છે તેવા અનુભવો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન ચાલુ વર્ષના પ્રશિક્ષણાર્થી શ્રી અરુલે પ્રા. વિભા દ્વિવેદી તથા સમગ્ર સ્ટાફના માર્ગદર્શન નીચે કર્યું હતું.

## મહિલાદિન

એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં વિશ્વ મહિલાદિન નિમિત્તે મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કૉલેજની તાલીમાર્થિનીઓએ સ્ત્રીઓનું પરિવારમાં મહત્ત્વ, વર્તમાન સમયમાં ભારતીય નારી ક્યાં છે ? અને સ્ત્રી શક્તિ જેવા જુદા–જુદા વિષયો પર ચર્ચા કરી હતી. કાર્યક્રમનું સંચાલન તાલમાર્થિની પટેલ રેશમાએ કર્યું હતું.

## માઈન્ડ પાવર એન્ડ મોટિવેશન

માઈન્ડ પાવર એન્ડ મોટિવેશન નામક કાર્યક્રમમાં યાદશક્તિ વધારવાના પ્રત્યક્ષ પ્રયોગો અંતર્ગત શબ્દ પ્રયોગ તથા વાર્તાકથન દ્વારા વિવિધ પ્રયોગો રજૂ કરવામાં આવ્યા હતા. મેડિટેશન પદ્ધતિ દ્વારા ભૂતકાળ, વર્તમાનકાળ તેમજ ભવિષ્યના પ્રત્યક્ષ અનુભવોનો વ્યક્તિગત અહેસાસ પ્રાપ્ત કરાવવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્ણાસિંગ શેખાવતે – (ટ્રેનર ફોર પર્સનાલિટી ડેવલપમેન્ટ) કર્યું હતું.

## રમત મહોત્સવ

કડી સર્વ વિશ્વવિદ્યાલયનો એથલેટીક મહોત્સવ તા. ૧૦/૨/૧૨ના રોજ સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ઇન્ડિયા, ગાંધીનગર ખાતે યોજાયો. એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનના કુલ ૧૨ તાલીમાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. જેમાં પટેલ ધવલ ઊંચીકૂદ અને લાંબીકૂદમાં પ્રથમ તથા ત્રિપલ જંપમાં દ્વિતીય સ્થાને વિજેતા, ત્રણ હજાર મીટરની દોડમાં વસાવા સુમિત્રા પ્રથમ સ્થાને, પંદરસો મીટર તથા ચારસો મીટરની દોડમાં ભોયા કૈલાસ પ્રથમ સ્થાને, જ્યારે રીલે દોડમાં ભોયા કૈલાસ, વસાવા સુમિત્રા, પાડવી વિદ્યા અને ગામીત અંજુ ત્રીજા ક્રમે વિજેતા રહ્યાં હતાં.

## વક્તૃત્વ સ્પર્ધા

એસ.એસ. પટેલ કૉલેજ એજ્યુકેશન,, ગાંધીનગરના ઉપક્રમે 'ભ્રષ્ટાચારમુક્ત ભારતની કલ્પના' વિષય પર આંતરશાલેય વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ ગઈ. સદર કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાની જુદી જુદી શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલય, ગાંધીનગરની વિદ્યાર્થિની જોશી વૈભવી હર્ષદભાઈએ પ્રથમ સ્થાન, દ્વિતીય સ્થાન પર ઝાલા જહાનવીલા અને તૃતીય સ્થાન પર દવે નિલય કમલેશભાઈ રહ્યાં હતાં. આ ઉપરાંત વિદ્યાર્થીઓ સ્વામી વિવેકાનંદના આદર્શ જીવનને સમજે તે હેતુથી 'યુવા શક્તિનું પ્રતીક – સ્વામી વિવેકાનંદ' વિષય પર આંતર કૉલેજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં અમદાવાદ, મહેસાણા અને ગાંધીનગર જિલ્લાની જુદી જુદી કૉલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, ગાંધીનગરની તાલીમાર્થિની કું. રજનીએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. દ્વિતીય સ્થાન

પર મોદી વિકીતા દિનેશભાઈ અને તૃતીય સ્થાન પર ધલ વિરેનસિંહ જિતેન્દ્રસિંહ રહ્યાં હતાં.

## વ્યક્તિત્વ નિર્માણ

પ્રશિક્ષણાર્થીઓ પ્રસંગોપાત વિવિધ વ્યક્તિત્વો સાથે વાતચીત કરતાં શીખી શકે અને લેખિત રજૂઆત કરવાની શૈલીનો વિકાસ કરી શકે તે હેતુસર ઇંગ્લિશ સ્પીકિંગ એન્ડ પર્સનાલિટી ડેવલપમેન્ટના વર્ગોનું આયોજન આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ દ્વારા તા.૨૩/૩/૧૨ના રોજ કરવામાં આવ્યું.

## વ્યાખ્યાન

એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગાંધીનગરના પ્રા. દેવાંગભાઈ મહેતા અને પ્રા. ખેવનાબહેન ત્રિવેદીએ અમદાવાદની R.C. Teachnical College (NITTR)માં 'Time Management Student's Evaluation and Overview of Media' વિષયમાં તથા ડૉ. દિપકભાઈ પંડ્યાએ Dalia Institute of Diploma Studies, Kanera, અમદાવાદ કૉલેજમાં ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ માટે વ્યાખ્યાનો આપ્યાં હતાં.

## શિક્ષકો માટેની જાહેર પરીક્ષા

પ્રશિક્ષણ પછી ભવિષ્યના વ્યવસાય માટે સજ્જ કરવા માટે રાષ્ટ્ર તથા રાજ્ય સરકાર દ્વારા લેવાતી TET, TAT, HTAT તેમજ CTET માટેની જાહેર પરીક્ષા માટેના વર્ગોનું આયોજન આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ દ્વારા કરવામાં આવ્યું તથા તા. ૧૩/૩/૧૨ના ઓપન એન્ડેડ કરીકયુલમ એક્ઝામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તા.૧૯/૩/૧૨ના દિવસે કોર્સ કવીઝનું પણ આયોજન કરવામાં આવ્યું.

## શુભેચ્છા સમારંભ

ફેકલ્ટી ઑફ એજ્યુકેશનના વિવિધ વિભાગોના ઉપક્રમે કૌશલ્યવર્ધક જ્ઞાનપ્રાપ્ત ભાવિ શિક્ષકોના ઉજ્જ્વળ ભવિષ્યના હેતુથી આશીર્વચન તેમજ વર્ષભરની શૈક્ષણિક સફરના ચિતારસમા 'દર્પણ' અંકનું વિમોચન કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ અને ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ, સંસ્થાના ઉપપ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, મુખ્ય મહેમાન પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી આર. સી. રાવલ, અતિથિ વિશેષ શ્રી ડી. ટી. કાપડિયા તેમજ અન્ય મહેમાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. સદર કાર્યક્રમમાં પીટીસી, બી.એડ્. અને એમ.એડ્. કૉલેજોના તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ ઉપરાંત એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનના હેડ ડૉ. દિપકભાઈ પંડ્યાને Ph.Dની ઉપાધિ મેળવવા બદલ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ અને મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. વર્ષ ૨૦૧૦–૧૧માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને મેડલ (શીલ્ડ) અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. શભેચ્છા સમારંભના આરંભે ડૉ. વીણાબહેન પટેલે ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનની વિવિધ કૉલેજો દ્વારા વર્ષ દરમિયાન થયેલી પ્રવૃત્તિઓનો ચિતાર વ્યક્ત કર્યો હતો. ત્યાર બાદ પી.ટી.સી. કૉલેજની તાલીમાર્થિની ઉન્નતિ પટેલ અને એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનના તાલીમાર્થી ભવર ગણેશે પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. આભારવિધિ પ્રા. મિલીબહેન દ્વારા અને કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી પૂજા ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું.

## સાયન્સ મોડેલ

સર્વ વિદ્યાલય પી.ટી.સી. ઇંગ્લિશ મીડિયમ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા.૨૪/૨/૧૨ના રોજ સાયન્સ મોડેલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું

હતું, જેમાં કૉલેજનાં નવ જૂથોએ જુદા-જુદા મોડેલો પસંદ કરી ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં રવીન્દ્રનાથ ટાગોર ગ્રૂપ વિજેતા જાહેર થયું હતું.

### સીટીઈટી કલાસ

સર્વ વિદ્યાલય પી.ટી.સી. ઇંગ્લિશ મીડિયમ કૉલેજ, ગાંધીનગરમાં ફેબ્રુઆરીથી માર્ચ મહિના સુધી તાલીમાર્થીઓ માટે CTETના કલાસનું આયોજન કરવામાં આવ્યું હતું, આ ઉપરાંત 'કોમ્યુનિકેશન સ્કિલ્સ અને ઇન્ટરવ્યૂ' વિશે પાંચ દિવસીય વર્કશોપનું તથા યોગના વર્ગોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

### સ્નેહ-મિલન

ભૂતપૂર્વ તાલીમાર્થીઓનો કૉલેજ તથા પ્રવર્તમાન તાલીમાર્થીઓ સાથે નાતો જીવંત બની રહે તેવા આશયથી એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનના ભૂતપૂર્વ તાલીમાર્થીઓનું 'પુનિત વન' સેક્ટર-૧૯ ખાતે તા. ૪/૩/૧૨ના રોજ વાર્ષિક સંમેલન યોજાઈ ગયું. સદર કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગરના આર્ટ ઑફ લીવિંગના કો-ઑર્ડિનેટર સ્મિતાબહેન પટેલ અને કુસુમબહેન પટેલ ઉપસ્થિતિ રહી પ્રસંગોચિત વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમના અંતમાં સંસ્થાના હેડ ડૉ. દીપકભાઈ પંડ્યાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમનાં ઇન્ચાર્જ પ્રા. ડૉ. જિજ્ઞાસાબહેન જોશીના માર્ગદર્શન નીચે નવા વર્ષના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થિની નિકીતા ચૌહાણે કર્યું હતું.

## શાળા વિભાગ

### ઇનામ વિતરણ

તા. ૨૮/૨/૧૨ આજ રોજ શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળામાં ઇનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં પૂ. દાસકાકા રમતોત્સવ તથા યુવક મહોત્સવના વિજેતાઓને કુલ ૬૩ ઇનામો તથા ચિત્રસ્પર્ધાના કુલ ૧૨૦ વિજેતાઓને પ્રમાણપત્રો અને ૯ શિલ્ડ એનાયત કરવામાં આવ્યા. આ ઉપરાંત 'હેલ્પેજ ઇન્ડિયા' માટે રૂ.૪૯૦૦૦/- નો રોકડ ફાળો એકત્રિત કરવા બદલ દરેક વર્ગ શિક્ષકશ્રીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં. સૌથી વધુ ફાળો રૂ. ૭૦૩૫/- એકત્ર કરી આપવા બદલ ધો.-૧૨/સી નાં વર્ગ શિક્ષિકા શ્રીમતી અમિતાબહેન પ્રજાપતિને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

* ગાંધીનગર કેમ્પસમાં સ્થિત ચાર પ્રાથમિક શાળાઓ અને ત્રણ બાલમંદિરના સંયુક્ત ઉપક્રમે તેજસ્વી તારલાઓને પૂજ્ય દાસકાકા અને પૂજ્ય દિવાળીબા સ્મૃતિ પારિતોષિક અર્પણ સમારોહ તા.૨૮/૨/૧૨ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન પદે શ્રી વિઠ્ઠલભાઈ ચોકસી, શ્રીમતી હીરાબહેન ચોકસી, શ્રી રણછોડભાઈ ચોક્સી, શ્રી બળદેવભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, ભૂતપૂર્વ આચાર્ય શ્રી ઈશ્વરભાઈ પટેલ તથા ભગિની સંસ્થાઓના આચાર્યશ્રીઓના વરદહસ્તે તેજસ્વી તારલાઓને શૈક્ષણિક કારકિર્દીમાં પ્રગતિ કરે તેવા આશીર્વાદ સહ પુરસ્કાર અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન અને સંચાલન શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલ તથા સ્ટાફ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

### ઉદ્‌ગમ વિમેન્સ એચિવર્સ ઍવૉર્ડ

આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ગાંધીનગરમાં મહિલા અને બાળ કલ્યાણના ક્ષેત્રમાં

શ્રેષ્ઠ યોગદાન બદલ ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરની મહિલાઓનું તા.૧૦/૩/૧૨ ના રોજ પ્રમાણપત્ર અને ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું. સમાજસેવી ગ્રામશ્રી અને માનવ સાધનાનાં ટ્રસ્ટી સુ. શ્રી અનારબહેન પટેલના અધ્યક્ષપણે આયોજિત આ સમારોહમાં શિક્ષણવિદ્ ધારિણીબહેન શુક્લ, સચિવશ્રી મીનાબહેન ભટ્ટ વગેરે આમંત્રિતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. પરિવારની જવાબદારી સાથે સાથે મહિલાઓએ સમાજસેવા, રમતગમત શિક્ષણ, આર્થિક, સાંસ્કૃતિક સાહિત્યિક વગેરે ક્ષેત્રોમાં કરેલી કામગીરીને ધ્યાને લઈને ૧૮ બહેનોને ઍવૉર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવી હતી, જેમાં શ્રીમતી આર. જી. કન્યા માધ્યમિક અને ઉ. મા. શાળાનાં આચાર્યા શ્રીમતી સુધાબહેન પટેલને પણ ઍવૉર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. અભિનંદન.

## એન.એસ.એસ. કેમ્પ

શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. વિદ્યાલયની એન.એસ.એસ.ની વિદ્યાર્થિનીઓનો તા. ૧૭/૨/૧૨ થી તા. ૨૨/૨/૧૨ સુધી રૂપાલ મુકામે આઠમો એન.એસ.એસ. કેમ્પ યોજવામાં આવ્યો હતો. પ્રોગ્રામ ઑફિસર શ્રીમતી પ્રીતિબહેન શુક્લના નેતૃત્વ હેઠળ શાળાની ૫૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં વ્યસન મુક્તિ, યુવા સશક્તિકરણ, વૃક્ષારોપણ, ગ્રામ સફાઈ, લોકસંપર્ક, અંધશ્રદ્ધા નિવારણ, વિકલાંગ તેમજ નિરાધાર મહિલાઓને લઘુ ઉદ્યોગોની જાણકારી આપવી વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિબિરાર્થી બહેનોએ બે લઘુનાટિકાઓ ૧. સ્ત્રી સશક્તીકરણ (સ્ત્રીઓના મૂળભૂત અધિકારો આધારિત) અને ૨. 'યુવા સંદેશ' (સ્વામી વિવેકાનંદના વિચારો આધારિત) નું મંચન કર્યું હતું. કડી સર્વ વિશ્વ વિદ્યાલયના કુલપતિ પ્રો.ડી.ટી. કાપડિયાએ દીપ પ્રાગટ્ય કરી સમારંભનું ઉદ્‌ઘાટન કરી કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. ડૉ. સોમભાઈ પટેલ, આમંત્રિત મહેમાનો અને આચાર્યા શ્રીમતી સુધાબહેન પટેલે પણ વિદ્યાર્થિનીઓને પ્રેરક પ્રવચન આપી પ્રોત્સાહિત કરી હતી. ઉદ્‌ઘાટન સમારોહમાં રૂપાલગામના સરપંચશ્રી શૈલેશભાઈ પટેલ, સમાજસેવક શ્રી યોગેશભાઈ પટેલ વગેરે હાજર રહ્યા હતા.

## ચિત્રસ્પર્ધા

નવસર્જન સંસ્થા દ્વારા રાજ્ય સ્તરની રંગપૂરણી ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળાના ધોરણ-૯/ઈ ની વિદ્યાર્થિની ભગોરા પલક કમલસિંહએ ગુજરાત કક્ષાએ ત્રીજું ઇનામ પ્રાપ્ત કર્યું.

## ચકલી દિવસ

તા. ૨૦/૦૩/૨૦૧૨ના રોજ શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગર તથા વનશ્રીના સંયુક્ત ઉપક્રમે 'ચકલી દિવસ'નો સેમિનાર યોજવામાં આવ્યો. જેમાં ૭૦થી વધુ બાળકોએ ભાગ લીધો. ગ્રીન મોટીવેટર અંજના નિમાવતે બાળકોને ચકલી અંગે રસપ્રદ માહિતી આપતાં જણાવ્યું હતું કે આજે આપણે વિકાસની દોટમાં આપણા અમૂલ્ય પ્રાકૃતિક વારસાને તથા દિવસે દિવસે પર્યાવરણ સંતુલન ગુમાવી રહ્યા છીએ, જેના લીધે ચકલીઓ તથા અન્ય પક્ષીઓના અસ્તિત્વની સમસ્યા ઉદ્‌ભવી છે. વધુમાં તેમણે બાળકો પર્યાવરણપ્રેમી બની પર્યાવરણનું જતન કરે તેવી કેળવણી પર ભાર મૂકવા જણાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શાળાના સુપરવાઈઝર શ્રી અશોકભાઈએ કર્યું હતું.

## ચેસસ્પર્ધા

તા. ૨૦/૦૨/૨૦૧૨ના રોજ કર્ણાવતી ચેસ એકેડેમી દ્વારા આયોજિત ચેસસ્પર્ધામાં શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓ પાઠક રૂદ્ર શ્વેતલભાઈ (ધોરણ-૫/એ) તથા બારોટ ઉમંગ જિતેન્દ્રભાઈ (ધોરણ-૬/ડી) એ ભાગ લીધો હતો. જેમાં બન્ને વિદ્યાર્થીઓએ અનુક્રમે બારમો ક્રમાંક મેળવી રૂ. ૯૦૦/- તથા પંદરમો ક્રમાંક મેળવી રૂ. ૭૦૦/- રોકડ ઇનામ પ્રાપ્ત કર્યું.

## પૂજ્ય દાસકાકા રમતોત્સવ

શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. માધ્યમિક શાળા, ગાંધીનગર ખાતે તા. ૧૦/૨/૨૦૧૨ના રોજ પૂજ્ય દાસકાકા રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહેમાન તરીકે ગુજરાત રાજ્ય માધ્યમિક સંઘના પ્રમુખ તથા ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડના ઉપપ્રમુખશ્રી જ્યંતીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. રમતોત્સવના પ્રારંભમાં N.C.C., N.S.S. સ્કાઉટગાઈડ તથા શાળાની સાંસ્કૃતિક સમિતિઓની પરેડ તથા રમત જ્યોત તથા દીપપ્રાગટ્ય દ્વારા કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આયોજિત વિવિધ રમતોનાં પરિણામ નીચે મુજબ રહ્યાં હતાં. **માધ્યમિક વિભાગ : ૧૦૦ મીટર દોડ** – પ્રથમ – ચૌહાણ મિતલ, **ગોળાફેંક** – પ્રથમ – પટેલ ક્રિષ્ના આર, **લીંબુ ચમચી** – પ્રથમ – રાઠોડ નેહલ એમ, **માટલી દોડ** – પ્રથમ – ચૌધરી યાત્રી એમ. **ઉચ્ચતર માધ્યમિક વિભાગ : ૧૦૦ મીટર દોડ** – પ્રથમ – પટેલ ધારા બી., **ગોળાફેંક** – પ્રથમ – નાયક ક્રિષ્ના જી, **લીંબુ-ચમચી** – પ્રથમ – ખોખર વૈભવી એમ, **માટલી દોડ** – પ્રથમ – ભલગામીયા તૃપ્તિ બી. માધ્યમિક વિભાગમાં **વીરબાળા**નું શ્રેય ચૌધરી યાત્રી એમ., ધોરણ – ૯/સી અને ઉ. મા. વિભાગમાં **વીરબાળા**નું શ્રેય પટેલ ધારા બી. ધોરણ – ૧૧/સી ના શિરે જાય છે. રમતગમત સ્પર્ધાઓનું આયોજન શ્રી ઉર્વશીબહેન અને હાર્દિકભાઈએ કર્યું હતું.

## પૂજ્ય દાસકાકા યુવક મહોત્સવ

શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. માધ્યમિક શાળામાં તા. ૧૧/૨/૧૨ના રોજ શાળામાં પૂજ્ય દાસકાકા યુવક મહોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ જેવી કે મહેંદી, કેશગૂંથન, સ્વરચિત વાર્તા, શ્લોકગાન, પાદપૂર્તિ વગેરેનું આયોજન કરવામાં આવ્યું, જેમાં શાળાની ૨૦૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. વિવિધ સ્પર્ધાઓનું પરિણામ નીચે મુજબ છે. **માધ્યમિક વિભાગ : ૧. મહેંદી, પ્રથમ :** ખત્રી ધારા, ધો.૮/એ, ૨. **કેશગૂંથન, પ્રથમ :** વાછાણી ઋષિકા, ધો.૯/એ ૩. **સ્વરચિત વાર્તા, પ્રથમ :** કાનડીયા કરમનિષ્ઠા, ધો.૯/એ, ૪. **શ્લોકગાન, પ્રથમ :** અંજાન વિધી, ધો. ૯/સી, ૫. **પાદપૂર્તિ, પ્રથમ :** ચૌધરી ઉર્મિલા, ધો. ૯/સી, **ઉચ્ચર માધ્યમિક વિભાગ : ૧. મહેંદી, પ્રથમ :** શેખ ફરહન જહાં ધો.૧૨/એ, ૨. **કેશગૂંથન, પ્રથમ :** વ્યાસ કોમલ, ૧૧/ડી ૩. **સ્વરચિત વાર્તા, પ્રથમ :** રાઠોડ રાજેશ્વરી, ધો. ૧૧/ડી. ૪. **શ્લોકગાન, પ્રથમ :** જાની હરસિદ્ધ, ધો.૧૧/એ. ૫. **પાદપૂર્તિ, પ્રથમ :** કુરેશી ગુલિસ્તા, ધો. ૧૧/ડી. યુવક મહોત્સવ સ્પર્ધાઓમાં કસ્તુરબાગૃહ ચેમ્પિયન બને છે. જેના કન્વીર શ્રી મયંકભાઈ પટેલ હતા.

## માતૃભાષા સપ્તાહ

શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળામાં તા. ૨૪/૦૨/૧૨થી તા. ૩/૩/૧૨ સુધી

માતૃભાષા સપ્તાહની ઉજવણીમાં વિવિધતા સભર કાર્યક્રમો જેમકે માતૃભાષાનું મહત્ત્વ, માતૃભાષામાં જ શિક્ષણ, નરસિંહ મહેતાનું જીવન કવન અને પ્રભાતિયાગાન, સાહિત્ય કવીઝ, ગઝલ, લગ્નગીત, લોકવાર્તા, ગુજરાતી રૂઢિપ્રયોગ, લોકગીત, કવિ પરિચય, વિચારવિસ્તાર શબ્દરમત વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સરકારશ્રીના પરિપત્રના અનુસંધાનમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નીચેની વિદ્યાર્થિનીઓ વિજેતા થઈ હતી. ૧. પ્રથમ : શાહ ક્રિષ્ના જે. ૨. દ્વિતીય : સંગાડા પ્રતિભા એસ. ૩. તૃતીય : પ્રિયદર્શી ખ્યાતિ.

### રમતગમત

શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા વિભાગનાં શિક્ષિકાશ્રી જોષી ઉર્વશી રમેશચંદ્રે રાજ્યકક્ષાના મહિલા હેન્ડબોલ સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા થવા બદલ રૂપિયા ૪૮૦૦ ની સ્કોલરશિપ અને સન્માનપત્ર માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે મેળવેલ છે. તેમ જ ખેલ-મહાકુંભની વોલીબોલ સ્પર્ધામાં ત્રીજો નંબર મેળવી રૂપિયા ૧૦૦૦નું રોકડ ઇનામ મેળવેલ છે.

### વક્તૃત્વ સ્પર્ધા

નિસર્ગ સાયન્સ સેન્ટર, ગાંધીનગર દ્વારા તા.૧૦/૦૩/૨૦૧૨ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં સેન્ટર દ્વારા પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે પરમાણુ ઊર્જાના લાભ / ગેરલાભ વિશે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરની ધોરણ-૭/એ ની વિદ્યાર્થિની ભોજક ઝીલ અનિલભાઈએ પ્રથમ નંબર મેળવીને રૂ. ૫૦૦/- રોકડ ઇનામ પ્રાપ્ત કર્યું.

### વાલી સંમેલન

શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળાની ધોરણ-૧૦ અને ૧૨ની વિદ્યાર્થિનીઓ અને તેમના વાલીઓ તેમજ શિક્ષિકોનું સંમેલન ફેબ્રુઆરી માસમાં યોજવામાં આવ્યું હતું. જેમાં વાલીઓને પ્રિલિમિનરી પરીક્ષાની ઉત્તરવહીઓ બતાવવામાં આવી અને જે તે વિષયના શિક્ષકો દ્વારા વાલીઓ અને વિદ્યાર્થિનીઓને પરીક્ષા સંબંધી વ્યક્તિગત રીતે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

### વિદાય – શુભેચ્છા

તા. ૨૭/૨/૧૨ના રોજ શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળાનો ધોરણ-૧૦ અને ૧૨નો વિદાય-શુભેચ્છા સમારંભ યોજાઈ ગયો. મુખ્ય મહેમાન શ્રીમતી કે. કે. પટેલ માધ્યમિક શાળાનાં પ્રિન્સિપાલ શ્રીમતી ભાવનાબહેન વાઘેલા તથા ચાલુ વર્ષે C.A. થયેલ ભૂતપૂર્વ વિદ્યાર્થિની નિયતિ એસ. શાહ ઉપસ્થિત રહ્યાં હતાં. નિયતિ શાહે બહેનોને સુંદર શાળા અને શિક્ષકો મેળવવા બદલ ભાગ્યશાળી માનવા તથા તેમના માર્ગદર્શન મુજબ ચાલવા અનુરોધ કર્યો તથા C.A. માટે કેવી મહેનત કરવી, કઈ રીતે કરવી તે અંગે સમજૂતી આપી હતી. શ્રીમતી ભાવનાબહેને પોતે પણ આ શાળાનો જ એક હિસ્સો છે તેમ જણાવીને 'દીકરીઓની જવાબદારી' તેમજ 'દેશના વિકાસમાં દીકરીઓનો ફાળો' અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આચાર્યા શ્રીમતી સુધાબહેન પટેલે બાળકોને સંસ્કાર ઘડતર તથા ચારિત્ર્ય કેળવવા અપીલ કરી

પરીક્ષાનો હાઉ ન રાખી માનસિક શાંતિ સાથે પરીક્ષા આપવા સમજાવ્યું હતું. આ પ્રસંગે શ્રીમતી અમિતાબહેન પ્રજાપતિએ વિદાયગીતનું ગાન કર્યું હતું. શિક્ષકોના પ્રતિનિધિ તરીકે શ્રી મહેન્દ્રભાઈ પટેલ અને શ્રી પંકજભાઈ પટેલ અને વિદ્યાર્થિનીઓના પ્રતિનિધિ તરીકે એકતા લુણાગરીયા, કલગી ત્રિવેદી અને અંકિતા દેસાઈએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા.

## વિધાનસભા ગૃહની મુલાકાત

તા. ૨૨/૦૩/૨૦૧૨ના રોજ શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરના ધોરણ–૭ ના વિદ્યાર્થીઓને ચાલુ વિધાનસભાનું સત્ર જોવા લઈ જવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી બાળકોને રૂબરૂમાં મળ્યા હતા અને તેમણે બાળકો સાથે પૃચ્છા કરતાં કઈ શાળામાંથી આવો છો ? તથા ગુજરાતને લગતા પ્રશ્નો પૂછ્યા હતા, જેના વિદ્યાર્થીઓએ સાચા ઉત્તરો આપ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ વિધાનસભાના સત્રની પ્રત્યક્ષ કામગીરી નિહાળી હતી. આ કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષકશ્રી પ્રકાશભાઈ પટેલે કર્યું હતું.

## સ્કાઉટ

'ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ–ગાઇડ સંઘ' દ્વારા વર્ષ ૨૦૧૧–૧૨માં રાજ્ય પુરસ્કાર વિજેતા સ્કાઉટ–ગાઇડ બાળકોનો રાજ્ય પુરસ્કાર એવૉર્ડ સમારોહ તથા એડલ્ટ એવૉર્ડ સમારોહ ગુજરાત રાજ્યનાં મહામહિમ રાજ્યપાલશ્રી ડૉ. શ્રીમતી કમલા બેનીવાલની ઉપસ્થિતિમાં તા.૨૨/૨/૧૨ ના રોજ રાજભવન, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો, જેમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળા, ગાંધીનગરના ગાઇડ કેપ્ટન શ્રીમતી મંજુલાબહેન ચૌધરીને 'મેડલ ઑફ મેરિટ' એવૉર્ડ તેમજ વિદ્યાર્થિનીઓ જાની રિધ્ધિ, દેસાઈ દિશા, કાનડિયા કરમનિષ્ઠા, પ્રજાપતિ જીલ અને પટેલ રીપલને રાજ્ય પુરસ્કાર એવૉર્ડ મહામહિમ ડૉ. શ્રીમતી કમલા બેનીવાલના વરદહસ્તે એનાયત કરવામાં આવ્યા.

**કડવા પાટીદાર વિદ્યાલય, કડીમાં તા. ૨૦/૩/૧૯૨૨ના રોજ સૌપ્રથમ પ્રવેશ મેળવેલ ૬ વિદ્યાર્થીઓની યાદી**

| જન રજિ. ક્રમાંક | નામ | જાતિ અને પેટાજાતિ | જન્મસ્થળ | જન્મતારીખ |
|---|---|---|---|---|
| ૧ | મોદી નાનાલાલ રેવાભાઈ | વાણિયા | વિજાપુર | ૧૨/૦૩/૧૯૦૮ |
| ૨ | પટેલ બબાભાઈ ગ. | પટેલ | કડી | ૧૬/૦૫/૧૯૧૧ |
| ૩ | પરીખ રામલાલ છગનલાલ | વાણિયા | કડી | ૩૧/૦૭/૧૯૧૦ |
| ૪ | નાયક સોમાભાઈ પરસોત્તમ | નાયક | કડી | ૩૧/૦૭/૧૯૧૦ |
| ૫ | પટેલ છગનલાલ મોહનલાલ | પટેલ | કુંડાલ | ૩૧/૦૭/૧૯૧૦ |
| ૬ | પટેલ રણછોડભાઈ મોહનલાલ | પટેલ | કુંડાલ | ૩૧/૦૭/૧૯૦૭ |

ટાઈપસેટિંગ અને મુદ્રક : શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬૪૨૭૯
પ્રકાશક : કુલસચિવ, સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
ફોન : ૨૩૨૪૪૬૯૦



ફેકલ્ટી ઑફ એજ્યુકેશન,
કડી સર્વ વિશ્વવિદ્યાલય,
ગાંધીનગરના વિવિધ
વિભાગોનાં વિદ્યાર્થીઓ અને
વિદ્યાર્થિઓના શુભેચ્છા
સમારોહનું દશ્ય.



શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉ. મા. શાળા, ગાંધીનગર
ધોરણ -10 અને 12ની વિદ્યાર્થિનીઓના વિદાય – શુભેચ્છા સમારોહનું એક દશ્ય



સર્વ વિદ્યાલય પી. ટી. સી.
ઇંગ્લિશ મીડિયમ કૉલેજ,
ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ
સાયન્સ મોડેલ સ્પર્ધામાં ભાગ
લીધેલ તેનું દશ્ય.

**Sarva Vishwavidyalaya Vṛtta :** *News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar*
Year 2, Issue No. 2 March-April, 2012
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382015



શ્રીમતી આર. એન. પટેલ પ્રાઈમરી સ્કૂલ, ગાંધીનગરના ધોરણ-7ના વિદ્યાર્થીઓ
તા. 22.03.2012ના રોજ ગુજરાત વિધાનસભાનું ચાલુ સત્ર જોવા ગયા
તે પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલ મુલાકાતનું દૃશ્ય

